कर भला होगा भला
- છગનભા

વર્ષ : 9 ◆ અંક : 3
મે-જૂન 2019
સળંગ અંક : 51

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

*When a person is spiritually intelligent, he approaches each issue mindfully, with awareness of the self and the moment and a belief in harmony and compassion. This automatically motivates him to act more positively and responsibly. When one starts seeing the other as an extension of the self, their receptivity and openness increases and they are likely to work towards the benefit of all. It is also said to bring calm and peace of mind, thereby reducing the clutter and enabling the information to get processed adequately. Also, the conditioned responses are minimised.*

*Spiritual Intelligence in organisations flows from the congruence and clarity in policies, and personal commitment and authenticity of its leaders. A new order emerges when we learn this new way of leading and managing our organisations, which is sustainable not only for the present but also for the future generations and for the survival, equilibrium and harmony on our planet. A spiritually intelligent organisation develops goals, designs structures and processes in such a way that supports the development of organic organisations.*

***Anju Sharma***

⁂

*શિક્ષણનાં ત્રણ સોપાન છે – માહિતી (information), જ્ઞાન (knowledge) અને દૃષ્ટિ (vision). આજનું શિક્ષણ કેવળ માહિતી આપે છે. જ્ઞાન ભાગ્યે જ આપે છે અને દૃષ્ટિ આપવાની વાત તો દૂર રહી, ક્યારેક દૃષ્ટિનો ભોગ લે છે ! અધ્યાત્મનું શિક્ષણ દૃષ્ટિ આપી શકે. મૂલ્યોના રક્ષણનો સવાલ, જો ઊકલી શકે તો, અધ્યાત્મશિક્ષણથી ઊકલી શકે. અધ્યાત્મને જીવનમાં ઉતારવાથી જ માનવીય મૂલ્યો ટકી શકશે. માનવધર્મની અડોઅડ આવે છે અધ્યાત્મ. કદાચ, અધ્યાત્મ એ ધર્મથી દશાંગુલ ઊંચે છે. ધર્મ (religion) નહીં, અધ્યાત્મ (spiritualism) એ નવીન યુગની માંગ છે.*

***તુલસીભાઈ પટેલ***



# પ્રિય સર્વ વિદ્યાલય સોહે !

પ્રિય સર્વ વિદ્યાલય સોહે
પ્રાણ થકી પ્રિય અમ અંતરનું
પરમ ધામ ઉર રાજે...
પ્રિય સર્વ વિદ્યાલય સોહે
લીલુડી ધરણીને હૈયે,
નીલ વ્યોમાંબરને છાંયે,
હૈયે હૈયાં જ્યાં ડોલે,

પ્રતિદિન નીરખીએ તોયે અમને
નિત્યનૂતન એ ભાસે... પ્રિય.

રસભર આંબાની ડાળે,
શીતળ સુરભિભર કુંજે,
જ્યાં પંખીડાં નિત કૂજે,

જ્યાં અરુણરંગી પરભાત તણા ને
સાન્ધ્ય રંગ નિત સોહે... પ્રિય.

જ્યાં જ્ઞાનકિરણ ફૂટે છે,
સેવાનાં સૂત્ર શિખાવે,
અમ જીવનને અજવાળે,

અમ જીવન તનમનને વિકસાવે
સ્નેહસરિતા રેલાવે... પ્રિય.

અમ બે'નબંધુને હૈયે,
વિદ્યાલય ગુંજે પ્રાણે,
અમ જીવન જીવન એ વ્યાપે,

અમ ભાઈ ભાઈ ને એક મને એ
સ્નેહસૂત્રથી બાંધે... પ્રિય.

– ઉમેદભાઈ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૯, અંક : ૩, મે-જૂન, ૨૦૧૯; સળંગ અંક : ૫૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : સ્વાધ્યાયશીલ સૂચિકાર ધીરુભાઈ ઠાકર
મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી
સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનના ઉદ્ઘાટન સમારંભના
પ્રમુખસ્થાનેથી શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસનું પ્રવચન ૧૦

૨. Preface To 'Wordsworth As A Poetic Mystic :
A Critical Study' by Amrita Paresh Patel
Mohanlal Patel ૧૨

૩. ડૉ. ધીરુભાઈ ઠાકર : શિક્ષણ અને સાહિત્યના
સવ્યસાચી સાક્ષર – વિશ્વકોશવિધાયક ચંદ્રકાન્ત શેઠ ૧૫

૪. અમેરિકન યુનિવર્સિટીઓમાં અધ્યાપકોને પ્રમોશન
આપવા માટેની પ્રક્રિયા...એક ઉદાહરણ ૧૯

૫. મૂલ્યોના રક્ષણ માટે અધ્યાત્મનું શિક્ષણ તુલસીભાઈ પટેલ ૨૨

૬. વર્તમાન સંદર્ભમાં વેદોનો રાષ્ટ્રવિચાર
પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ ૨૫

૭. કેરાલાની ગણિત અને ખગોળશાસ્ત્રની શાળા
વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૦

૮. ગ્રંથસૌરભ મણિભાઈ પ્રજાપતિ ૪૪
– Wordsworth As A Poetic Mystic :
A Critical Study / Amrita Paresh Patel.
– Corporate Monk : A Journey From
Wealth to Wisdom / by Anju Sharma.

૯. સંસ્થા સમાચાર ૪૮

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### સ્વાધ્યાયશીલ સૂચિકાર ધીરુભાઈ ઠાકર

**પ્રસ્તાવના**

આજે દિનપ્રતિદિન વાચનરસ ઘટતો જતો જોવા મળે છે તે પરિસ્થિતિમાં સૂચિપત્રના વાંચન કે સંપાદનમાં કેટલો રસ પડે તે વિચારણા માગી લે છે. હા. આપણા ઉમાશંકરભાઈને ઈડર શાળામાં અભ્યાસ દરમિયાન તેમના હેડમાસ્ટરના ટેબલ ઉપરના એન. એમ. ત્રિપાઠીના સૂચિપત્રના વાચનમાં ભારે રસ પડતો હોવાનું તેમણે નોંધ્યું છે. આ સાથે તેમણે સૂચિને દીવા તરીકે પણ નવાજી હતી. આમ છતાં દુઃખ તો એ છે કે આજે સૂચિકાર્યને સામાન્ય સંપાદન કાર્ય – પુસ્તકો / લેખોની યાદી ગણીને અવગણવામાં આવે છે. હકીકતમાં આ કાર્ય કઠોર પરિશ્રમ ભરેલું, દૃષ્ટિપૂત અને સંપાદકની નિજ પ્રતિભાનું દર્પણ હોવાની સાથેસાથે સંશોધકો / જિજ્ઞાસુઓ માટે એક અણમોલ જ્ઞાનસાધન છે. વિશ્વવિદ્યાલયના એક ગ્રંથાલયી તરીકેના અનુભવોના આધારે જણાવું છું કે વિભાગીય વડાઓ પોતપોતાના વિષયક્ષેત્રોમાં ખરીદવાનાં પુસ્તકોની યાદીઓમાં ભાગ્યે જ વાઙ્મયસૂચિઓનો સમાવેશ કરતા કે તે ખરીદવામાં રસ લેતા જોવા મળ્યા છે. આથી મોટી વિડમ્બના કઈ હોઈ શકે ? આજનાં કૉલેજ, યુનિવર્સિટી વગેરે ગ્રંથાલયોમાં વિવિધ વિષયક વાઙ્મયસૂચિઓ પ્રતિ જે ઉપેક્ષા દાખવવામાં આવી રહી છે તે ખરે જ ખેદજનક છે. આ સંદર્ભે ગુજરાતી સામયિક લેખ સૂચિ નિર્માણમાં એક મિશન તરીકે કાર્ય કરી રહેલા પ્રિ. ડૉ. કિશોર વ્યાસે વ્યક્ત કરેલ વ્યથા 'કેટલીક વિદ્યાસંસ્થાઓને આ સૂચિ [સામયિક લેખસૂચિ : ૨૦૧૧-૨૦૧૫] પ્રગટ કરવાની વિનંતી કરી જોઈ હતી પણ કોઈ ને કોઈ કારણોસર એ

શક્ય ન બન્યું. આવાં પુસ્તકોની હવે ગુજરાતમાં જરૂર છે ખરી ? એવો પ્રશ્ન તો હજુ પણ મારા મનમાં ઘૂમરાય છે. સ્પષ્ટ છે કે કોઈ સંસ્થાઓને કે કોઈ પ્રકાશકોને આવા ગંભીર અભ્યાસોમાં રસ નથી. આ કોઈ ફરિયાદ નથી પણ આપણે વેઠવી પડતી કરુણ વાસ્તવિકતા છે... આ સામયિક લેખસૂચિ કે જેની ગુજરાતભરમાં સો-સવાસો નકલ વેચાવાની પણ આશા નથી એ છપાવવી જ શા માટે ? આવા ખોટના ધંધાનો શો શોખ ?' (નિવેદન પૃ. IV). આ ઉપરાંત ગુજરાતનું વિદ્યાજગત જેમની સૂચિઓથી સવિશેષ લાભાન્વિત થયું છે તેવા સૂચિપુરુષ પ્રકાશ વેગડનું આ ક્ષેત્રે અસાધારણ પ્રદાન અને કોઈ પરિસ્થિતિવશાત્ આ કાર્યથી નિર્વેદ પેદા થતાં અપ્રકાશિત સૂચિકાર્ડસ અગ્નિદેવતાના ચરણે સ્વાહા કરી દેવાની ઘટના પણ ચિંતા અને ચિંતનનો વિષય બની રહે છે. જોકે આ સાથે અપવાદ સ્વરૂપ આ ક્ષેત્રે જાગરૂક એવાં ડૉ. તોરલબહેન પટેલ અને ડૉ. કનક જાની જેવાં કર્મઠ ગ્રંથાલયીઓ સંશોધકોની આસ્થાની જ્યોત બની રહ્યાં છે, તેની નોંધ લેવી રહી. એક સમય હતો કે સંસ્કૃત હસ્તપ્રતોના સર્વેક્ષણ અને કેટલૉગ બનાવવામાં સંસ્કૃતના દિગ્ગજ પંડિતો ભારે રસ અને ખંતથી જોડાયેલા રહેતા હતા, જેમાં ડૉ. ભાંડારકર, રાજા રાજેન્દ્રલાલ મિત્રા, હરપ્રસાદ શાસ્ત્રી, એચ. ડી. વેલણકર, કુપ્પુસ્વામી શાસ્ત્રી, વેબર, પીટર પીટરસ, ઓફ્રેટ, મણિલાલ દ્વિવેદી, સી. ડી. દલાલ, મોહનલાલ દલીચંદ દેસાઈ વગેરે અગણિત વિદ્વાનોનો સમાવેશ થાય છે. તેમનાં કેટલૉગ આજે પણ તરોતાજાં છે. આ પરંપરાના અનુસંધાનમાં ગુજરાતી સૂચિકાર્ય ક્ષેત્રે ડૉ. ધીરુભાઈ સાહેબને જોઉં છું.

### ડૉ. ધીરુભાઈ ઠાકર : પરિચય

બહુશ્રુત અને બહુઆયામી વ્યક્તિત્વથી સંપન્ન 'પદ્મભૂષણ' ડૉ. ધીરુભાઈ ઠાકરસાહેબ (૧૯૧૮-૨૦૧૪) ગુજરાતના સંસ્કારજીવનનું એક ગૌરવ શિખર હતા. તેઓશ્રી આર્ષદ્રષ્ટા સંસ્થાસર્જક હતા, જેની પ્રતીતિ મોડાસા કૉલેજ કૅમ્પસનો યુનિવર્સિટીના પરિસરને દીપાવે તેવો વિકાસ અને 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ને વિશ્વકોશની વિભાવનાને બહુઆયામી પ્રવૃત્તિઓ થકી સાકાર કરતી એક જીવંત સંસ્થા તરીકેની પ્રસ્થાપનાથી સહજમાં થાય છે. 'ગુજરાતી વિશ્વકોશ' એ ગુર્જરપ્રજા અને ગુર્જર-ભારતીય સાહિત્યને તેમણે આપેલી સંસ્કાર-સંવર્ધક મોંઘેરી મિરાત છે. તેમણે ગુજરાતી વિવેચન, સંશોધન, ચરિત્ર, નાટ્યકળા, નાટ્યલેખન, નિબંધ અનુવાદ, સંપાદન, સૂચિ વગેરે વિદ્યાક્ષેત્રોને પોતાની તપઃપૂત સાધના અને ધ્યેયનિષ્ઠાથી રળિયાત કર્યાં છે. પીએચ.ડી. ડિગ્રી હેતુ તેમણે રજૂ કરેલ શોધપ્રબંધ 'મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના' આજે પણ આંગળીના વેઢે ગણી શકાય તેટલા નોંધપાત્ર શોધપ્રબંધો પૈકીનો એક હોવાનું ગૌરવ ધરાવે છે. તેમણે એક કર્મઠ સંશોધક અને પ્રજ્ઞાવાન આચાર્ય તરીકે સમૃદ્ધ ગ્રંથાલયને પ્રાથમિક આવશ્યકતા તરીકે સ્વીકારીને મોડાસા કૉલેજના ગ્રંથાલયના વિકાસમાં અસાધારણ અંગત રસ લીધો હતો. આ સાથે જ તેમણે સંશોધન કાર્યમાં જ્ઞાનસાધન તરીકે સૂચિની બહુવિધ રીતે મહત્તા પિછાણીને 'સૂચિનિર્માણ' ને પોતાનાં અંગત રસ અને રુચિનો વિષય બનાવ્યો હતો. આપણા અધ્યાપકો / આચાર્યો અને સવિશેષતઃ ગ્રંથાલયીઓ માટે પ્રેરણાદાયી બાબત એ છે કે આપણા ઠાકરસાહેબે ગુજરાત કૉલેજમાં અધ્યાપક તરીકેની કારકિર્દી દરમિયાનથી સૂચિનિર્માણની કામગીરીની શરૂઆત કરી હતી, જે આચાર્ય તરીકેના નિવૃત્તિકાળ બાદ પણ ચાલુ રાખી હતી. આપણને તેમના દ્વારા સંપાદિત ૪ સ્વાધ્યાય અને સૂચિ ગ્રંથો મળ્યા છે.

### સ્વાધ્યાયશીલ સૂચિકાર : ડૉ. ધીરુભાઈ ઠાકર

આ સ્વાધ્યાય ક્રમ સૂચિગ્રંથો તૈયાર કરવા પાછળના મહત્ ઉદ્દેશો તથા સૂચિવિજ્ઞાનના માપદંડો નજરસમક્ષ રાખીને અહીં તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે :

**(૧) અભિનેય નાટકો : રંગસૂચિ.** દ્વિતીય આવૃત્તિ. અમદાવાદ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૦૮. પ્રથમ આવૃત્તિ : વડોદરા : ભારતીય સંગીત – નૃત્ય – નાટ્ય મહાવિદ્યાલય, મ. સ. વિશ્વવિદ્યાલય, ૧૯૫૮. ૫૨, ૧૯૧ પૃ.

વિદ્યાર્થીકાળથી જીવનપર્યંત ઠાકરસાહેબનો વિશેષ ઝુકાવ નાટ્યપ્રવૃત્તિ પ્રતિ રહ્યો હતો, જેની પ્રતીતિ તેમણે અભિનેતા, દિગ્દર્શક, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટેની નાટ્યતાલીમના સંચાલક, નાટ્યવિવેચક અને નાટ્યલેખક તરીકે આપેલા પ્રદાનથી થાય છે. આ ઉપરાંત ખાસ નોંધપાત્ર બાબત એ છે કે તેમણે નાટ્યકળા અને નાટ્યવિવેચન વિશે ૪૦થી અધિક અધ્યયનશીલ લેખો – 'નાટ્યકળા : પાંચ વ્યાખ્યાનો' (૧૯૮૫)માં સમાવિષ્ટ લેખો સહિત – આપ્યા છે કે જે આ વિષયક્ષેત્રના જિજ્ઞાસુઓ / સંશોધકો માટે આજે પણ પાથેય નીવડી રહ્યા છે. તેમની પાંગરતી નાટ્યપ્રતિભાના પ્રારંભમાં એમ. એસ. યુનિવર્સિટીના નાટ્ય – નૃત્ય – સંગીત મહાવિદ્યાલયના

આચાર્યશ્રી રમણલાલ છો. મહેતાએ 'ગુજરાતી વાઙ્મયના આવા વિષયના અણખેડાયેલા પ્રદેશની દરિદ્રતા કિંચિત ઓછી કરવા'ના ઉદ્દેશથી પ્રેરાઈને ગુજરાતી નાટ્યપ્રવૃત્તિના એક મહત્ત્વપૂર્ણ જ્ઞાનસાધન તરીકે ગુજરાતી અભિનેય નાટકોની સૂચિ તૈયાર કરી આપવા માટે વિનંતી કરતાં તેમણે આ સૂચિ તૈયાર કરી આપી હતી.

પ્રસ્તુત સૂચિ એ પરંપરાગત વાઙ્મયસૂચિઓ – સંબંધિત સ્રોતની માહિતી જેમ કે કર્તા, શીર્ષક, પ્રકાશન અને ક્વચિત્ ટિપ્પણ (annotations) પૂરી પાડતી – થી ભિન્ન તરાહની છે. અર્થાત્ આ સૂચિ એક વિષય નિષ્ણાત દ્વારા તૈયાર કરવામાં આવી છે, કે જેમાં ગુજરાતી ભાષામાં ૧૮૫૧થી ૧૯૫૬ સુધી પ્રગટ થયેલાં નાટકો પૈકી ૬૦ નાટ્યકારોનાં અભિનયક્ષમતા ધરાવતાં ૩૬૦ નાટકોની વિવિધ શાળા, કૉલેજ, યુનિવર્સિટી અને ધંધાદારી રંગમંડળોના નાટ્યકર્મીઓની રુચિ અને જરૂરિયાતોને સંતોષે તેવી માહિતી, કે જેમાં નાટકના લેખક, શીર્ષક, નાટક જો કોઈ નાટ્યસંગ્રહમાં પ્રકાશિત થયું હોય તો શીર્ષકની સામે કૌંસમાં સંબંધિત નાટ્યસંગ્રહનું નામ, પ્રકાશક, પ્રકાશન વર્ષ, પૃષ્ઠસંખ્યા અને કિંમત સંબંધી માહિતી ઉપરાંત સવિશેષતઃ પાત્રોની સંખ્યા : સ્ત્રી અને પુરુષ પાત્રોની સંખ્યા, અંક અને દશ્યોની સંખ્યા, નાટકનો પ્રકાર – ઐતિહાસિક, પૌરાણિક, સામાજિક, ચરિત્રાત્મક, પ્રહસનાત્મક, ગંભીર, હળવું, બાળનાટક વગેરે, સમય : પ્રાચીન, અર્વાચીન વગેરે, સન્નિવેશ-દશ્યનું સ્થળ, નાટકના વિષયવસ્તુનો સાર અને સંબંધિત નાટકની વિશેષ હકીકત જેમ કે તેની અભિનેયતા, ગીતમાધુર્ય, નોંધપાત્ર પ્રયોગો વગેરે કે સંવાદોની ક્લિષ્ટતા કે અસરકારકતા સંબંધી વિગતો દર્શાવવામાં આવી છે. આ વિવરણાત્મક સૂચિની સાથે જ નાટકની પસંદગીમાં અને નાટક સાહિત્યના અભ્યાસમાં ઉપયોગી નીવડે તેવી વૈવિધ્યશીલ ૮ સૂચિઓ આપવામાં આવી છે, જેમાં ૧. નાટકોની કક્કાવારી પ્રમાણે અનુક્રમણિકા, ૨. પાત્ર સંખ્યા પ્રમાણે હળવાં, ગંભીર, કરુણાંત અને પ્રસહનાત્મક નાટકોનું અંકવાર વર્ગીકરણ, ૩. વિષય અને પ્રકાર પ્રમાણે નાટકોનું અંકવાર વર્ગીકરણ, ૪. ભાષાંતર – રૂપાંતર, ૫. એક જ સેટ પર ભજવી શકાય તેવાં નાટકો, ૬. લેખકવાર નાટકોનું વર્ગીકરણ, ૭. નાટ્યસંગ્રહો, અને ૮. નાટ્યગ્રંથોની સાલવારી – નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત 'પ્રાસ્તાવિક'માં ગુજરાતી નાટ્ય અને રંગભૂમિની સર્વેક્ષણાત્મક સટિપ્પણ વિકાસગાથા વર્ણવવામાં આવી છે, જેમાં જૂનાં અને નવાં નાટકોમાં વસ્તુ અને રચનાનું વૈવિધ્ય, ગુજરાતી રંગભૂમિના વિકાસમાં પારસીઓનો ફાળો, સૌરાષ્ટ્રના બે ભાઈઓ – વાઘજી અને મૂળજીનું પ્રદાન વગેરે બાબતોની નોંધ લીધા બાદ રણછોડભાઈ ઉદયરામ, ડાહ્યાભાઈ ધોળશાજી, નૃસિંહ વિભાકર, બટુભાઈ ઉમરવાડિયા, કનૈયાલાલ મુનશી, ચં. ચી. મહેતા, યશોધર મહેતા, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોશી, ઉમાશંકર જોશી વગેરે નાટ્યકારો અને જયશંકર 'સુંદરી', બાપુભાઈ નાયક, મૂળચંદમામા જેવા અભિનય સમ્રાટો વગેરેના પ્રદાનનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. વધુમાં, તેમણે રાજ્ય / કેન્દ્ર સરકાર દ્વારા આ પ્રવૃત્તિના ઉત્તેજન માટે હાથ ધરવામાં આવેલ પગલાંની નોંધ લઈ સરાહના કરી છે. આ સાથે જ વિવિધ સામયિકોમાં દટાયેલાં નાટકોને ઉજાગર કરવાની અપીલ કરવા ઉપરાંત ગ્રંથાલયોમાં જૂનાં પુસ્તકો સાચવવા પ્રતિ કાળજીનો અભાવ અને તેમાંય નાટક સાહિત્યની નહિવત પ્રાપ્તિ, ધંધાદારી મંડળીઓ દ્વારા નાટકોના પ્રકાશન હક્કો પોતાની પાસે રાખતાં સંખ્યાબંધ અભિનેય નાટકો અપ્રકાશિત રહેવાં વગેરે સંબંધી વ્યક્ત કરેલ ચિંતા પણ ધ્યાનાર્હ બની રહે છે. સમગ્રતયા, પ્રસ્તુત સૂચિ ગુજરાતી નાટક અને રંગમંચના ક્રમિક ઇતિહાસ-લેખન / વિવેચન માટે પ્રમુખ આધારસ્રોત બની રહે છે. આમ, પ્રસ્તુત સૂચિનિર્માણના ઉદ્દેશ અને તેમાં સમાવિષ્ટ માહિતીના આધારે સ્પષ્ટ પ્રતિફલિત થાય છે કે આ સૂચિ એ એક ગ્રંથાલય વ્યવસાયિકની સૂચિ નહીં પણ નાટ્યકળાના તજજ્ઞ દ્વારા તૈયાર કરવામાં આવેલી છે, જે બહુવિધ રીતે ઉપયોગી છે.

આ સાથે જ ઉલ્લેખ કરવો રહ્યો કે પ્રસ્તુત સૂચિનો રોલ-મોડલ ગ્રંથ છે : 'The Guide to Selecting Plays for Performance' કે જેનું પ્રકાશન લંડનની સેમ્યુઅલ ફ્રેન્ચ લિમિટેડ દ્વારા કરવામાં આવે છે. આ સૂચિની અદ્યતન આવૃત્તિ ૯૪મી છે કે જે ૨૦૧૨માં પ્રકાશિત કરવામાં આવી હતી. આ સૂચિ હવે પ્રતિ ત્રણ વર્ષે સંવર્ધિત કરવામાં આવે છે, જેમાં ભજવવાક્ષમ ૨૦૦૦ નાટકોની વિસ્તૃત માહિતી નાટકોના પ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરીને આપવાની સાથે અન્ય આનુસંગિક માહિતી પણ આપવામાં આવે છે. આ સૂચિના આધારે સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને લઈ કેટલાંક પરિવર્તનો / ઉપકરણો સાથે પ્રસ્તુત તૈયાર કરવામાં આવી છે, જે ધ્યાને લેવું રહ્યું. આશા રાખીએ કે The Guide to Seleeting Plays... જેવી સૂચિઓનું સંપાદન / પ્રકાશન ઠાકરસાહેબ પ્રદત્ત સૂચિના અનુસંધાનમાં શરૂ કરવામાં આવે.

**(૨) સુદર્શન અને પ્રિયંવદા.** અમદાવાદ : લેખક; વિક્રેતા : ગૂર્જર, ૧૯૬૨. ૮, ૨૧૩ પૃ.

પંડિતયુગ – સાક્ષરીયુગનાં સાહિત્ય અને સંસ્કૃતિની દૃષ્ટિએ કેટલાંક મહત્ત્વપૂર્ણ સામયિકોમાં 'પ્રિયંવદા' (૧૮૮૫-૧૮૯૦) અને 'સુદર્શન' (૧૮૯૦-૧૮૯૮) સમાવિષ્ટ છે. આ બંને સામયિકો પંડિતયુગના સમર્થ ગદ્યસ્વામી અને અગ્રણી તત્ત્વચિંતક મણિલાલ નભુભાઈ દ્વિવેદી દ્વારા શરૂ કરવામાં આવ્યાં હતાં, તેમ જ તેના તંત્રી તરીકેની જવાબદારી પણ તેમણે જીવનની અંતિમ પળ સુધી સંભાળી હતી અને તેથી 'ગુજરાતમાં સાક્ષરી પત્રકારત્વનો આદર્શ સૌપ્રથમ સ્થાપનાર તરીકે પણ ઓળખાયા છે.' વિષયવ્યાપની દૃષ્ટિએ જોઈએ તો 'પ્રિયંવદા' પ્રાયઃ સ્ત્રીઉન્નતિ અને સ્ત્રીકેળવણીને વરેલું રહ્યું હતું. આમ છતાં આ સાથે સાહિત્ય, ધર્મ-દર્શન, શિક્ષણ, ગ્રંથવિવેચન અને લોકવાયકા અંતર્ગત સમસામયિક ઘટનાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. જ્યારે 'સુદર્શન'ના શીર્ષકની સાથે તેના કવર પૃષ્ઠ ઉપર જ 'ધર્મ – ગૃહ – રાજ્ય – સાહિત્ય – એમના સંબંધ અને સ્વરૂપનો વિચાર' નોંધવાનું ચાલુ કરીને તેના વિષયવ્યાપનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે. આમ, આ બંને સામયિકોમાં તંત્રીશ્રી તથા અન્ય સર્જકો જેમ કે આનંદશંકર ધ્રુવ, માનશંકર મહેતા, કલાપી, કાન્ત, બાળાશંકર વગેરે કૃત પ્રકાશિત થયેલી સામગ્રી ભાષા, સાહિત્ય, સમાજ, રાજકારણ, ધર્મ, દર્શન અને વિવિધ વિચારધારાઓ વગેરે તથા સવિશેષતઃ રમણભાઈ નીલકંઠ અને મણિલાલ વચ્ચે પુનર્જન્મ, પ્રાર્થના, દેશાભિમાન વગેરે સંદર્ભે ઉઠેલો વિવાદ, આત્મધર્મી પત્રકાર તરીકે મણિલાલની પ્રતિભા, કલાપી માટે શરૂ કરેલ 'કારભાર' લેખમાળા, 'પૂર્વ અને પશ્ચિમ' લેખમાળા વગેરે વિવિધ વિષયોની દૃષ્ટિએ અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પણ અતિ મૂલ્યવાન બની રહે છે. આવાં આ અણમોલ સામયિકો કે જેમાં 'પ્રજાના સાંસ્કૃતિક ઉત્થાનનો ઇતિહાસ પડેલો છે' તે આજે એકાદ-બે ગ્રંથાલયોમાં જ સચવાયેલાં જોવા મળતાં હોવાથી તે કાળગ્રસ્ત બની જાય તે પહેલાં 'સાહિત્યના અભ્યાસીઓ તેમાંની લેખસામગ્રીનો સંશોધનાર્થે શક્ય તેટલો બહોળો ઉપયોગ કરવા પ્રેરાય તે હેતુથી આ પુસ્તકની યોજના કરેલી છે.' આવો ફળદ્રુપ વિચાર અને તેને કાર્યમાં પ્રયોજવાનું કોઈ તપસ્વીને જ સ્ફુરે !

પ્રસ્તુત ગ્રંથની રચના પાછળ ઉપર દર્શાવેલ ઉદ્દેશને ધ્યાને લઈ અહીં પસંદ કરવામાં આવેલ સામગ્રીનો ફક્ત સાર ન આપતાં પ્રસંગોપાત્ત જે-તે કવિતા, લેખ લોકવાયકા, લોકવૃત્ત, ગ્રંથાવલોકન વગેરેની વિશેષતાઓ અને મર્યાદાઓ પ્રતિ યથાસંભવ અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત તત્કાલીન સમયનાં સામયિકોના પ્રકાશનની રીતિનીતિ અનુસાર સામયિકના તંત્રી સિવાય અન્ય કોઈ લેખકનું લખાણ સ્વીકારવામાં આવતું ખરું, પરંતુ તે સામગ્રીના લેખકના નામના સ્થાને ફક્ત 'મળેલું' શબ્દ નોંધવામાં આવતો હતો. આ સંદર્ભે 'સુદર્શન'ના ઑક્ટોબર ૧૮૯૪ના અંકના છેલ્લા પાન ઉપર તંત્રીશ્રીની સ્પષ્ટતાસૂચક જાહેરાત : 'મળેલું' એ મથાળાવાળા વિષયોમાંના વિચાર માટે તંત્રી જવાબદાર નથી. તે મથાળા વિનાના વિષયો ઉપર હક તંત્રીનો છે, તેથી તે કોઈએ છાપવા – છપાવવા નહિ.' આ વિધાન કયું લખાણ તંત્રીનું અને કયું અન્યનું છે તેની સાહેદી પૂરે છે. આ સ્થિતિના કારણે 'મળેલું' સામગ્રીના કર્તૃત્વનો ભારે મોટો કોયડો પેદા થયો, જેના ઉકેલ માટે ધીરુભાઈ સાહેબે પ્રત્યેક સામગ્રીનું સઘન અધ્યયન (જેની પ્રતીતિ 'અંગુલિનિર્દેશ' વિભાગની સામગ્રીના વાચનથી અનાયાસ થાય છે) કરીને જે-તેની ખાસિયતો તારવી કાઢવાની સાથેસાથે મણિલાલ દ્વિવેદી અને અન્ય સમકાલીન સર્જકોના ગ્રંથો તપાસી જોઈને જે-તે કૃતિ સંબંધિત સર્જકના કયા ગ્રંથમાં સમાવિષ્ટ છે તેની અંગુલિનિર્દેશ વિભાગ અંતર્ગત પાદટીપમાં સંદર્ભ આપીને ઘણાખરા કેસોમાં કર્તૃત્વનો પ્રશ્ન હલ કર્યો છે, જેમાં તેમનાં સંશોધકીય અભિગમ, તટસ્થતા અને ચોકસાઈનાં દર્શન થાય છે. આ સાથે જ કલાપી, કાન્ત, બાળાશંકર, બોટાદકર વગેરે કવિઓની કેટલીક કૃતિઓ અહીં પહેલવહેલી પ્રગટ થઈ છે તેની પણ કાળજીપૂર્વક નોંધ કરી છે. આ સંદર્ભે કેટલાંક ઉદા. જોઈએ : ''બ્રહ્મવિચાર બારમાસી' : લેખકનું નામ નરોત્તમ કે એવું કાંઈ હશે એમ છેલ્લી લીટીમાં કાળા બીબામાં છાપેલ નર શબ્દ પરથી અનુમાન થાય છે (પૃ. ૧૦૯), 'કર્તવ્ય' : વિચાર અને શૈલીને જોતાં કર્તૃત્વ આનંદશંકરનું લાગે છે (પૃ. ૧૩૫), 'પ્રેમમસ્ત' : આ ગઝલ કલાપીની નથી પણ તેની અસરથી કોઈ શિખાઉ કવિએ લખેલી જણાય છે (પૃ. ૧૪૨), 'રતિને પ્રાર્થના' : કવિ કાન્તનું સુપ્રસિદ્ધ કાવ્ય. પ્રથમ અહીં છપાયું' (પૃ. ૧૨૭) વગેરે.

વધુમાં, આ પુસ્તકને સાર આપતા પુસ્તક તરીકેના વર્ગમાં ન મૂકી શકાય, કારણ કે સારકરણના કેસમાં તેના સારકર્તાએ abstracting canonsને ધ્યાને લઈ મૂળ પાઠને વફાદાર રહીને તેનો સાર જ આપવાનો હોય છે અને પોતાનું ઉમેરવાનું કે કોઈ મંતવ્ય આપવાનું રહેતું નથી.

જેનાથી અહીં વિપરીત સ્થિતિ જોવા મળે છે, તેથી આ પુસ્તકની કઈ કેટેગરી ગણવી તે સ્વયં સિદ્ધ થાય છે. જોકે અહીં બંને સામયિકોના સળંગ ૧૩ વર્ષોના અંકોની અંકવાર અનુક્રમણિકા આપવામાં આવી છે. પરંતુ આ પાછળનો હેતુ જિજ્ઞાસુઓ આ સામયિકોમાં પ્રકાશિત સઘળી સામગ્રીથી માહિતગાર થઈ શકે તે રહ્યો છે. અન્યથા અહીં 'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'ની માફક સ્વાધ્યાય ઉપરાંત લેખક, વિષય વગેરે સૂચિઓ આપવામાં આવી હોત તથા શીર્ષકમાં પણ 'સૂચિ' શબ્દ પ્રયોજ્યો હોત ! વધુમાં, આ ગ્રંથના 'નિવેદન'માં પણ અનુક્રમણિકા માટે 'ક્રમિક સૂચિ' શબ્દનો પ્રયોગ કરવા સિવાય અન્ય કોઈ રીતે સૂચિ શબ્દ પ્રયોજ્યો નથી, બલકે 'આ પ્રકારનું અભ્યાસ-પુસ્તક ગુજરાતીમાં કદાચ પહેલું જ પ્રસિદ્ધ થાય છે' તેવી નોંધ કરવામાં આવી છે.

આ સાથે આ ગ્રંથની મર્યાદાનો ઉલ્લેખ કરતાં નોંધવું રહ્યું કે અહીં 'સુદર્શન'ના વર્ષ ૭ અંક ૯ (જૂન, ૧૮૯૨) તથા ઑક્ટોબર, ૧૮૯૮ના અંકથી શરૂ કરી પુસ્તક ૩૦, અંક ૧૨ સપ્ટેમ્બર ૧૯૧૫ સુધીના અંકોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. (આ અંકો ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવનના ગ્રંથાલયમાં પ્રાપ્ત છે.) આ અંકોની ભો.જે.માં પ્રાપ્તિને ધ્યાને લેતાં હસિત મહેતાનું મંતવ્ય 'ઈ.સ. ૧૯૦૪માં'ના જાન્યુઆરી પછી 'સુદર્શન'ના અંકો મળતાં નથી બેબુનિયાદ બની રહે છે. જો કે ઈ.સ. ૧૯૧૫ના સપ્ટેમ્બર પછી આ સામયિકનું પ્રકાશન ચાલુ રહ્યું હતું કે બંધ પડી ગયું હતું તે સંબંધી માહિતી જાણી શકાઈ નથી. વધુમાં, આ સંદર્ભે ખુદ ઠાકરસાહેબે પ્રસ્તુત ગ્રંથના અંતિમ પૃષ્ઠ ૨૧૩ ઉપર કરી છે કે ૧ ઑક્ટોબર, ૧૮૯૮ના રોજ તેના તંત્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું અવસાન થતાં ચારેક વર્ષ 'સુદર્શન'ની જવાબદારી આનંદશંકર ધ્રુવે અને ત્યાર બાદ કેટલાંક વર્ષ મણિલાલના નાનાભાઈ માધવલાલે સંભાળી હતી.' આ બધા અંકોનો પ્રસ્તુત 'અભ્યાસ-ગ્રંથ'માં સમાવેશ ન કરવા પાછળ બે કારણો સંભવી શકે છે : ૧. આ અંકો તત્કાલીન સમયે પ્રાપ્ય થયા ન હોય, ૨. ફક્ત મણિલાલના તંત્રીપણા હેઠળના અંકોને જ આવરી લેવાનો લેખકનો મનસૂબો. આ બે કારણો પૈકી બીજા કારણની સંભાવના બળવત્તર જણાય છે. કારણ કે : ૧. મણિલાલ દ્વિવેદી માત્ર પીએચ.ડી. ડિગ્રી હેતુ અધ્યયન – સંશોધન – નો વિષય ન બની રહેતાં તેમના આજીવન આરાધ્ય બની રહ્યા હતા, ૨. આ સામયિકોમાં પ્રગટ થયેલ સામગ્રીના વિશ્લેષણમાં તંત્રીશ્રી મણિલાલ કૃત કે તેમના વિષયક ઘણાખરા લેખોનું હાર્દ પસંદગીનાં અવતરણો ઉદ્ધૃત કરીને કાળજીપૂર્વક સમજાવવામાં આવ્યું છે, જે વલણ પ્રાયઃ અન્ય લેખો પ્રતિ ઓછું જોવા મળે છે. ૩. 'તંત્રીશ્રી દ્વારા પ્રત્યેક વર્ષના આરંભે, પત્રની નીતિ, લેખયોજના, વાચક ઇત્યાદિને લગતી, લખેલી તંત્રીનોંધો'નો વર્ષ ૧૮૮૫થી ૧૮૯૧, અને ૧૮૯૫ના વર્ષ સુધીનો અક્ષરશઃ પાઠ આપવો તથા 'આત્મધર્મી પત્રકાર' તરીકેનો વિસ્તૃત છણાવટ કરતો વિદ્વત્તાપૂર્ણ લેખ ગ્રંથારંભે આપવો અને ૪. મણિલાલ ઉપર પ્રેમપત્રો લખનાર સંભવતઃ દિવાળીબાઈ અને તેનું કર્તૃત્વ, 'પ્રિયંવદા'ની સાક્ષરી ભાષા સ્ત્રી વાચકોને ભારેખમ લાગતી હશે તે વિશે તેણીએ કાવ્યાત્મક શૈલીમાં કરેલ ફરિયાદ : ''પ્રિયંવદા તારું બોલેલું પ્રિય ઘણું મુજને લાગે, / પણ સમજાતું નહિ પૂરેપૂરું સંશય તેથી નવ ભાગે; / વિચાર તારા છે બહુ સારા પણ પૂરી અજ્ઞાની હું, / ભણીગણી તું બી.એ. એમ.એ. એ.બી.સી. હું નવ જાણું; / તું જેવીની વાતો ઠસવા નથી હજી મળીયું ટાણું;'' ....નો સંપૂર્ણ પાઠ અને આ વિશે મણિલાલે કરેલ સુચિંતનીય ખુલાસાનો અક્ષરશઃ પાઠ (પૃ. ૪૦-૪૪) આપવો વગેરે બાબતોમાં ઠાકરસાહેબનું નીરક્ષીર વિશ્લેષણ દ્રષ્ટવ્ય છે. અને તેથી જ ઠાકરસાહેબનો મણિલાલ નભુભાઈ દ્વિવેદી પ્રતિ મમત્વભાવ સ્વતઃ ઊપસી આવે છે. જેના પરિણામસ્વરૂપે ફક્ત મણિલાલ દ્વિવેદી દ્વારા સંપાદિત અંકો સુધી પોતાનો સ્વાધ્યાય સીમિત રાખવાનું મુનાસિબ માન્યું હશે.

**(3) જ્ઞાનસુધા : સ્વાધ્યાય અને સૂચિ.** ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૮૭. ૨૦, ૨૪૨ પૃ.

'અમદાવાદ પ્રાર્થનાસમાજ'ના મુખપત્ર તરીકે 'જ્ઞાનસુધા' શરૂ કરવામાં આવ્યું હતું, જેના તંત્રી / પ્રકાશકની જવાબદારી રમણભાઈ નીલકંઠને ૧૮૮૭માં સોંપવામાં આવી હતી. પ્રારંભમાં આ પત્ર સાપ્તાહિક અને ત્યારબાદ પાક્ષિક અને છેલ્લે જાન્યુઆરી, ૧૮૯૨ થી માસિક કરવામાં આવ્યું હતું, જોકે આ સામયિક ક્યારે શરૂ કરવામાં આવ્યું હતું તે સંબંધી કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત નથી, તેમ જ ૧૮૯૨ પૂર્વેના કોઈ અંકો પણ ઉપલબ્ધ નથી. આ માસિક પત્રના તંત્રી / પ્રકાશક તરીકે ૧૮૮૭થી ૧૯૧૯ સુધી રમણભાઈએ અને ૧૯૧૬માં તેના વ્યવસ્થાપનની જવાબદારી જાણીતા પ્રકાશક જીવનલાલ અમરશી એ સંભાળી હતી. આ સામયિક પ્રાયઃ અનિયમિત રીતે પ્રકાશિત થતું રહ્યું છે, જેનાં ૧૮૮૭થી કુલ ૩૨ પુસ્તકો (Volumes) પ્રકાશિત થયાં છે. આ સમય દરમિયાન ૧૯૧૮માં આ પત્રનો એક પણ અંક પ્રકાશિત થયો ન હતો.

સાહિત્ય, ધર્મ-દર્શન, સમાજ, શિક્ષણ વગેરે વિશેની તત્કાલીન સમયની સામગ્રી માટે આ સામયિક દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. 'ભદ્રંભદ્ર' સહિત રમણભાઈનું મોટા ભાગનું સાહિત્ય 'જ્ઞાનસુધા'માં પ્રગટ થયેલું છે. આ ઉપરાંત ન્હાનાલાલ, નરસિંહરાવ, બળવંતરાય, કાન્ત વગેરેની કેટલીક કૃતિઓ પણ અહીં સ્થાન પામી છે. કેટલીક ખાસ નોંધપાત્ર સામગ્રી જેમ કે ગોવર્ધનરામનો 'સમાલોચક'માં પ્રગટ થયેલ ગુજરાતી લેખનપદ્ધતિના નિયમો દર્શાવતા લેખની સામે નરસિંહરાવે કરેલ તેની કડક ટીકા ૧૮૯૬ના અંકમાં, મણિલાલ દ્વિવેદીના 'સિદ્ધાંતસાર'નું કાન્ત દ્વારા એકાધિક અંકોમાં કરવામાં આવેલ અવલોકન, આનંદશંકરે 'મુમુક્ષુ' ઉપનામથી પ્રાર્થના સમાજના મોક્ષસિદ્ધાંત વિશે લખેલ ચર્ચાપત્ર અને રમણભાઈનો પ્રત્યુત્તર, 'સુદર્શન' અને 'જ્ઞાનસુધા' વચ્ચે ચાલેલ વિવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ પ્રાર્થના સમાજના વાર્ષિકો, ઇન્ડિયન નેશનલ કોન્ફરન્સ, પ્રો. ધર્માનંદ કૌસામ્બીનો મહારાજા સયાજીરાવ સમક્ષ બુદ્ધધર્મ વિષયક આપેલાં ત્રણ વ્યાખ્યાનોનો સાર તથા મ. ગો. રાનડેનાં ધર્મવિષયક વ્યાખ્યાનોનો સાર, ગ્રંથાવલોકનો, અવસાન નોંધો વગેરે સંબંધી સામગ્રી અહીં પ્રગટ થયેલી જોવા મળે છે. સમગ્રતયા 'જ્ઞાનસુધા' એ 'તત્કાલીન ગુજરાતના પ્રજાજીવનના સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિના પ્રવાહોનું સ્વચ્છ પ્રતિબિંબ ઝીલી બતાવે છે,' તેથી તેનું અદકેરું મૂલ્ય બની રહે છે.

**(૪) સમાલોચક : સ્વાધ્યાય અને સૂચિ.** ગાંધીનગર : ગુજરાત સાહિત્ય અકાદમી, ૧૯૮૭. ૨૪, ૫૯૦ પૃ.

'સમાલોચક'નો પ્રારંભ ભગુભાઈ ફત્તેહચંદ કારભારીએ ૧૮૯૬માં ત્રૈમાસિક તરીકે કર્યો હતો. જેના વ્યવસ્થાપન અને ખર્ચની જવાબદારી પ્રકાશક 'એન. એમ. ત્રિપાઠી' એ અર્થાત્ ગોવર્ધનરામ ત્રિપાઠીના નાનાભાઈ નરહરરામ ત્રિપાઠીએ સ્વીકારી હતી. આ ત્રૈમાસિક ૧૯૧૪માં માસિક થયું, જે ૧૯૨૯ સુધી એટલે કે તેના અંતિમ પ્રકાશિત અંક (?) સુધી માસિક બની રહ્યું હતું. આ પત્રના તંત્રી તરીકેની જવાબદારી પ્રારંભમાં ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી અને મણિલાલ છબારામ ભટ્ટ દ્વારા સંયુક્ત રીતે સંભાળવામાં આવી હતી અને ત્યારબાદ વ્યક્તિગત રીતે મણિલાલ છબારામ ભટ્ટ, અને તે પછી અંબાલાલ બુલાખીરામ જાની અને ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યાએ સંયુક્ત રીતે સંભાળી હતી, તેમજ તેના તંત્રી અને પ્રકાશક તરીકેની જવાબદારી રમણીયરામ ગોવર્ધનરામ ત્રિપાઠીએ, જાન્યુઆરી, ૧૯૨૪થી સંભાળી હતી. ખાસ નોંધપાત્ર બાબત એ કે આ પત્રને ગોવર્ધનરામના સીધા આશીર્વાદ સાંપડ્યા હતા.

આ સામયિકમાં ભાષા-સાહિત્ય, ધર્મ-દર્શન, સમાજ, કેળવણી, ઇતિહાસ, રાજકારણ, અર્થકારણ, વ્યાપાર-ઉદ્યોગ, વિજ્ઞાન વગેરે વિષયક જ્ઞાન-ગંભીર સામગ્રી ઉપરાંત મહાનુભાવો વગેરેના ફોટોગ્રાફ્સ અને ચિત્રો પ્રગટ થતાં રહ્યાં હતાં. અહીં વિચારક ગોવર્ધનરામના લેખો ઉપરાંત ગોવર્ધનરામ અને દયારામ ગિડુમલ વચ્ચે 'સરસ્વતીચંદ્ર'ના અંત વિશે થયેલો પત્રવ્યવહાર, ગુજરાતી સાહિત્ય પરિષદના વિગતપ્રચૂર અહેવાલો, ઉદ્દામવાદી રાજકીય ચર્ચાઓ, વિશિષ્ટ લેખમાળાઓ પૈકી પુરુષોત્તમ વિશ્રામ માવજીની 'ઐતિહાસિક ઉપદેશમાળા', 'મરાઠા ઇતિહાસનાં છૂટાંછવાયાં પ્રકરણો' વગેરે ૪ ઐતિહાસિક લેખમાળાઓ, મ. સૂ. ત્રિપાઠીની 'લેખન તથા વાચન', રમણીયરામની 'ગુજરાતી રંગભૂમિ', ગોવર્ધનરામની 'સાક્ષરજીવન' વિશે તથા 'ધર્મશાસ્ત્રમીમાંસા', 'વિદ્યમાન ગૂર્જર ગ્રંથકારો' વગેરે લેખમાળાઓ, ગ્રંથાવલોકનો, પ્રેમાનંદનાં નાટકોનું કર્તૃત્વ, ચન્દ્રશંકર ન. પંડ્યા દ્વારા સંસ્કૃત કૃતિઓનું રસદર્શન, અવસાન નોંધો વગેરે સંબંધી મહત્ત્વપૂર્ણ સામગ્રી પ્રકાશિત થઈ છે. આ બધી સામગ્રીનું ધીરુભાઈ ઠાકરસાહેબે ૭ વિભાગો : ૧. વર્તમાન ચર્ચા, ૨. વિવાદ, ૩. વિશિષ્ટ લેખમાળાઓ, ૪. ગ્રંથાવલોકનો, ૫. સ્ત્રીવાચન વિભાગ, ૬. અવસાન નોંધો અને ૭. પ્રકીર્ણ હેઠળ વિભાજન કરીને પ્રત્યેકનું મૂલ્ય ઉજાગર કરી આપતાં નોંધેલ શબ્દો : ''સમા. [સમાલોચક]ની કારકિર્દીના ત્રણ દાયકા (૧૮૯૬-૧૯૨૬) ભારતમાં સાંસ્કૃતિક ને રાષ્ટ્રીય નવજાગૃતિનો સમય હતો. તેમાંનાં લખાણોએ સાંસ્કારિક સાંકળ રૂપે એક પેઢીને બીજી પેઢી સાથે જોડવાનું કામ કર્યું છે. સાહિત્યિક સત્ત્વની દૃષ્ટિએ કદાચ આજે એમાંની લેખસામગ્રી એટલી આકર્ષક ન લાગે, પણ ભારતીય પ્રજાના જીવન-પ્રવાહનાં વમળો, વળાંકો અને ઊથલાની પાછળ રહેલા સાંસ્કૃતિક સાતત્યને સમજવા ઇચ્છનારને માટે એ સામગ્રી અત્યંત મૂલ્યવંત છે. ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના ઇતિહાસનો સિલસિલો એમાં સચવાયેલો છે.' ધ્યાનાર્હ બની રહે છે.

**– 'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'ના અપ્રાપ્ય અંકો**

'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'ના નીચે દર્શાવ્યા મુજબના અંકો પ્રાપ્ત થઈ શક્યા ન હોવાથી તેનો સમાવેશ આ બે ગ્રંથોમાં થઈ શક્યો નથી, જે આ બંને સૂચિઓની મર્યાદા છે. : **'જ્ઞાનસુધા'** : પુસ્તક ૧થી ૫ (૧૮૮૭થી ૧૮૯૧), પુસ્તક ૬, અંક ૧૨ (ડિસેમ્બર, ૧૮૯૨) પુ. ૮, અંક ૧૧ (નવેમ્બર ૧૮૯૪); પુ. ૧૨, અંક ૧-૨ (જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૧૮૯૮); પુ. ૧૩ અંક ૭, ૧૦, ૧૧ અને ૧૨ (૧૮૯૯); પુ. ૨૧ (૧૯૦૭), અને પુ. ૨૯, અંક ૧-૩ (જાન્યુઆરી-માર્ચ ૧૯૧૫). **'સમાલોચક'** : પુસ્તક ૫, અંક ૩ (જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૦૦); પુ. ૩૦, અંક ૧થી ૧૦ (જાન્યુઆરી-ઑક્ટોબર, ૧૯૨૫); પુ. ૩૧ અંક ૧૧ (નવેમ્બર, ૧૯૨૬); પુ. ૩૨ (૧૯૨૭) – અને પુ. ૩૩, અંક નં. ૧થી ૧૦ (૧૯૨૮) નોંધ : **'સમાલોચક'** ૩૧ના અંક ૧૧ સિવાય બાકીના અંકો **ગુજરાતી સાહિત્ય પરિષદ**ના ગ્રંથાલયમાં સંગ્રહાયેલા જોવા મળ્યા છે. આ બધા સમાવિષ્ટ નહીં થયેલા અંકોની નોંધ ડૉ. ઠાકરસાહેબ દ્વારા તેમનાં 'સંપાદકીય', 'અંકવાર સૂચિ' અને 'સ્વાધ્યાય' વિભાગમાં કરવામાં આવી છે. આપણે અકાદમી પાસે અપેક્ષા રાખીએ કે આ અંકો મેળવીને તેની પુરવણી તૈયાર કરાવીને પ્રકાશિત કરે.

**–'જ્ઞાનસુધા' અને 'સમાલોચક' : વિશ્લેષણાત્મક વિવેચન**

આ સામયિકોમાં પ્રગટ થયેલ ઘણીખરી સામગ્રી જે-તે સર્જકોના ગ્રંથોમાં ગ્રંથસ્થ થઈ હોવા છતાં, કેટલીક સામગ્રી ડૉ. ઠાકરસાહેબના મતે વિષય, વિચાર, ગદ્ય, પદ્ય, ભાષા, રીતિ વગેરે અનેક બાબતોમાં અભ્યાસોપયોગી નીવડે તેવો મોટો જથ્થો અદ્યાપિ એકત્ર થયેલો નથી અને તેથી નવીન સાહિત્યરસિક પેઢી સુધી પહોંચી શક્યો નથી... રમણભાઈનું સાહિત્યિક દૃષ્ટિએ મહત્ત્વનું બીજું ઘણું લખાણ હજુ 'જ્ઞાનસુધા'માં દટાયેલું પડ્યું છે. આ સાથે ધ્યાને લેવું રહ્યું કે આજે આ સામયિકો ગણતરીનાં ગ્રંથાલયોમાં સચવાયેલાં જોવા મળે છે. અને તેની ભૌતિક સ્થિતિ જોતાં નજીકના ભવિષ્યમાં તે તેના મૂળ સ્વરૂપે જોવા મળશે કે કેમ તે ચિંતાનો પ્રશ્ન છે. આ બંને વાસ્તવિકતાઓને ધ્યાને લઈ ધીરુભાઈ ઠાકરસાહેબે આ બંને સામયિકોની 'સ્વાધ્યાય અને સૂચિ' તૈયાર કરવાનો પ્રસ્તાવ 'ગુજરાત સાહિત્ય અકાદમી'ને રજૂ કરતાં અકાદમી દ્વારા આ હેતુ તેમને ફેલોશિપ મંજૂર કરતાં આ બંને ગ્રંથો સુલભ થયા છે. ખાસ ધ્યાનપાત્ર બાબત એ છે કે ધૂળ ધોયાના ધંધા સમાન આ નવપ્રસ્થાનકારક પ્રસ્તાવ તેમણે એક પ્રતિષ્ઠિત આચાર્ય તરીકે નિવૃત્તિ મેળવ્યા બાદ રજૂ કર્યો હતો, જેમાં તેમનાં સ્વાધ્યાયનિષ્ઠા, સંશોધકોને જ્ઞાનસાધન સુલભ કરી આપવાની ઉદાત્ત ભાવના અને દૂરદેશિતાપૂર્ણ દૃષ્ટિનાં દર્શન થાય છે. તેઓશ્રી આ કાર્ય કરવા માટે અન્ય કોઈને અંગુલિનિર્દેશ કરી શક્યા હોત. પરંતુ તેમ ન કરતાં જાતે જ આ જ્ઞાનયજ્ઞ આરંભીને બંને સામયિકોનું સાદ્યંત અધ્યયન કરીને ઘણીખરી મૂલ્યવાન સામગ્રીનું વિવેચકીય અભિગમથી મૂલ્યાંકન કર્યું છે, જેની પ્રતીતિ આ ગ્રંથોના સ્વાધ્યાય થકી થાય છે. આ સાથે સ્પષ્ટતા કરવી રહી કે તેમનો હેતુ અહીં પ્રકાશિત સામગ્રીનો માત્ર સાર આપવાનો રહ્યો નથી જ. જોકે પ્રસંગોપાત્ત તેમણે ઘણા લેખો, ગ્રંથાવલોકનો વિશે સંક્ષેપમાં સૂચનાત્મક માહિતી પણ આપી છે. વધુમાં, તેમણે બંને ગ્રંથોના 'ઉપોદ્ઘાત'માં 'ગુજરાતી સામયિકો'ની મુદ્રણકળાના પ્રારંભથી ગાંધીયુગનાં 'પ્રસ્થાન' સુધીનાં સામયિકોની ઐતિહાસિક રૂપરેખા અને તેનું વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સામાજિક – સાંસ્કૃતિક દૃષ્ટિએ મૂલ્ય ઉજાગર કરી આપ્યું છે. આ ઉપરાંત આ બંને સામયિકોમાં તબક્કાવાર પ્રગટ થયેલ સામગ્રીનું સંશોધકીય અભિગમથી વિશદ્ વિશ્લેષણ કર્યું છે. વધુમાં, તેના તંત્રીશ્રીઓ, પ્રકાશન વ્યવસ્થા, પ્રકાશન અવધિ, પ્રયાસ કરવા છતાં કેટલાક અંકો પ્રાપ્ત ન થતાં આ ગ્રંથોમાં તેનો સમાવેશ ન થવો, કયા વ્યક્તિગત કે સંસ્થાના ગ્રંથાલયના આધારે આ કાર્ય પૂર્ણ કર્યું વગેરે સંબંધી સઘળી વિગતો કાળજીપૂર્વક વણી લઈને ઉજાગર કરી આપી છે.

આવા દૂરંદેશિતાપૂર્ણ 'સ્વાધ્યાય'ની સાથે બંને સામયિકોની સૂચિઓ પણ તૈયાર કરીને આપવામાં આવી છે. આ સૂચિઓના માધ્યમથી સંબંધિત સામયિકમાં કોઈ એક કર્તા કે વિષય હેઠળ કઈ સામગ્રી પ્રાપ્ય છે તેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. સૂચિવિજ્ઞાનના નિયમોના પરિપ્રેક્ષ્યમાં આ બંને સૂચિઓનું અવલોકન કરતાં કેટલીક ઊણપો દેખાઈ આવે છે. આ બંને સૂચિઓની રચનામાં એક સમાન રીતિ-નીતિ અપનાવવામાં આવી હોવાથી બંનેની સમીક્ષા એક સાથે સાંકળી લેતાં તેની વિશેષતાઓ અને મર્યાદાઓ નીચે દર્શાવ્યા મુજબ છે :

### ૧. લેખસૂચિ : અંકવાર

આ અંતર્ગત બંને સામયિકોના પ્રાપ્ત અંકોની કાલાનુક્રમિત સૂચિ અર્થાત્ પ્રત્યેક અંકની અનુક્રમણિકા જે-તે સામગ્રીના શીર્ષક અને તેની સાથે કૌંસમાં તેના લેખકના ટૂંકાક્ષરી નામ અને તેની સામે સંબંધિત પૃષ્ઠ નંબર સહિત આપવામાં આવી છે. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે આ બૃહત્કાય સૂચિ આપવાનો શો અર્થ ? સૂચિના ઉદ્દેશ મુજબ કઈ માહિતીનો સીધો જ નિર્દેશ મળે છે ? કે સૂચિની કઈ શાસ્ત્રીયતાનો અહીં વિનિયોગ છે ? આ પ્રશ્નો સાંભળતાં પ્રથમ દૃષ્ટિએ આ સૂચિ નિરર્થક ભાસે. પરંતુ સ્વસ્થતાથી વિચારતાં આ સૂચિ – કોઈ એક કાળખંડમાં ઉદ્ભવેલાં આંદોલનો – ચર્ચાઓ – પ્રતિચર્ચાઓ, કાળક્રમાનુસાર કયા કયા સર્જકોની કૃતિઓ પ્રગટ થતી રહી કે પ્રગટ થતી અટકી ગઈ અથવા કોઈ એક સર્જકનો અનુબંધ કેટલા સમય સુધી ચાલુ રહ્યો, સામયિકના વિષય વ્યાપમાં થયેલાં પરિવર્તનો કે તંત્રી બદલાતાં નીતિઓ કે સામગ્રીના સ્વરૂપમાં આવેલાં પરિવર્તનો વગેરેની દૃષ્ટિએ આ સૂચિ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને ઉપકારક બની રહે છે. આ પ્રકારની સૂચિનું વિહંગાવલોકન કરતાં સંબંધિત સામયિકના વિકાસનો આલેખ સ્વતઃ સાકાર થાય છે. અને તેથી જ કોઈ પણ સામયિકની સૂચિમાં અનુક્રમણિકાની સૂચિ અનિવાર્યપણે હોવી જ જોઈએ તેવું મંતવ્ય ધરાવું છું. આટલી કાળજીથી 'અનુક્રમણિકા' આપવા છતાં કેટલાક અંકોની વિગતો છૂટી જવા પામી છે, જેમ કે ૨૦.૪, : ૧૮૨-૧૮૪ : ટોરૂ દત્ત : એક સ્મારક (રા. દીનકરલાલ નંદલાલ દીક્ષિત); ૨૦.૧૨, પૃ. ૫૫૯-૫૭૦ : સાર્વજનિક કેળવણી અને દેશોદ્ધાર; ૨૩.૧, પૃ. ૫૩-૫૬ : ચિત્ર પરિચય વગેરે, ઉપરાંત વિવિધ અંકોમાં પ્રકાશિત 'ફોટોગ્રાફ્સ' અને ચિત્રોને ધ્યાને લેવામાં આવ્યાં નથી. આ 'અનુક્રમણિકા'માં જે તે કૃતિના સામે કૌંસમાં લેખકનું ટૂંકાક્ષરી નામ દર્શાવવામાં આવ્યું છે, પરંતુ તેની સાથે તેના વિષયનો નિર્દેશ કર્યો હોત તથા 'ગ્રંથાવલોકનો'માં સમીક્ષિત ગ્રંથના શીર્ષકની સાથે તેના કર્તા અને જરૂર જણાય ત્યાં સંબંધિત વિષયની નોંધ કરવામાં આવી હોત તો આ સૂચિ વિશેષ મૂલ્યવર્ધિત બની રહેત.

### ૨. લેખસૂચિ : વિષયવાર

આ સામયિકના અંકોમાં પ્રગટ થયેલ સામગ્રી મુખ્ય ૧૦ વિષયો : ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, ધર્મ, પ્રકીર્ણ, મૃત્યુનોંધ, રાજકારણ, વિજ્ઞાન, શિક્ષણ, સમાજ અને સાહિત્ય હેઠળ વર્ગીકૃત કરીને આ મથાળાંને વર્ણાનુક્રમમાં ગોઠવીને જે-તે વિષય સાથે સંબંધિત કૃતિના શીર્ષકને અકારાદિક્રમમાં ગોઠવવાની સાથે જ તે કૃતિ કયા પુસ્તકના કયા અંકમાં એટલે કે તેના પુસ્તક નંબર અને અંક નંબરમાં પ્રકાશિત છે તેનો સ્થાનનિર્દેશ કરવામાં આવ્યો છે. પરિણામે કોઈ એક વિષય હેઠળ કઈ કઈ કૃતિઓ 'જ્ઞાનસુધા' અને 'સમાલોચક'માં પ્રગટ થઈ છે અને તે કયા અંકમાં છે તેની માહિતી મળી રહે છે. આમ છતાં, અહીં સંબંધિત પૃષ્ઠ નંબરનો ઉલ્લેખ કર્યો ન હોવાથી ઇચ્છિત સામગ્રીની શોધ માટે સમગ્ર 'અનુક્રમણિકા' તપાસી જવી પડે છે.

વાચન સામગ્રી ફક્ત ૧૦ જ મુખ્ય વિષય મથાળાં હેઠળ વિભાજિત કરવામાં આવી હોવાથી 'પ્રકીર્ણ' અને 'સાહિત્ય' મથાળાં હેઠળ ભારણ વધી ગયું છે. 'સાહિત્ય' વિષય મથાળાને વિવિધ ભાષા-સાહિત્ય અનુસાર, જેમ કે અંગ્રેજી, ગુજરાતી, બંગાળી, મરાઠી, સંસ્કૃત વગેરેમાં સૌપ્રથમ વિભાજિત કર્યા બાદ તેનાં જે-તે સાહિત્યસ્વરૂપો – કવિતા, ટૂંકી વાર્તા, નાટક, વિવેચન વગેરે પેટા મથાળાં હેઠળ વિભાજિત કર્યાં હોત તો અપેક્ષિત માહિતીની શોધ સરળતાથી થઈ શકત, તેમ જ જે-તે સ્વરૂપ હેઠળની કૃતિઓનાં શીર્ષકોનું વિહંગમ દર્શન થઈ શકત ! જે અહીં મુશ્કેલ ભર્યું થઈ ગયું છે. આ જ રીતે 'પ્રકીર્ણ' મથાળાને પણ વિવિધ સ્વતંત્ર વિષય મથાળાં હેઠળ વિભાજિત કરવાની શક્યતા સ્પષ્ટ દેખાઈ આવે છે.

જે-તે વિષય હેઠળની કૃતિઓનાં શીર્ષકો ખાસ કરીને વ્યક્તિનામથી શરૂ થતાં શીર્ષકોમાં માનવાચક પદોને યથાવત રાખીને અકારાદિક્રમમાં ગોઠવણી કરી હોવાથી મૂળનામની શોધ માટે જે તે વિષયનાં બધાં જ શીર્ષકોમાંથી પસાર થવું પડે છે. ખાસ કરીને 'મૃત્યુનોંધ' વિષય મથાળા હેઠળનાં નામોની શોધ માટે આ સમસ્યાનો ભારે મોટો સામનો કરવો પડે છે. જેમ કે 'સમાલોચક'માં 'એક મહાન ગુજરાતીનું શોચનીય અવસાન' : ૧૯.૯ (અહીં કયા ગુજરાતી ? તે પ્રશ્નનો ઉત્તર મળતો નથી. 'સ્વાધ્યાય' વિભાગમાં દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઈના અવસાનની નોંધ છે, પરંતુ સૂચિ વિભાગમાં તેનો કોઈ જ ઉલ્લેખ નથી) વગેરે. આ જ રીતે અંકવાર અનુક્રમ તથા સ્વાધ્યાય વિભાગમાં ઉલ્લેખિત કેટલીક મૃત્યુનોંધોનો નિર્દેશ વિષય સૂચિમાં થયો નથી, ઉદા. તરીકે ૧૭.૩ : સ્વ. બહેરામજી મહેરબાનજી મલબારી વગેરેનો. આ ઉપરાંત 'નામદાર પટેલનો વર્ણાંતર લગ્નનો ખરડો' ૨૪.૪ 'રાજકારણ' અંતર્ગત મૂકવામાં આવેલ છે, પરંતુ આ ખરડો રજૂ કરનાર નામદાર પટેલ અર્થાત્ વિઠ્ઠલભાઈ પટેલનો

લેખક સૂચિમાં ઉલ્લેખ નથી. આ ઉપરાંત 'ઇન્ડિયન નેશનલ કાંગ્રેસ', 'ગુજરાતી સાહિત્ય પરિષદ' વગેરે જેવાં સંસ્થાનામોની નોંધમાં એકરૂપતાનો – authority controlનો અભાવ હોવાથી એકાધિક સ્થાનોમાં ગોઠવણી પામ્યાં છે.

ગ્રંથાવલોકનો અંતર્ગત સમીક્ષિત કૃતિના કર્તા અને શીર્ષકનો ઉલ્લેખ 'સ્વાધ્યાય' વિભાગમાં કરવામાં આવ્યો છે, પરંતુ સૂચિ વિભાગ અંતર્ગત વિષયસૂચિ કે લેખકસૂચિમાં તેનો કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત 'ગ્રંથાવલોકન' વિભાગ સિવાય ગ્રંથસમીક્ષા વિષયક કેટલીક કૃતિઓના સમીક્ષા લેખો સ્વતંત્ર રીતે પ્રગટ કરવામાં આવ્યા છે, પરંતુ આ ગ્રંથોનાં શીર્ષકો અને લેખકોનાં નામોનો સંબંધિત સૂચિઓમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.

વર્તમાન ચર્ચા, વર્તમાનતરંગ, પ્રાસંગિક વિચાર અને વિચારનોંધ હેઠળની સામગ્રી અંતર્ગત વિવિધ વિષયોના નિર્દેશ પ્રતિ મૌન સેવવામાં આવ્યું છે.

### ૩. લેખકસૂચિ

આ સૂચિનો ઉદ્દેશ કોઈ એક કર્તાની કઈ કઈ કૃતિઓ કયા પુસ્તક નંબર અને અંકમાં પ્રકાશિત થઈ છે તેનો નિર્દેશ કરવાનો રહ્યો છે. આ હેતુ કર્તાઓનાં નામને નોંધતત્ત્વના વર્ણાનુક્રમિત ક્રમમાં ગોઠવીને તેની સામે સામયિકના પુસ્તકનો નંબર અને અંક નંબર નોંધવામાં આવ્યો છે, પરંતુ આ સાથે સંબંધિત પૃષ્ઠ નંબર નોંધવામાં આવેલ ન હોવાથી ઇચ્છિત માહિતીની શોધ માટે અને ખાસ કરીને જે કર્તાઓની કૃતિઓની સંખ્યા પ્રમાણમાં વધુ છે તેવા કર્તાઓની કૃતિની શોધ માટે વાચકનો ઘણો સમય અને શ્રમ વેડફાય છે. આ સૂચિની આ એક મોટી મર્યાદા છે.

સંપાદકશ્રીએ સહાયક સ્રોતોના આધારે લેખકોનાં તખલ્લુસ / ઉપનામો કાળજીથી શોધીને કૌંસમાં મૂક્યાં છે, જ્યાં મૂળનામ પ્રાપ્ત થઈ શક્યાં નથી ત્યાં તખલ્લુસના નામે નોંધ કરવામાં આવી છે. આ સંબંધી સંપાદકશ્રીની શોધયાત્રા ધ્યાનાર્હ બની રહે છે. વધુમાં આ સામયિકોમાં પ્રયોજવામાં આવેલ તખલ્લુસોની વર્ણાનુક્રમિત યાદી કૌંસમાં લેખકના મૂળ નામ સાથે સ્વતંત્ર રીતે આપવામાં આવી છે. જોકે તખલ્લુસોની સ્વતંત્ર સૂચિ આપવાના સ્થાને લેખકસૂચિમાં જ મૂળનામ અને તખલ્લુસ નામો આડસંદર્ભોથી જોડવામાં આવ્યાં હોત તો તે વધુ ઉપયોગી બની રહેત.

### સમાપન

સમગ્રતયા, એટલું સ્વયં સ્પષ્ટ છે કે આ બધા કોરા સૂચિગ્રંથો નથી, પરંતુ સ્વાધ્યાયશીલ આચાર્યની કઠોર સાધનાના ફળસ્વરૂપે નિષ્પન્ન થયેલ સ્વાધ્યાયનો અર્ક છે, કે જે સંશોધકોને સંતૃપ્ત કરવા ઉપરાંત મૂળ સામગ્રી તપાસી જવા ઉદ્યત કરે છે. આ સાથે એ ધ્યાને રહેવું જોઈએ કે આ સૂચિઓ એક સહાયક જ્ઞાનસાધન તરીકે તેના વિષય નિષ્ણાત દ્વારા તૈયાર કરવામાં આવી છે, નહીં કે ગ્રંથાલય વ્યવસાયિક દ્વારા. અને તેથી સ્વાભાવિક રીતે તેની રચનામાં કેટલીક શાસ્ત્રીયતા જળવાઈ શકી નથી. આમછતાં, તેનાં મૂલ્ય અને ઉપયોગિતા બરકરાર બની રહે છે. આપણા સૂચિપુરુષ પ્રકાશ વેગડે 'સમાલોચક'ની સૂચિનું અવલોકન કરતાં કાઢેલ તારણ 'એની બધી સૂચિઓ અને વસ્તુનિર્દેશોમાં રચનાની ગંભીર ખામીઓ છે, વળી, એમાં વિવિધ પ્રકારની અસંગતિઓ, દૂર્બોધતાઓ અને અપૂર્ણતાઓ પ્રવર્તે છે'ની અવગણના કરી શકાય તેમ નથી. આ જ વાત 'જ્ઞાનસુધા'ને પણ તેટલી જ લાગુ પડે છે. આ સૂચિઓની આ બધી મર્યાદાઓની વચ્ચે પણ ૧૯-૨૦મી સદીના પ્રાયઃ સાડાચાર દસકાના સંધિકાળ (૧૮૮૫થી ૧૯૨૮)ની ઐતિહાસિક – સાંસ્કૃતિક દૃષ્ટિએ ખૂબ જ મૂલ્યવાન સામગ્રીને સ્વાધ્યાય સંદર્ભો સહિત ઉજાગર કરી આપવાનો આ પ્રયાસ આવકાર્ય અને અનુકરણીય બની રહે છે અને તેથી જ આવી સૂચિઓની ઉપયોગિતાને ધ્યાને લેતાં આજે જરૂર છે ગુજરાત સરકાર દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્યના સ્વાયત્ત ગ્રંથાલયના સ્થાપનાની કે જેના માધ્યમથી ગુજરાતી ભાષામાં પ્રગટ થયેલ સઘળું સાહિત્ય સંગૃહીત કરવામાં આવે તેમ જ બહુવિધ રીતે ઉપયોગી એવી શાસ્ત્રીય સૂચિઓનું નિરંતર નિર્માણ કરવામાં આવે. આ ઉપરાંત આ સાથે 'રાષ્ટ્રીય હસ્તપ્રત મિશન' દ્વારા હસ્તપ્રતોના સર્વેક્ષણ અર્થે હાથ ધરેલ કામગીરીની માફક ઓગણીસમી સદીમાં પ્રકાશિત ગુજરાતી પુસ્તકો, સામયિકો ઇત્યાદિની શોધ માટે એક સઘન સર્વેક્ષણ હાથ ધરી આ સામગ્રી કાળનો કોળિયો બની જાય તે પૂર્વે જરૂર છે તેની ભાળ મેળવી તેના ડિજિટલાઇઝેશનની. અસ્તુ !

**મણિભાઈ પ્રજાપતિ**

(સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. 10-11 મે, 2019 દરમિયાન આયોજિત **'ધીરુભાઈ ઠાકર જન્મશતાબ્દી સંગોષ્ઠી'**માં રજૂ કરેલ વક્તવ્ય.)

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ : ઇતિહાસની અટારીએથી

# સાયન્સ કૉલેજ હોસ્ટેલના મકાનના ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખસ્થાનેથી શ્રી જયકૃષ્ણભાઈ હરિવલ્લભદાસનું પ્રવચન

આજે જ્યારે એક મહાન સંસ્થાના પટાંગણમાં, આપણે સૌ એકત્ર થયા છીએ ત્યારે, મને એ વિચાર આવે છે કે, કેટકેટલી વ્યક્તિઓના પુરુષાર્થ, પરિશ્રમ અને ચિંતન આની પાછળ રહેલાં છે. ઉદાત્ત કાર્યો કેટલીક વખત કુદરતી પ્રેરણાથી થતાં હોય છે, અને આ સંસ્થાના ઇતિહાસ ઉપરથી, મને પણ એમ લાગે છે કે, શ્રી છગનભાને પણ આવી પ્રેરણા જ પ્રાપ્ત થઈ હશે, નહીંતર, આટલી જહેમત અને આવો સખત પરિશ્રમ કોણ કરી શકે ? આજે તો સર્વ વિદ્યાલય કેળવણીની એક મહાન અને આદર્શ સંસ્થા તરીકે, નામના પ્રાપ્ત કરી ચૂકી છે, પરંતુ આ સંસ્થાના વિકાસનો એક અનોખો ઇતિહાસ જણાય છે, જે આપણને અનેક મુશ્કેલીઓની સામે ઝઝૂમનાર માનવીની યાદ આપે છે, અને શ્રદ્ધાપૂર્વક ખાતરી કરાવે છે કે, ધ્યેયનિષ્ઠ માનવી અંતે સફળતાને વરે છે.

વિદ્યાનો પ્રસાર કરનારી આ સંસ્થાના ઉત્કર્ષ અને ભાવિ વિકાસના એક અગત્યના પ્રસ્થાન નિમિત્તે આપણે સૌ જ્યારે અત્રે એકત્ર થયા છીએ ત્યારે, સહજ એ પ્રશ્ન થાય છે કે સાચી વિદ્યા શી ?

આ પ્રશ્નના અનેક જવાબો હોઈ શકે, અને પ્રત્યેક વ્યક્તિ પોતપોતાના દૃષ્ટિબિંદુથી આ પ્રશ્નને વિચારશે. એક વ્યવહારુ માનવી તરીકે મને લાગે છે કે, વિદ્યા એટલે એવી વસ્તુ જે માનવીને, તેના જીવન વ્યવહારમાં ઉપયોગી થાય અને તેની પ્રતિભાનો વિકાસ કરે. વળી વિદ્યાની સહાયથી, તે સમાજ અને સંસ્કૃતિના વિકાસમાં પોતાનો ફાળો આપી શકે તેવી યોગ્યતા પ્રાપ્ત કરે.

જ્યારે આ ખ્યાલથી વર્તમાન કેળવણીને હું વિચારું છું ત્યારે મને ઘણી વખત એમ લાગે છે કે, શું આપણી વર્તમાન કેળવણી વિદ્યાર્થીને આ માટે તૈયાર કરે છે ખરી ? અને કદાચ વિદ્યાર્થીને યોગ્ય જ્ઞાન અને તાલીમ મળતાં હોય તો, સમાજમાં તેની સમક્ષ એવા સંજોગો છે કે જે તેને આ દિશામાં સહાયભૂત થઈ પડે ?

મારી દૃષ્ટિએ તો આ બંને બાબતોમાં આજનો વિદ્યાર્થી કમનસીબ પરિસ્થિતિમાં મુકાયેલો જણાય છે. આજે કેળવણીની અનેકવિધ શાખાઓ છે. જગતમાં આ પ્રત્યેક શાખામાં ખૂબ પ્રગતિ થઈ રહી છે, છતાં ભારતનો સામાન્ય વિદ્યાર્થી સ્નાતક કક્ષા સુધી પણ માત્ર અધકચરું, ઉપરછલ્લું અને આછુંપાતળું જ્ઞાન જ પ્રાપ્ત કરે છે, જે તેને વ્યવહારમાં જવલ્લે જ ઉપયોગી પુરવાર થાય છે. બીજી તરફ હજારોની સંખ્યામાં બહાર પડતા સ્નાતકોને સમાવવા, કામ આપવા, આપણી પાસે પૂરતી તૈયારી નથી. ઔદ્યોગિક વિકાસની ઝડપી પ્રક્રિયા આજે દેશમાં ચાલી રહી છે, અને અનેક નવી શક્યતાઓ ઊભી થઈ રહી છે, છતાં શિક્ષિત યુવાનોની બેકારીનો પ્રશ્ન, આપણા સૌના માટે પ્રતિદિન વધુ ને વધુ મૂઝવનારો બની રહે છે.

આ યુવાનોમાં ઉત્સાહ છે, કામ કરવાની વૃત્તિ છે, થોડુંક જ્ઞાન પણ છે, પરંતુ તેમની સમક્ષ જીવનનો કોઈ સ્પષ્ટ માર્ગ નથી. અને કદાચ હોય તોપણ, તેઓ ચોક્કસપણે તે માર્ગે જઈ શકશે તેવી ખાતરી નથી. પરિણામે, નિરાશાવાદી માનસ જોર પકડતું જાય છે, અને આખરે આ નિરાશા અને હતાશા કોઈ રચનાત્મક માર્ગે ન વળતાં, ખંડનાત્મક પ્રવૃત્તિઓ તરફ વળે છે. આજે આપણા દેશમાં અને દુનિયાના અન્ય કેટલાક ભાગોમાં, વિદ્યાર્થીઓમાં અજંપાની જે પરિસ્થિતિ છે તેને માટે આ કારણોને જવાબદાર ગણાવી શકીએ. અલબત્ત, આને માટે આપણા સૌની પણ જવાબદારી તો છે જ કે, આપણે તેમને સાચું દિશાસૂચન કરવામાં કે યોગ્ય તકો, માર્ગદર્શન અને નેતાગીરી પૂરી પાડવામાં નિષ્ફળ નીવડ્યા છીએ.

આજે તો ઊગતા યુવાનને પ્રેરણા મળે, આદર્શ ધ્યેય પ્રાપ્ત થાય તેવું વાતાવરણ પણ ક્યાં છે ? ચારે તરફ ભ્રષ્ટાચારનું વાતાવરણ જણાય છે. જેમની તરફ ઊગતો યુવાન નજર નાખે, તેવી વ્યક્તિઓ તેને સર્વ પ્રકારનાં અનિષ્ટોથી પૂર્ણ જણાય છે. રાષ્ટ્રને સ્વચ્છ અને નિસ્વાર્થ નેતાગીરી આપનાર રાષ્ટ્રીય સેવકો, આજે જવલ્લે જ જણાય છે, અને ચારે તરફ સત્તાની ખેંચતાણ ચાલે છે. સદ્‌ભાગ્યે આપણું રાજ્ય અત્યાર સુધી આવા કમનસીબ સંજોગોથી બચી ગયું છે. દેશ અને પરદેશમાં આપણું રાજ્ય તેના સારા વહીવટ અને સ્થિરતા માટે વખણાય છે. આપણા રાજ્યે છેલ્લા દશ વર્ષમાં નોંધપાત્ર અને સંગીન પ્રગતિ પણ કરી છે તે સ્થિર સરકાર અને સારા વહીવટને જ આભારી છે. રાજકીય સ્થિરતા અને સારો વહીવટ પ્રજાના હિતમાં જ છે, અને રાજ્યની પ્રગતિ તેના પર નિર્ભર છે. દેશના અન્ય ભાગોમાં અરાજકતા અને અંધાધૂધી ચાલે છે, તેવી પરિસ્થિતિ ગુજરાતમાં પણ ઊભી થાય તેવા વ્યવસ્થિત પ્રયાસો ચાલી રહ્યા છે. સર્વ પ્રકારનાં નીતિનાં ધોરણો છોડીને, રાજકારણને તેની સૌથી અધમ કક્ષાએ લઈ જવાના પ્રયત્નો થઈ ચૂક્યા છે. આ બધું આપણને ક્યાં લઈ જશે ?

આવનારી પેઢીના ગૃહસ્થો પર આ બધાની શી છાપ પડશે ? આપણે કેવી રીતે તેમને પ્રામાણિક, આદર્શ અને નીતિમાન બનવાને સમજાવી શકીશું ?

આપણે લોકશાહી સમાજનું સર્જન કરવું હશે તો, તેને યોગ્ય, ગૌરવશીલ અને નિષ્ઠાવાન નાગરિકો પણ ઉત્પન્ન કરવા પડશે, અને આવા નાગરિકો વિદ્યાર્થીઓની વર્તમાન પેઢીમાંથી જ બહાર આવવાના છે. તો આવતી કાલના આ નાગરિકો આજથી જ ધ્યેયનિષ્ઠ બને, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજોથી સભાન અને જાગ્રત બને, અને લોકશાહીની રક્ષા કાજે હંમેશાં જાગ્રત રહે તેવું જ્ઞાન અને શિક્ષણ તેમને મળવું જોઈએ, અને તે માટેનું યોગ્ય વાતાવરણ પણ સર્જવું જોઈએ.

આ તબક્કે મને એક બીજો પણ વિચાર આવે છે. શા માટે મોટા ભાગના યુવાનો જેને આપણે White collared jobs કહીએ છીએ તેની પાછળ દોડે છે, અને પરિણામે બે-બે વર્ષની બેકારીની અવસ્થા ભોગવે છે ? હરિયાળી ક્રાંતિની શરૂઆત પછી આજે તો ખેતી પણ એક આકર્ષક વ્યવસાય બન્યો છે અને હું તો ઇચ્છું કે સ્નાતક યુવાન ખેતીમાં શા માટે સ્વતંત્ર રીતે પોતાના ભાવિનું સ્વપ્ન સિદ્ધ ન કરી શકે ? તે જ પ્રમાણે, ટેક્નિકલ જ્ઞાન સંપાદન કરનાર યુવાન પણ શા માટે પોતાનો જ આગવો ગૃહ-ઉદ્યોગ કે લઘુ-ઉદ્યોગ શરૂ ન કરે ? આપણી સરકારે આ દિશામાં સહાય કરવાની શરૂઆત કરી છે, અને અનેક યુવાનો આનો લાભ લઈ રહ્યા છે. આ એક ખૂબ જ આવકારદાયક વસ્તુ છે, જે કદાચ નવી આવતી કાલનું સર્જન કરશે.

આ સંસ્થાએ ગુજરાતને, અને રાષ્ટ્રને અનેક ઉપયોગી શિક્ષિત નાગરિકો આપ્યા છે, જેઓ આજે વિવિધ ક્ષેત્રોમાં પોતાનો યત્કિંચિત ફાળો આપી રહ્યા છે. હું ભૂલતો ન હોઉં તો કદાચ, આ જ સંસ્થામાં ત્રીજી પેઢીનાં બાળકો, આજે કેળવણી પ્રાપ્ત કરી રહ્યાં છે. ખરેખર આ એક ગૌરવ અને પરમ સંતોષની બાબત છે.

આપ સર્વેએ આ શુભ પ્રસંગે મને આમંત્રી, સર્વેને મળવાની અને સંસ્થાની પ્રવૃત્તિઓ નિહાળવાની જે તક આપી છે, તે બદલ સંસ્થાના સર્વ સંચાલકોનો હું આભારી છું અને સંસ્થા વધુ ને વધુ પ્રગતિ કરે, અને આદર્શ નાગરિકો તૈયાર કરે તેવી હૃદયપૂર્વકની શુભેચ્છા વ્યક્ત કરું છું.

**(સૌજન્ય : સુવર્ણજયંતી : સર્વ વિદ્યાલય કેળવણી મંડળની સુવર્ણ જયંતી નિમિત્તે પ્રગટ થતું સાપ્તાહિક વર્ષ ૧, અંક ૩૨, તા. ૭-૫-૧૯૭૦)**


**શ્રી રમેશ સંઘવી, સ્વજન જીવન કેન્દ્ર, કતીરા-ઇ, મુન્દ્રા રિલોકેશન, ભુજ-370 001**

ફોન : 02832-230143 મોબાઇલ : 94087 23970

આદરણીય સુહૃદશ્રી

'શાશ્વત ગાંધી' પત્રિકા ઑક્ટોબર-2011થી શરૂ કરી અને અત્યાર સુધી તેના 62 અંકોની યાત્રા સંપન્ન થઈ. આ પત્રિકાનો એકમાત્ર હેતુ મહાત્મા ગાંધીના અદ્‌ભુત – અનુભૂત જીવન, ચિંતન અને કાર્યને ઉજાગર કરવાનો તેમજ સંપ્રેષિત કરવાનો છે. 'શાશ્વત ગાંધી'ની આ યાત્રાનું પશ્ચાતવતી દર્શન કરતાં, સિંહાવલોકન કરતાં – તેના પાછલા અંકોના મનપ્રાણને ભરી દેતા કેટલાક લેખો – સામગ્રીમાંથી પસાર થતાં હૃદય ભરાઈ આવતું અને મનમાં થતું આ લેખો પુસ્તક રૂપે પ્રગટ કરી શકાય તો કેવું સારું ! આ અમૂલ્ય નિધિ અને વારસો છે – તે સચવાવો જોઈએ, જિવાવો જોઈએ અને એ ભાવમાંથી પ્રથમ તબક્કે આ પાંચ પુસ્તકો પ્રગટ કરવાનો વિચાર જાગ્યો, જેની આગોતરા ગ્રાહક નોંધણીની યોજના આ સાથે છે.

આપ જેટલા સંપુટ મગાવવા – મેળવવા ઇચ્છતા હો તેની વિગત પ્રકાશક (મીડિયા પબ્લિકેશન – જૂનાગઢ)ને જ મોકલવા વિનંતી. છતાં આપ ઇચ્છો તો ભુજથી પણ મગાવી શકશો. આ સંપુટ રૂબરૂ રૂ. 350/-માં અને ટપાલથી રૂ. 400/-માં આપી શકાશે. તે માટેની રકમ જૂનાગઢ-મીડિયા પબ્લિકેશન અથવા ભુજ – અક્ષરભારતી પ્રકાશનને નામે તા. 15 ઑગસ્ટ સુધીમાં મોકલી શકાશે. બંનેની બૅંક વિગત આ પ્રમાણે છે :

**અક્ષરભારતી પ્રકાશન – ભુજ**
સ્વજન જીવન કેન્દ્ર, કતીરા-ઈ, તોરલ ગાર્ડન પછી,
મુન્દ્રા રિલોકેશન, ભુજ-370001
બૅંક ઑફ બરોડા :
ખાતા નં. 25450200000185
IFC : BARBABHUKUT

**મીડિયા પબ્લિકેશન – જૂનાગઢ**
103, મંગલમૂર્તિ કાળવા ચોક, જૂનાગઢ-362001.
ફોન : 0285-2650505, 9824480643
આઈડીબીઆઈ બૅંક :
ખાતા નં. 219 102 00000 1427
IFSC : IBKL 0000219

**ખાસ નોંધ : આપશ્રીએ જમા કરાવેલ પૈસા અંગેની જાણ અવશ્ય કરવી.**

# Preface To 'Wordsworth As A Poetic Mystic : A Critical Study' by Amrita Paresh Patel

Mohanlal Patel

Generally Wordsworth is acquainted with our readers as an eminent poet of lyrical ballads, odes and sonnets. All touchingly simple, but overflowing with powerful emotions. Regarding simplicity in his style, he, in his preface to *Lyrical Ballads* ( a joint endeavour with Coleridge) has said 'The principal object then proposed in these poems was to choose incidents and situations from common life, and to relate or describe them throughout, as far as was possible in a selection of language really used by them…'

With regards to poetic diction Wordsworth has said, 'There neither is nor be essential difference between the language of prose and metrical composition'. It is well said that in this very simplicity lies Wordsworth's distinction.

He has strictly maintained his belief of simplicity in his poems of lyrical ballads, odes and sonnets, but in composition of poems with mystical experiences his belief of simplicity goes out of his control. It becomes nearly impossible for him to describe his mystical experience in the language of daily usage. This can well be judged from his following lines:

'…..I have learned
To look on nature, not in as the hour of
Thoughtless youth; but hearing often times
The still sad music of humanity
Not harsh, no grunting though of ample power
To chasten and subdue. And I have felt
A presence that disturbs me with the joy
Of elevated thoughts, a sense sublime
Of something far more deeply interfused
Whose dwelling is the light of setting suns
And the round ocean and the living air
And the blue sky, and in the mind of man;
A motion and a spirit that impels
All thinking things, all objects of all thought
And rolls through all things'

Keeping the above lines in mind one can say that while writing about mystical experiences there is no go for simplicity for Wordsworth. His simple style is naturally converted into difficult one.

It is well said about Wordsworth that many times he had a vision of reality that was unique and extraordinary. Even as he saw or came into contact with an ordinary object, his imagination and intuitive power helped him to bridge the gulf between the ordinary and extraordinary phenomena of the world. Accordingly a simple thing was turned into a difficult one. Through this study , Amrita tries to reveal how Wordsworth's love for Nature leads him to have elevating mystical experiences of serious import.

As it is necessary to know Wordsworth a poet dealing with mystical experiences, the reader must be in know of the concept of mysticism. Keeping this in view, Amrita has left no stone unturned to make the said concept very clear. Beginning with the denotation of the said concept with a word in Greek mythology, and then mentioning about some rites and rituals to be performed by mystics laden with certain 'Do's ' and 'Don'ts ', Amrita, taking some views of certain thinkers and critics has come to some connotations of the present day. In other words we can say that Amrita has provided key to mysticism for readers and has made Wordsworth easy to understand.

Referring to the reason how Wordsworth becomes difficult poet, Amrita quotes Caroline with these words: 'Mysticism is the most salient feature of Wordsworth's poetry, for he was one who saw, whose inward eye was focused to visions scarce dreamt by men. It is because of the strangeness and unfamiliarity of his vision that he is a difficult poet to understand…'

Referring to comparison between Wordsworth and Browning as difficult poets

Caroline Spurgeon says,' People talk of the difficulty of Browning, but he is easy reading compared with a great deal of Wordsworth…'

I am afraid to say that Caroline Spurgeon is not thoroughly right in her belief regarding Browning's style. The following lines of Browning's poem in which he has paid tribute to John Keats will go against Caroline's belief

Hobbs hints blue
Nobbs prints blue
Both gorge
What porridge had John Keats?

Sometimes Browning is so much obscure that it becomes very difficult to follow him. The above lines are as such. In these lines there is a complex analogy among fishermen, the producers of Murex (a kind if colour of very high value yielding purple dye), traders, who grab great profit due to low-price deal with fishermen, poetry-pirates, who earn much material gain through imitation of Keats's poetry and John Keats who is deprived of gain of real right.

Here it is needless to say that Keats's poetry is compared with murex colour.

In this study Amrita states her objective thus: "The chief interest here lies in looking at mysticism as a form of experience and as a type of consciousness and not in any kind of theory given by any practical thinker". Moreover she says, "This study of mystical experience in Wordsworth's poetry is of necessity, highly selective, I have tried to select, analyze and study well-known passages from Wordsworth's long and short poems which have been known for the treatment of mystical experience in them. I have also included a consideration of lines which reveal mystical glimpses on the part of the poet."

Amrita has tabulated these experiences into three categories viz (1) Pure mystical experiences (2) Semi mystical experiences and (3) Mystical glimpses. All the categories comprise of age group of children, adolescence and adulthood. They are selected from *Tintern Abbey, The Prelude, The Excursion, The Recluse*, lyrical ballads, odes and sonnets.

According to Amrita's belief, the character like 'The Wanderer' serves as suitable personae for articulating the poet's own state of mind and consciousness.

Amrita has drawn some modes of pure mystical experiences of Wordsworth from some passages of his major poems. Some of them are a feeling of transcendence from ordinary life, loss of bodily awareness of existence when something was revealed in mind, experience that helps to find a kind of unity even in things ordinarily opposed or incompatible in the world. Ordinarily these experiences are not easy to communicate in ordinary language. Wordsworth himself says about his condition in these words: 'I only remember that it was a thing divine. All that took place within me came and went as in a moment'.

According to Amrita *Tintern Abbey* lines reveal almost all the major features of a mystical experience like transcended experience of joy and harmony, timelessness and communion with the Universal Spirit. Describing the plight of semi-mystical experience Amrita has said, "To speak of a semi-mystical experience in detail we might say that during the moments of such an experience, a mystic would transcend the limitations of sense and perceive something that lies beyond the ken of human intelligence or mind, but soon after that he would return to reality and speak of that which he experienced for a few moments. Such an experience might be described as a borderland experience."

In this book three episodes from *The Prelude* are selected to make the concept of semi-mystical experience clear. They are wood-cock capturing, plundering of raven nest and stealing of boat.

At the first instance as the boy does not lose the awareness of his physical existence, the semi-ness of the mystical experience is clear. The modes of the experiences subsequently followed are very unusual in man's life. Therefore, these modes become features of mysticism. During the episode of wood-cock capturing the boy feels somebody chasing him silently among the solitary hills-low breathing following him-and sounds of undistinguishable motion steps pursuing him. In the episode of plundering the raven nest the boy hears voice in the midst of nature. Everything around him is changed, he hears a voice from the loud dry

wind, the sky appears unusual and the motion of the clouds becomes uneven. In the boat-stealing episode the boy saw the mountains. A huge cliff up reared its head. It rose up high to reach among the stars, and like a living thing chased him…

As the boy did not forget his physical existence, he had to undergo many painful modes of mind after the semi-mystical experiences.

With regards this state of mind after semi-mystic experience, Wordsworth himself says, "After I had seen that spectacle, for many days my brain worked with a dim and undermind sense of unknown modes of being in my thoughts there was a darkness, call it solitude or blank desertion, no familiar shapes of heavenly objects, images of trees, of sea or sky, no colours of green trees; but huge and mighty forms that do not live like living men moved slowly through my mind by day and were the trouble of my dreams."

Though painful plight of mind, these semi-mystical experiences have yielded to joy, calmness and many other pleasant modes of mind. The well known lyrical poem, *To the Cuckoo* is one of the best poems having semi-mystical experience of Wordsworth. At the time while Wordsworth was lying restlessly on the grass, he heard the voice (cry) of some cuckoo. The bird was unseen. Only the cry of it brought for the poet the remembrances of hours of his childhood during which he had experienced extra-ordinary joy, calm and transcendence. According to Wordsworth the bird brought him 'a tale of visionary hours.' Only a moment's event had converted the poet's restlessness into the effect of powerful joy and calm. The poem *To my sister* has inspired Wordsworth to say, 'One moment now may give us more than years of toiling reason.'

Here hardly it becomes necessary to say that during these semi-mystical experiences the physical existence of the persons concerned was not forgotten.

In chapter 4, Amrita has tried to explain the flashes of mystical glimpses with great care. Here the experiences are simply glimpses of the ultimate truth which Wordsworth calls them as 'a presence'. During such an experience for a moment or two a person gets a vision of something higher and more sublime than what one feels or sees in day-to-day life and is made aware of the working of a higher power or 'presence' in the universe. Wordsworth believed that when he grew and recollected those moments, that recollection itself provided strength to his mind and imagination. And they also helped him together faith in the greatness of the human spirit.

Sometimes a borderline experience in childhood transcends and captures the imagination of adulthood and becomes the cause of experience in mystical glimpses.

We can see these glimpses experienced by Wordsworth at the time of repeated visit to Tintern Abbey. The place always gave him an experience of quietness, peace and seclusion. The natural surrounding gave an opportunity to perceive a unity in different elements of nature. He saw a harmony between the earth and the sky. Opposites are thus reconciled.

Glimpses of mystical experience in Wordsworth's personal life become an important phase of poetry. This phase becomes important and much effective because it is the product of Wordsworth's personal feeling. This phase becomes loud in his short lyrical poems. They are appreciated as best emotional poems.

*Lucy poems, I wondered lonely as a cloud ,Night Place ,Ode on Westminster Bridge, The Solitary Reaper, Ode on intimations of immortality* are wonderful poems of experiences of mystical glimpses.

With all her scholarship in English literature Amrita Paresh Patel is known as an eminent educationist. She has bent towards philosophy and spirituality . In preparing this book she has rendered great service to both the fields of literature, philosophy and mysticism. This book contributes to motivate the young research scholars for in depth study in these areas of scholarship. While reading this valuable script with gratitude, I was becoming sure of the fact that 'Leader is not Lost' in the vast realm of English literature.

**Mohanlal Patel**
21/501, Satyagrah, Near Bhavanirjar,
Satellite Road, Ahmadabad - 380015
Mo. 9904480522

# ડૉ. ધીરુભાઈ ઠાકર : શિક્ષણ અને સાહિત્યના સવ્યસાચી સાક્ષર – વિશ્વકોશવિધાયક

ચંદ્રકાન્ત શેઠ

ડૉ. ધીરુભાઈ ઠાકર વિશેના પરિસંવાદની પહેલી બેઠકનાં અધ્યક્ષમહોદયા ધીરુબહેન પટેલ, ડૉ. દાઉદભાઈ ઘાંચી, કેન્દ્રીય સાહિત્ય અકાદમીના સચિવ શ્રી કે. શ્રીનિવાસરાવ, ગુજરાતી પરામર્શકમંડળના સંયોજક ડૉ. વિનોદભાઈ જોશી, કાર્યક્રમ અધિકારી શ્રી ઓમપ્રકાશ નાગરજી તથા સર્વ ધીરુભાઈપ્રેમી મુરબ્બીઓ અને મિત્રો, સૌને વંદન.

આજનો પરિસંવાદ ડૉ. ધીરુભાઈ ઠાકરને કેન્દ્રમાં રાખીને યોજાયો છે તેનો મને આનંદ છે. ધીરુભાઈ મારા વિદ્યાગુરુ હોઈ મારે મન તો આ ગુરુવંદનાનો કાર્યક્રમ છે. ગુજરાતી ભાષાસાહિત્યના અધ્યયન-અધ્યાપનમાં ધીરુભાઈએ અમને જે પાઠ પઢાવ્યા તેનું આજેય ઋણભાવે સ્મરણ છે. ગુજરાત કૉલેજમાં અનંતરાય રાવળ (રાવળસાહેબ) સાથે, ઠાકરસાહેબ, દવેસાહેબ (પ્રા. ઇન્દ્રવદન દવે) ને પછીથી ભટ્ટસાહેબ (પ્રા. ચંદ્રશંકર ભટ્ટ)ની મંડળી. ગુજરાત કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળમાં ધીરુભાઈ માર્ગદર્શક, હું મંત્રી. એ મંડળનાં અનેક સ્મરણો છે પણ એની વાત ટાળું છું. ઠાકરસાહેબમાં સાહિત્યપદાર્થની સમ્યક અભિજ્ઞા સાથે જ સંસારવ્યવહારની સમજ પણ સારી. ગુજરાત કૉલેજમાં એમની એક ઉત્તમ અધ્યાપક તથા સાહિત્યમંડળના કુશળ સંચાલક તરીકેની છાપ. ગુજરાત કૉલેજના સંગીત-નાટકાદિ સંસ્કારકાર્યક્રમોની સુપ્રસિદ્ધિમાં એમનું મહત્ત્વનું પ્રદાન.

ધીરુભાઈ અમને વિદ્યાર્થીઓને મળ્યા ખાદીના સૂટ-બૂટમાં. ગાંધીજીનાં સત્ય, અહિંસા ઉપરાંત સાદગી, શ્રમ, સ્વાવલંબન, સ્વચ્છતા, સંયમ, સદ્ભાવના જેવાં પાયાનાં અનેક મૂલ્યોનો રસ એમના કોઠામાં ઊતરેલો. એ રીતે તેઓ સૌના સાથી, સૌના દોસ્ત. શુભ શુભ જોવા ને વિચારવાવાળા સજ્જન. કુટુંબ માટે, છાત્રો ને મિત્રો માટે જે કંઈ કરવું ઘટે તે કરવામાં ઉત્સાહી. ઉત્કટ કર્તવ્યભાન. શિસ્ત અને સ્વમાનની ભાવના મજબૂત, પરંતુ અહંભાવ કોઈનેય ન વાગે એવો સંયત. જે-તે પરિસ્થિતિને કેમ અનુકૂળ બનાવવી તેની તેમને આવડત ને ફાવટ. તેમણે શિક્ષણ, સાહિત્ય તથા સંસ્કારસેવાનાં જે-જે કાર્યો કર્યાં એમાં તેઓ નિર્ધારિત સંકલ્પો – લક્ષ્યો સિદ્ધ કરીને જ રહ્યા. તેઓ કહેતા :

'જીવનનું ધ્યેય નક્કી કરવું અને એ લક્ષ્યને માટે સમર્પણભાવ કેળવવો એ બહુ મોટી વાત છે. જીવનની સાર્થકતા એમાં રહેલી છે.'

ધીરુભાઈની ઐહિક અને આમુષ્મિક – આધ્યાત્મિક ઉપલબ્ધિઓના મૂળમાં મને એમનો ઉપર્યુક્ત સમર્પણભાવ દેખાય છે. જે કામ તેઓ હાથમાં લેતા તેનાં સાધકબાધક પાસાં પૂરેપૂરાં તપાસી લેતા અને પછી તેનો મક્કમતાથી – 'કમ વૉટ મે'ના જુસ્સાથી અમલ કરતા અને તે પાર પાડીને જ રહેતા. મોડાસા તેમ અમદાવાદ – બંનેય નગરો એમના એવા વલણનાં સાક્ષી છે. ધીરુભાઈએ જીવનભર સારસ્વત-કામમાં જ આરામ અનુભવ્યો. એમને 'આરામ હરામ હૈ' સૂત્રની જરૂર પડતી નહોતી. 'ગુજરાતી વિશ્વકોશ' પણ એમના માટે કેવી તાજગીબક્ષ ઔષધિ કે સંજીવની હતી તે અમને નજીકથી જોવા મળ્યું છે.

ધીરુભાઈ કશું ઢીલુંપોચું કે અધકચરું ન ચલાવી લે. એ રીતે તેઓ પૂર્ણતાના આગ્રહી 'હાર્ડ ટાસ્ક-માસ્ટર' હતા. એમને **'वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि'** શ્લોક બરોબર લાગુ પડતો. તેમની કડકાઈમાં કેવી કોમળતા છુપાયેલી હતી તે તો તેમની સાથે આત્મીયતા કેળવનાર જ જાણી શકતું. સ્વાધ્યાય-પ્રવચનમાં પ્રમાદ એમને જરાયે ન ખપતો. જીવનના છેલ્લા શ્વાસ સુધી તેમની સારસ્વત-પૂજા ચાલતી રહી. દૈન્ય કે પલાયન એમની પ્રકૃતિમાં નહીં. એવું હોત તો શહીદ કિનારીવાળાની ગોળીબારવાળી ઘટનામાં તેમણે બૅટન ખાવાનો પ્રસંગ ન આવ્યો હોત. તેઓ કેવા કેવા પડકારો ઝીલી આગળ વધ્યા તેનું ચિત્રાત્મક દર્શન એમની 'સ્મરણમાધુરી'માં થાય છે. પિતા પ્રેમશંકરનો વાચનશોખ, એમની કર્તવ્યનિષ્ઠા ને સેવાભાવના, માતા ગોમતીબહેનની ધાર્મિકતા ને વ્યવહારદક્ષતા, ભાઈભાંડુઓનાં – સ્વજનોનાં હેત અને હૂંફ, બહેન સુમિત્રાની સંનિધિ, શીલવાન અને શિષ્યવત્સલ ગુરુજનોની પ્રેરણા અને કાળજી – આ સર્વથી

ધીરુભાઈના પ્રાણપિંડને, એમના પ્રતિભાબીજને પોષણ-સંવર્ધન પ્રાપ્ત થયું હતું. પરિવારપ્રેમે જો ધીરુભાઈને લીલાછમ રાખ્યા તો ધીરુભાઈના વાત્સલ્યપ્રેમે અનેક છાત્રોને પણ લીલાછમ રાખ્યા. અનેક છાત્રો એમના થકી ઘડાયા ને પોષાયા. ધીરુભાઈના મૈત્રીભાવે અનેકને જીવનને સફળ ને સાર્થક કરવાના રસ્તાઓ અને કીમિયાઓ બતાવ્યા. કેટલાકને તો વળી જરૂર પડ્યે ઉપયોગી સાધનો પૂરાં પાડ્યાં ને સધિયારો પણ આપ્યો. ધીરુભાઈએ પ્રીતિ તેમ જ ધૃતિબળે અનેક છાત્રોના હૃદયમાં સ્થાન મેળવ્યું. એ રીતે 'ગુરુ શિષ્યમાં જીવે છે' – એ સૂક્તિ તેમના થકી ચરિતાર્થ થયાનું આપણને પ્રતીત થાય.

ધીરુભાઈને જીવનમાં અનેક સંઘર્ષો – આઘાતો-પ્રત્યાઘાતો વેઠવાના આવ્યા, પરંતુ દુઃખદર્દના વિષમ પ્રહારો ઝીલતાંયે તેમણે તેમના મુખ પરની શાંતિ ને પ્રસન્નતાની મુદ્રા બને ત્યાં સુધી ખંડિત થવા દીધી નથી. કાંટાઓ વચ્ચે પણ ગુલાબી સ્મિતને મ્લાન થવા દીધું નથી. વેદનાને વિનોદમાં ઓગાળી દેવાનો એમની પાસે ઇલમ હતો.

ધીરુભાઈ જીવનભર ઉત્તમ અધ્યાપક ને ઉત્તમ આચાર્ય રહ્યા. તેમનું સાહિત્ય, તેમનું સંસ્થાકાર્ય, તેમનું કોશકાર્ય – આ બધાને એમના શિક્ષકધર્મની – અધ્યાપકધર્મની વ્યાપ્તિ રૂપે, એના બૃહદ વિસ્તારરૂપે જોઈ શકાય – મૂલવી શકાય.

ધીરુભાઈ વિદ્યા અજર અને અમર હોય તે રીતે તેનું ચિંતન-અર્જન જીવનભર કરતા રહ્યા. ધીરુભાઈનું વિદ્યાચરણ તેમ એમનું ધર્માચરણ તપોમય હતાં. ધીરુભાઈ કશી ગાજવીજ વિના, પરંપરાગત રીતે સાંપડેલા નીતિધર્મનું અનુષ્ઠાન ચાલતું રહે એ માટે પૂરતા જાગરૂક રહેતા. ગીતાનિર્દિષ્ટ જ્ઞાન, ભક્તિ અને ધર્મના ત્રિવેણીતીર્થના તેઓ પાકા સ્નાતક હતા. ગાયત્રીમંત્રના તેઓ સંનિષ્ઠ ઉપાસક હતા. આમ છતાંય ક્યાંય એમનામાં સાંપ્રદાયિક જડતા, અભિનિવેશ કે ઝનૂનનો છાંટોયે દેખાતો નહોતો. વિવાદમાંથી સંવાદ તરફ કેમ જવું એ એમની આંતરિક અનિવાર્યતા અને ખોજ હતાં. તેઓ પોતે જ પોતાની સંનિધિને વિદ્યાપ્રેરક ને વિદ્યાપોષક, ખેલદિલીભરી ને ખુશહાલ બનાવવા પ્રયત્નશીલ રહેતા હતા.

ધીરુભાઈની સારસ્વતશક્તિ જેમ પોતાના સ્વાધ્યાયમાં તેમ પોતાના આસપાસના અન્ય વિદ્યારસિકોને પણ પોતપોતાના સ્વાધ્યાય પ્રતિ પ્રેરવા અને ટકાવવામાં પણ પ્રગટ થતી. કુમારપાળભાઈએ જેમને 'વિશ્વકોશપુરુષ' કહ્યા છે તે ધીરુભાઈએ વિશ્વકોશના અને વિશ્વકોશ સંસ્થાના સર્જનમાં એમની આ શક્તિ ઉત્તમ રીતે પ્રગટ કરી હોવાનું જોઈ શકાય છે.

જેમ 'મોડાસા કૉલેજ એટલે ધીરુભાઈ ઠાકર', એમ 'ગુજરાત વિશ્વકોશ એટલે ધીરુભાઈ ઠાકર' એમ પણ કહેવાયું છે. ધીરુભાઈનું સાચું સ્મારક તો 'ગુજરાતી વિશ્વકોશ' જ. ૧૯મી સદીના ઉત્તરાર્ધથી ગુજરાતી વિશ્વકોશ માટેનું જે સ્વપ્ન સેવાતું થયેલું તે ફળીભૂત થયું વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને ૨૧મીના પૂર્વાર્ધમાં ડૉ. ધીરુભાઈના જેવા દૃષ્ટિવંત યોજકના કારણે. ધીરુભાઈના પડખે કુમારપાળભાઈ હતા, અનેક સંનિષ્ઠ વિદ્વાનો હતા, સેવાભાવી કર્મચારીઓ હતા તો ધીરુભાઈના સ્નેહાળ પરિવારજનો પણ હતા. ખાસ કરીને ગુજરાતી વિશ્વકોશનું મહાન સ્વપ્ન સિદ્ધ કરવામાં જે ધીરુભાઈને કામયાબી પ્રાપ્ત થઈ એમની પડખે ધનગૌરીબહેનનું ને એમના પરિવારનું મૂક સમર્પણ પણ હતું તે ભૂલી શકાય નહીં. ધીરુભાઈની ઉત્કૃષ્ટ વિદ્યાનિષ્ઠા અને વહીવટી દક્ષતાનું મીઠું ફળ તે 'ગુજરાતી વિશ્વકોશ.' જગન્નાથના રથ જેવા આ ગુજરાતી વિશ્વકોશના કારણે ગુજરાતી ભાષા અને સાહિત્ય, ગુજરાતનાં સંસ્કાર અને સંસ્કૃતિ – એ સર્વને સાત્ત્વિક પીઠબળ સાંપડ્યાનું કહી શકાય. ગુજરાતી વિશ્વકોશનું ભવન ગુજરાતની અસ્મિતાનું પણ ભવન થાય એવું ધીરુભાઈનું સ્વપ્ન હતું અને ડૉ. કુમારપાળભાઈની રાહબરી હેઠળ, સૌ સારસ્વતોના સહયોગે એ સ્વપ્ન સિદ્ધ થાય એની આપણને પ્રતીક્ષા છે.

ધીરુભાઈની વાઙ્મયસેવાનું સર્વોત્તમ ફળ, કહો કે શ્રીફળ, તો ૨૫ ખંડોમાં પ્રકાશિત 'ગુજરાતી વિશ્વકોશ' જ; પણ એ પૂર્વે ઘણાં વરસોથી એમની સાહિત્યસાધના અઠંગપણે ચાલતી હતી. ધીરુભાઈની સર્જકતાને વ્યાપક અર્થમાં લઈએ તો તે મોડાસાના વિદ્યાસંકુલમાં તેમ અમદાવાદના વિશ્વકોશ સંકુલમાં પણ મૂર્તિમંત થયેલી જોઈ શકાય. પરંતુ સાહિત્યક્ષેત્રે સર્જકતાને પરંપરાગત રૂઢ અર્થમાં લેતાં ધીરુભાઈનું સર્જનકાર્ય ઠીક ઠીક સીમિત હોવાનું કહી શકાય. 'ગુજરાતી વિશ્વકોશ'ને ધીરુભાઈ પોતાની કવિતા માનતા હોય તો ભલે, પણ કવિતાના વિષયમાં કશું મૌલિક નોંધપાત્ર પ્રદાન એમનું પ્રકાશિત નથી. 'જયભિખ્ખુ' એમના જિગરજાન દોસ્ત છતાં તેઓ પણ તેમને વાર્તા-નવલકથા લખતા ન કરી શક્યા ! 'સાહિત્ય અને સંસ્કાર'ની કૉલમ ચલાવતા પત્રકાર તરીકે પણ તેઓ માંડ છએક વર્ષ રહ્યા. ધીરુભાઈએ નાટક, ચરિત્ર, પ્રવાસ અને નિબંધ જેવા સાહિત્યપ્રકારોમાં ઉલ્લેખનીય

કાર્ય કર્યું છે. અબાલવૃદ્ધ સૌને ઉપયોગી થાય એવું કેટલુંક સારસ્વત કાર્ય તો જીવનભર તેઓ કરતા રહ્યા છે. એમની ‘બે બાલનાટકો’ પુસ્તિકા દેખીતી રીતે બાળકો માટે છે. વળી છાત્રો માટે પણ ‘સાહિત્યકિરણાવલિ’, ‘સર્વોદયવાચનમાળા’ અને ‘આનંદવાચનમાળા’ જેવાં પાઠ્યપુસ્તકો ને વાચનમાળાઓ એમણે આપેલ છે.

ધીરુભાઈએ ‘ગુજરાતી સાહિત્યની વિકાસરેખા’નો પહેલો ભાગ – મધ્યકાળવાળો – ૧૯૫૬માં આપેલો. તે પછી તેનો બીજો ભાગ – અર્વાચીન કાળવાળો – ૧૯૬૬માં આપ્યો. આ ઇતિહાસ ગુજરાતી વિષયના છાત્રોને ખૂબ જ ઉપયોગી થયો અને તેની તેર આવૃત્તિઓ થઈ. ગુજરાતી સાહિત્યના વિકાસનો તબક્કાવાર પરિચય આપતાં ધીરુભાઈએ એમાં તુલનાત્મક પદ્ધતિ પણ અજમાવી છે. તેમણે સાહિત્યનાં વિવિધ પાસાંને આવરી લઈ તેની વિકાસક્રિયા સમુચિત સંદર્ભમાં રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. આ કાર્ય ધીરુભાઈની સ્વાધ્યાયનિષ્ઠા, શિક્ષણનિષ્ઠા તેમ જ સારસ્વતપ્રીતિના પ્રશસ્ય ઉદાહરણરૂપ છે.

ધીરુભાઈ મુંબઈમાં હતા ત્યારે ૧૯૪૦-૪૧ના અરસામાં બાળકો માટે થઈને ‘લાલનો ગુલાબ’ તથા ‘ધરતીનો ધણી’ નામનાં બે બાળનાટકો રવીન્દ્રનાથની કૃતિઓને આધારે લખેલાં ને રજૂ કરેલાં. તે પ્રગટ થયાં ૧૯૯૮માં. તે પછી ધીરુભાઈએ એમના પીએચ.ડી.ના વિષય મણિલાલ નભુભાઈ દ્વિવેદીના જીવનને અનુલક્ષીને એક ત્રિઅંકી ચરિત્ર-નાટક ૧૯૯૩માં આપ્યું. એ નાટકનું શીર્ષક ‘ઊંચો પર્વત, ઊંડી ખીણ’ ઘણું અર્થપૂર્ણ હોવાનું મણિલાલનો જીવનસંદર્ભ જોતાં પ્રતીત થાય છે.

ધીરુભાઈએ મણિલાલ નભુભાઈને અનુલક્ષીને ૧૯૫૮માં ‘મણિલાલ નભુભાઈ : જીવનરંગ’ ચરિત્ર આપ્યું તેમ ૧૯૮૦માં કસ્તૂરભાઈ લાલભાઈ જેવા મહાજન-મોવડી – શ્રેષ્ઠીવર્ય વિશે ‘પરંપરા અને પ્રગતિ’ નામે ચરિત્ર આપ્યાં. નવલરામ પંડ્યા નિર્દિષ્ટ સત્ય, શોધ, વિવેક અને વર્ણનશક્તિ તેમાં સરસ રીતે સચવાયેલાં જોઈ શકાય છે. બંનેય ચરિત્રોને પારિતોષિકો મળેલાં. ધીરુભાઈએ ‘સ્મરણમાધુરી’માં પોતાના જીવનપ્રવાહનું રસપ્રદ દર્શન કરાવ્યું છે. પોતાના જીવનના વિવિધ તબક્કાઓ ને વળાંકો દર્શાવી તેઓ કઈ રીતે શિક્ષણ અને સંસ્કારઘડતરનું કામ કરવાની ક્ષમતા કેળવી-મેળવી શક્યા તેનો ચિતાર તેમાં છે. એમાં ક્યાંય અહંકારનો ભાર કે દાબ અથવા આત્મશ્લાઘાનો ઉફાંદ નથી. ધીરુભાઈનો જીવનવિવેક અને કલાવિવેક એમની આ કેફિયતમાં પ્રાસાદિક રીતે પ્રગટ થયેલો છે.

ધીરુભાઈએ ‘રંગકસુંબી’, ‘દ્રષ્ટા અને સ્રષ્ટા’, ‘શબ્દમાધુરી’, ‘સંસ્કારમાધુરી’ વગેરે ગ્રંથોમાં આપેલા નિબંધોમાં એમની જીવન, પરમતત્ત્વ તેમ જ કલાવિષયક સંવેદનાનું એક આસ્વાદ્ય રસાયણ મળે છે. આપણા ધીરુભાઈ ‘સૌજન્યમૂર્તિ’, ‘પ્રેરણામૂર્તિ’ જેવાં વિશેષણોથી પોંખાયા છે. તેમણે તો તેમની ગ્રંથમંજૂષામાં ‘માધુરી’ઓની એક શ્રેણી જ ખડી કરી દીધી છે ! એમાં ‘વિશ્વમાધુરી’ ને ‘પ્રસંગમાધુરી’, ‘સફરમાધુરી’ ને ‘પત્રમાધુરી’ પણ સમાવેશ પામે છે. ‘રંગમાધુરી’ જેવાં નાટ્યકળાવિષયક વિવેચનગ્રંથ પણ એમાં આવી જાય. આપણે આ માધુરીઓના બળે ‘માધુર્યમૂર્તિ’ વિશેષણ પણ એમના માટે પ્રયોજવાનું જોખમ ખેડી શકીએ. ધીરુભાઈનાં પ્રવાસવર્ણનો પણ એમના માનવરસ, સંસ્કૃતિરસ, શિક્ષણરસ તથા નાટ્યરસથી રોચક અને રસપ્રદ થયાં છે.

ધીરુભાઈએ મણિલાલ નભુભાઈ દ્વિવેદી જેવા એક સબળ સાક્ષરને શ્રી રસિકલાલ છો. પરીખના સૂચનથી પીએચ.ડી.ના વિષય તરીકે પસંદ કર્યા અને ૧૯૪૨થી શ્રી રામનારાયણ વિ. પાઠકના માર્ગદર્શન હેઠળ લગભગ દસેક વર્ષ કામ કરીને તેમના વિશેનો મહાનિબંધ ‘મણિલાલ નભુભાઈ : સાહિત્યસાધના’ ૧૯૫૩માં પ્રકાશિત કર્યો. એ મહાનિબંધ પંડિત સુખલાલજી તથા શ્રી જહાંગીર એરચ સંજાણા જેવા પ્રખર વિદ્વાનોની કસોટીમાંથી સારી રીતે પાર ઊતર્યો. પંડિત સુખલાલજીએ તો એમના કાર્યને ‘સર્વાંગીણ સંશોધન અને સમાલોચના’ રૂપે ઓળખાવ્યું.

ધીરુભાઈ માત્ર આ મહાનિબંધ લખીને જ અટક્યા નહીં. તેમણે મણિલાલના આત્મવૃત્તાંત ઉપરાંત એમનાં અનેક પુસ્તકો સંપાદિત કરી આપ્યાં. એ રીતે ‘કાન્ત’ અને ‘નૃસિંહાવતાર’ જેવાં નાટકો, ‘આત્મનિમજ્જન’નાં કાવ્યો વગેરે પ્રકાશિત થઈ શક્યાં. મણિલાલનાં વૈચારિક, આધ્યાત્મિક અને વિવેચનાત્મક લખાણોનું સંપાદન કરતાં ધીરુભાઈએ મણિલાલના પ્રચંડ મનોઘટનાશાલી વ્યક્તિત્વનો તેમ જ તેમની ઓજસભરી અભિવ્યક્તિનો સમભાવપૂર્ણ ને સમતોલ પરિચય આપણને કરાવ્યો. ધીરુભાઈએ મણિલાલની સાહિત્ય-સાધનાનો પરિચય ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં પણ સૌને સુલભ કરી આપ્યો. ધીરુભાઈએ મણિલાલના સમગ્ર સાહિત્યનું ગુજરાત સાહિત્ય અકાદમી માટે સંપાદન કરી આપ્યું અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી માટે ‘મણિલાલ દ્વિવેદી સંચય’ પણ

તૈયાર કરી આપ્યો.

ધીરુભાઈનો સૌથી પહેલો વિવેચનસંગ્રહ તે 'રસ અને રુચિ.' તે પછી તેમની પાસેથી 'સામ્પ્રત સાહિત્ય', 'પ્રતિભાવ', 'વિક્ષેપ', 'વિભાવિતમ્', 'નાટ્યકળા', 'અભિજ્ઞાન', 'શબ્દ અને સંસ્કૃતિ', 'શબ્દનું સખ્ય' જેવા વિવેચનગ્રંથો સાંપડ્યા છે. સાહિત્યના કેવા કેવા વિષયોને તેમણે ચર્ચામાં લીધા છે તે એમના વિશેના સ્તુતિ કે સ્મૃતિ-ગ્રંથોમાં આપેલી લેખસૂચિ જોતાં સમજાય છે. ધીરુભાઈએ નેવું વર્ષની વય પછીયે 'કેટલાક સાહિત્યિક વિવાદો', 'ગાંધીજી અને પાંચ સાક્ષરો', 'પ્રસંગમાધુરી' તેમ જ પાબ્લો નેરુદાની આત્મકથાનો અનુવાદ 'સત્યની મુખોમુખ' આપણને આપ્યા. ધીરુભાઈએ વૃદ્ધત્વને માત કરી, કુમારપાળ દેસાઈએ કહ્યું છે તેમ, હૃદયરોગ વગેરેને પણ 'સ્ટૉપ પ્લીઝ' કહી શિક્ષણ તેમ જ સાહિત્યની અને એમાંય ખાસ તો કોશસાહિત્યની ઉમદા ને ઉત્કૃષ્ટ સેવા કરી. ધીરુભાઈએ તો સ્વાધ્યાયલક્ષી સૂચિકાર્યનો પણ મહિમા કર્યો છે. તેમણે પોતાની ઉત્કટ નાટ્યનિષ્ઠાના ફળસ્વરૂપ 'અભિનેય નાટકો'ની સૂચિ ૧૯૫૮માં આપી. તે પછી 'સુદર્શન' અને 'પ્રિયંવદા', 'જ્ઞાનસુધા' તથા 'સમાલોચક'ની સૂચિઓ પણ તૈયાર કરી આપી છે.

ધીરુભાઈનું સંપાદનકાર્ય પણ વિપુલ પ્રમાણમાં છે. મણિલાલની કૃતિઓ ઉપરાંત જયભિખ્ખુ ને ધૂમકેતુઓની વાર્તાઓનું તેમ જ કરુણપ્રશસ્તિ કાવ્યો તથા ખંડકાવ્યોનું સંપાદન પણ કરાયું છે. કેટલુંક સંપાદન એમણે સ્વતંત્ર રીતે તો કેટલુંક અન્ય વિદ્વાનોના સહયોગથી કર્યું છે. એમાંયે 'ગુજરાતી વિશ્વકોશ'ના ૨૫ ગ્રંથોનું એમનું મુખ્ય સંપાદક તરીકેનું કાર્ય તો સર્વોપરી લેખાય.

ધીરુભાઈ ડૉ. કે. બી. વ્યાસના જેમ મુખ્ય શિષ્ય તેમ ચંદ્રવદન મહેતાના પણ સન્મિત્ર. એમણે અનેક નાટકો જોયાં, ભજવ્યાં ને દિગ્દર્શન કરી ભજવાવ્યાં. એમણે અનેક નાટ્યશિબિરો ચલાવી. પોતેય પ્રસંગોપાત્ત, નટ કે નાટ્યકારની હેસિયતથીયે કામ કર્યું. ધીરુભાઈએ યુનિવર્સિટી-થિયેટરની અને શિક્ષણના એક અસરકારક માધ્યમ તરીકે નાટકની પ્રતિષ્ઠા કરી. તેમણે રૂપકસંઘમાં કામ કરેલું. વિશ્વકોશભવનમાં પણ 'લલિતકલાકેન્દ્ર' સ્થાપવામાં તેમનો તન-મન-ધનથી સાથસહકાર રહ્યો હતો. ડૉ. મહેશ ચંપકલાલે ધીરુભાઈની નાટ્યધર્મી ને નાટ્યકર્મી તરીકે જે સુંદર આલોચના કરી તે ધીરુભાઈના અભ્યાસીઓએ જરૂર જોવી ઘટે.

ધીરુભાઈએ ૨૦૦૭માં 'દીવાદાંડી' નામની એક પુસ્તિકા શ્રી સુરેશ દલાલને તૈયાર કરી આપેલી. આપણા માટે તો સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારક્ષેત્રે સ્વયં ધીરુભાઈ જ દીવાદાંડીરૂપ રહ્યા છે. શીલ અને શ્રુતનાં મૂલ્યોને તેઓ ઉજાગર કરનારા. સત્યાગ્રહ ને સ્વાતંત્ર્યનાં મૂલ્યોના તેઓ વિનમ્ર હિમાયતી. ધીરુભાઈ, પ્રેમ અને પરિશ્રમથી સાર્થક જીવનનો પયગામ સૌને પ્રાપ્ત થાય એ રીતે જીવનની જવાબદારી અદા કરીને મૃત્યુનેય ગૌરવ થાય એમ વિદાય થયા. ધીરુભાઈ, પ્રા. કિશોરસિંહ સોલંકીએ કહ્યું છે તેમ, વિદાય લઈને પણ અક્ષર રૂપે આપણી વચ્ચે – આપણી સાથે છે એવી લાગણી થાય છે.

સમાજે એમનો ઉમળકાથી પુરસ્કાર કર્યો છે. ગુજરાતીના અધ્યાપક સંઘના તેમ જ ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખ રહી ચૂક્યા હતા. તેઓ રૉયલ એશિયાટિક સોસાયટીના ફેલો હતા. એમને રણજિતરામ ચંદ્રકથી માંડીને 'પદ્મભૂષણ' સુધીનાં વિવિધ માન-સન્માનો પણ પ્રાપ્ત થયેલાં.

ધીરુભાઈનું જીવન જોઈશું તો તુરત પ્રતીત થશે કે એમણે સતત સાત્ત્વિક શક્તિઓની ઉપાસનામાં રહેવાનું પસંદ કરેલું. પરમનો સ્પર્શ કરવામાં, એની પ્રતિષ્ઠા કરવામાં એમનો પ્રબળ રસ. એમના શિક્ષણકાર્ય, સાહિત્યકાર્ય – કોશકાર્ય વગેરેને આ દૃષ્ટિ જોઈશું તો તુરત પ્રતીત થશે કે એ 'પુણ્યાત્મા' હતા. તેઓ જીવનભર ઊંચાં સ્વપ્નો જોતા રહ્યા ને યથાશક્તિમતિ તે સિદ્ધ પણ કરતા રહ્યા. વિશ્વકોશભવન માત્ર અમદાવાદનું જ નહીં ગુજરાત સમગ્રનું – બૃહદ ગુજરાતનું અસ્મિતાકેન્દ્ર બને એવી એમની જે ભાવના તે સાકાર થઈને રહે એવી સદ્‌ભાવના આપણે પ્રગટ કરીએ અને આ પરિસંવાદને પણ એ દિશાનું જ એક આવકાર્ય પગલું માની, તેને વધાવીને વિરમીએ.

સૌનો આભાર.*

**– ચંદ્રકાન્ત શેઠ**

બી/૯, પૂર્ણેશ્વર ફ્લૅટ્સ, ગુલબાઈ ટેકરા,

અમદાવાદ-૧૫

ફોન : ૦૭૯-૨૬૩૦૦૯૨૮

---

* વિશ્વકોશભવન, અમદાવાદ-૧૩ ખાતે, તા. ૧૦-૫-૨૩૦૧૯ના રોજ શરૂ થતી દ્વિ-દિવસીય 'ધીરુભાઈ ઠાકર જન્મશતાબ્દી સંગોષ્ઠી'માં રજૂ કરેલ બીજરૂપ વક્તવ્ય.

# અમેરિકન યુનિવર્સિટીઓમાં અધ્યાપકોને પ્રમોશન આપવા માટેની પ્રક્રિયા...એક ઉદાહરણ

## MEMORANDUM

October 5, 1977

TO : Personnel Committees
FROM : Mathematics Department Personnel Committee
Humboldt State University Arcata, California, U.S.A.
SUBJECT : Promotion of Professor Vithalbhai Patel

The Mathematics Department Personnel Committee is unanimous in its judgement that the attached documents will show that Dr. Patel more than meets the criteria for promotion to Full Professor. The committee, upon careful examination of all of the evidence, has found him to be exemplary in service to the University, invaluable as a resource person in applied mathematics, and distinguished as a teacher and as a scholar.

**Teaching.** The excellents of Dr. Patel's teaching is thoroughly documented by letters from his colleagues who have first-hand knowledge of his teaching, but his student evaluations, and by unsolicited letters from former students. In referring to his teaching, his colleagues use such terms as 'excellent', 'professional', 'first class', 'masterly', 'outstanding', 'superlative', 'dedicated', and 'extremely smooth'. His students use such terms as 'the best', 'one of the best', 'excellent!!!', 'Well practiced', 'outstanding', and 'great!'.

This committee has prepared a summary report of Dr. Patel's student evaluations over the last four quarters, a summary chart of the rating scales for fall '76 and spring '77, and a summary chart of the rating scales for fall '76 and spring '77, and a summary chart of the rating scale for overall teaching effectiveness for the last three years. The indication is that the large majority of his students consider him to be an exceptionally fine teacher. There is also a clear indication that he is at his best in the upper division applied mathematics courses. Of all the students that Dr. Patel has had in upper division classes over the last three years, 671 rated his overall teaching 7, 95% gave him either 6 or 7, while 100% gave him either 5, 6 or 7 on a 7 point scale for an average rating of 6.6. His average rating over the last three years by all of his students was 6.2 on overall teaching.

There is an additional dimension to Dr. Patel's teaching that should be noted. There are comments throughout his student evaluations that indicate their feeling for him as a person, such as: '... one of the nicest men I've met on campus', 'Friendly, warm, open, polite...', '... one of the nicest teachers I have ever met...', 'His overall personality is fantastic.', 'He is the most considerate and understanding man I have ever met,'

**Scholarly Activities.** The contents of Dr. Patel's file clearly establish that he has been continuously engaged in successful research activities; that his projects are exceedingly demanding; that he consistently exercises a high degree of scholarship; and that he has significantly contributed to the numerical

analysis of certain problems in fluid mechanics. The file also gives a clear indication that Dr. Patel will continue this pattern in the future.

**Past and Present Publications.** In his PDS form under publications and papers, Dr. Patel lists an impressive string of papers presented at meetings of the American Mathematical Society, at the 1976 National Fall Meeting of the Society for Industrial and Applied Mathematics at Georgia Institute of Technology and at the 1975 SYNSPADE (Symposium on the Numerical Solutions of Partial Differential Equations) Conference at the University of Maryland. Since his last promotion he has had a paper published in Computers and Fluids, 1976, and he has had a paper accepted for publication in the Journal of Computational Physics, 1977. Both of these journals are highly respected in their fields and both require rigorous reviewing and refereeing procedures.

**Research Standards and Demands.** In Appendix 1 there are copies of each of Dr. Patel's publications as well as a copy of the paper that he presented at the 1972 AMS meeting in La Jolla. The mathematical formulations indicated in these works are extensive and require great care and precision. The design and implementation of an error-free computer program to carry out the unbelievably large amount of calculations necessary in an acceptable amount of computer time is no small task especially on a computer as small and as slow as ours. The analysis and checking of the data generated by the computer including the hand drawing of the plots requires endless hours of very exacting work. The demanding requirements of Dr. Patel's work is also attested to in the letter to him from Dr. Milton Van Dyke, Professor of Applied Mechanics, Stanford University, dated 14 March 1977 and in the letter by Professor Tropp. Both of these letters are in the 'new letters' folder.

**Scholarship and Significant Contributions.** The acceptance of Dr. Patel's papers for publication by prestige journals in applied mathematics (with no modifications in one case and only minor modifications in the other case) testifies to the high quality of his research. The interest shown in his work by such authorities as Prof. Van Dyke from Stanford, who is the editor of Annual Review of Fluid Mechanics, Prof. Suhrit K. Dey, Dept. of Math., Eastern Illinois University, and Dr. Anthony J. Policastro, Energy & Environmental Systems Division, Argonne National Laboratory, indicate recognition of the significance of his work. Incidentally, Dr. Policastro included with his letter an announcement of a position in Computational Fluid Dynamics at the Argonne Laboratories for Dr. Patel's consideration. Included with the paper, 'Karman Vortex Street Behind a Circular Cylinder by the Series Truncation Method', document 1.5.4 in Appendix 1 are copies of the reviewers' letters. One of the reviewers stated,

'This paper gives a very detailed study of the generation of the Karman vortex street behind a circular cylinder. ... this seems to be the best and most detailed account of the phenomenon given so far.'

A second reviewer made this statement:

'As far as I am aware, this is the first major attempt to use the series truncation method to calculate a flow with asymmetrical characteristics... It shows that the series truncation method gives a feasible way of treating problems of asymmetrical flows.'

Attached to the copy of the paper 'Time-dependent Solutions of the Viscous Incompressible Flow Past a Circular Cylinder by the Method of Series Truncation' published in Computers and Fluids, document 1.3.5, Appendix 1, is a list of the people who have requested reprints of this paper. Interest in his work is clearly international in scope.

The collegial letters by Professors Thompson, Dept. of Physics, Biles, Householder,

Kieval, Kostinsky, and Tang, Dept. of Mathematics, are offered as further evidence of his scholarly attainments.

Finally, Dr. Patel has been selected by the editors of the Journal of Computational Physics as a referee for this journal. A copy of his first review is included as document 1.6 in Appendix 1. Dr. Patel has also been elected to membership in the American Academy of Mechanics. The membership in this organization is restricted to those who helped to advance the understanding of mechanics.

**Promise of Continued Research.** After his last 'paper was completed and accepted for publication, Dr. Patel immediately commenced a new project. A description and progress report on this latest project is included as document 1.5.5 in Appendix 1. A listing of the computer program that he has developed for this project is also included. This, coupled with his past record of continuous creative production offers sufficient promise for the future.

**Service.** Dr. Patel has been very active in department affairs, on department committees, and has served on two University committees. A list of his formal committee assignments can be found in his PDS form. Other information concerning his committee work can be found in the letters by his colleagues, and in Appendix 3. His colleagues have expressed appreciation for his high degree of integrity, his sound judgment, his industriousness, his reliability, his enthusiasm, his sensitivity for others, and his constructive attitude.

In closing, the committee wishes to draw attention to Dr. Patel's special value to the University as a resource person in the combined fields of applied mathematics, numerical analysis, computer programming, physics, and engineering. The physics department has recognized his special talents by inviting him to join them in offering three senior level physics courses. The engineering department is using him again this fall to offer an engineering course. Dr. Biles stated in his letter, 'You simply would have to look awfully hard before you could ever find a better teacher of applied mathematics than Dr. Patel.' Dr. Clendenning of the physics department stated, 'There is no doubt in my mind that Dr. Patel is a master teacher and one whom any university should feel proud to have on its faculty.' Dr. Kelly of the physics department writes: 'He treated us to a series of beautiful lectures illustrating how the basic mathematical formulations of fluid mechanics, which are quite complex, can be applied with varying degree of ease, to predict fluid behavior with varying degrees of realism.' Dr. Thompson, chairman of the physics department, stated: '... from the rather extensive feedback I have received it is clear to me that he has been the best mathematics instructor over the last three or four years for our students.' Dr. Hanson of the chemistry department expressed the debt he owes Dr. Patel for help on his own research problem. Dr. Patel has been of special assistance to upper division students of physics and engineering on their individual research problems.

This committee recommends most strongly that Dr. Vithalbhai Patel be promoted to the rank of Full professor.

Charies M. Biles — Victor K.T. Tang
Ron Levine — Henry S. Tropp
Roy Tucker, Chairman

I acknowledge that I have read this recommendation and understand that I have a right to add my own statement to this file.

Vithalbhai Patel

Satisfied _______ Not Satisfied______

Comments:

# મૂલ્યોના રક્ષણ માટે અધ્યાત્મનું શિક્ષણ

તુલસીભાઈ પટેલ

### મૂલ્યોનું આઘાતજનક ધોવાણ

આપણને સ્વતંત્રતા મળી ત્યાર બાદ આપણી સમક્ષ કોઈ મહાન ધ્યેય ન હોવાને કારણે આપણે મોજશોખ અને ભોગવિલાસના ઢાળમાં ગબડવા લાગ્યા. મોજશોખ સુલભ થાય તે માટે પદ અને અર્થ (સત્તા અને સંપત્તિ)ની જરૂર પડે. પરિણામે, એક મુરબ્બી લાક્ષણિક રીતે કહે છે તેમ ''પદાર્થ (પદ + અર્થ) વાદ''નું જોર વધતું ગયું. પદ અને અર્થ મેળવવા માટે કપટ, અનીતિ અને ભ્રષ્ટાચાર પણ કરવાં પડે. આમ સ્વતંત્રતા મળ્યા પછી સુખવાદ, ભૌતિકવાદ કે ''પદાર્થવાદ'' પર લગામ ન રહેવાને લીધે મૂલ્યોનું ધોવાણ ઝડપભેર થવા લાગ્યું. આજે, વિદાય લઈ રહેલી પેઢી તથા ઉદાત્ત મૂલ્યોમાં આસ્થા ધરાવતી વ્યક્તિઓ મૂલ્યોના સરિયામ ધોવાણને કારણે ભારે આઘાત અનુભવી રહી છે.

મૂલ્યોનું રક્ષણ થવું જોઈએ, એ બાબતમાં સૌ સંમત છે પણ એ માટેના ઉપાયો ઝટ હાથ આવતા નથી. એ માટે ચર્ચાઓ, પરિસંવાદો વગેરે યોજાય છે. પણ એની ફલશ્રુતિ અરુણ્યરુદન જેવી છે. સદાચાર અને નીતિ અંગેનું સીધેસીધું શિક્ષણ આપી શકાય, પરંતુ એનું ભયસ્થાન પણ છે. લાંબા ગાળે સદાચારનું શિક્ષણ કેવળ નિર્જીવ ક્રિયાકાંડ બની રહે. પરિણામે મૂળ ઉદ્દેશ બર ન આવે.

### પરમ આશ્ચર્ય

સુંદર ભૂતકાળ તરફ નજર દોડાવીએ તો આપણને મૂલ્યોના રક્ષણનો ઉપાય મળી આવે એમ છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિ ભોગને નહીં, પણ ત્યાગને મહત્ત્વ આપે છે. **'तेन त्यक्तेन भुंजीथाः'** આ ઉપનિષદ્-મંત્રમાં આપણી સંસ્કૃતિનો અર્ક આવી જાય છે. એ વાત સાચી છે કે યુગપરિવર્તનની સાથેસાથે મૂલ્યો બદલાતાં રહે છે, પણ કેટલાંક મૂલ્યો સનાતન છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ, સંયમ, સદાચાર, પ્રેમ, કરુણા વગેરે મૂલ્યો એવાં છે કે જે કદાપિ કાળગ્રસ્ત ન થાય.

ભારતીય સંસ્કૃતિ ભૌતિકવાદની મર્યાદાઓ સમજે છે. તેથી આપણી સંસ્કૃતિનો ઝોક અધ્યાત્મ તરફ છે. તેમ છતાં, આપણી આજની શિક્ષણવ્યવસ્થામાં અધ્યાત્મ તરફ દુર્લક્ષ્ય સેવવામાં આવ્યું છે, તે પરમ આશ્ચર્ય નથી ? દુર્લક્ષ્ય સેવવાનાં દુષ્પરિણામો અત્યારે આપણે ભોગવી રહ્યા છીએ. આ દુષ્પરિણામો પણ જો આપણી આંખ ખોલી નહીં શકે, તો પછી આપણને કોઈ બચાવી શકશે નહીં.

'ભારતીય સંસ્કૃતિ' શબ્દપ્રયોગમાં કદાચ સંકુચિતતાની ગંધ આવે. આ લખનાર પણ માને છે કે રાષ્ટ્રીયતા એ વિશાળ સંકુચિતતા છે. આપણે 'જય જગત' સુધીના મુકામે પહોંચવાનું છે, પણ ઉપર જણાવેલાં મૂલ્યો એટલાં તો શાશ્વત અને વ્યાપક છે કે તે ભારત દેશની સીમા ઉલ્લંઘીને સર્વદેશીય – વિશ્વવ્યાપક બનવાની ક્ષમતા ધરાવે છે.

### સ્વ. ડોલરરાય માંકડનો પ્રયાસ

સદ્ગત ડોલરરાય માંકડ કાવ્યશાસ્ત્રમર્મજ્ઞ તો હતા જ. ઉપરાંત ભારતીય સંસ્કૃતિના પુરસ્કર્તા, મૂલ્યો માટે દૃઢાગ્રહી તેમ જ તેજસ્વી કેળવણીકાર હતા. શિક્ષણક્ષેત્રે તેઓ પ્રયોગવીર હતા.

મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે તેમનું ચિંતન સતત ચાલતું રહેતું હતું. મૂલ્યોની જાળવણી માટે ઉચ્ચ શિક્ષણમાં જગતના મુખ્ય ધર્મોના તુલનાત્મક અભ્યાસની જોગવાઈ હોવી જોઈએ, એમ તેઓ માનતા હતા. પરિણામે તેમના પ્રયત્નોને લીધે, કેટલાંક વર્ષો પૂર્વે ગુજરાત યુનિવર્સિટીમાં વિનયન વિદ્યાશાખાના પ્રથમ વર્ષમાં 'જગતના ધર્મો'નો વિષય શરૂ થયો હતો, પરંતુ શિક્ષણના માળખામાં ૧૦+૨+૩ની નવી તરેહ આવતાં પ્રિ. યુનિવર્સિટીના વર્ગો બંધ થયા, તે સાથે 'જગતના ધર્મો'નો પણ અંત આવી ગયો !

### ધર્મ નહીં, અધ્યાત્મ

જગતના વિવિધ ધર્મોનો અભ્યાસ બંધ થયો, તે ઘટના માટે આંસુ સારવા જેવાં નથી; કારણ કે જગતના કહેવાતા ધર્મોએ જગતનું જેટલું કલ્યાણ કર્યું છે, તેના કરતાં નુકસાન વધારે કર્યું છે. ઇતિહાસ તેનો સાક્ષી છે જે ધર્મ પ્રેમ અને કરુણાનો સંદેશ આપે એ જ ધર્મના પ્રચાર માટે

લોહીની નદીઓ વહે, ત્યારે ધર્મ વિશે નવેસરથી વિચારવું પડે જ.

કુદરતે માણસને મગજ આપ્યું, પણ મોટા ભાગના માણસો મગજ વાપરવામાં કંજૂસાઈ કરે છે ! પરિણામે ધર્મના નામે ધર્મઝનૂન અને ધર્માંધતા ફેલાય છે. ધાર્મિક ક્રિયાઓ નિષ્પ્રાણ કર્મકાંડ બની રહે છે, અને સ્વાર્થી તત્ત્વો પ્રજાની ધર્મભીરુતાનો લાભ લઈ તેમનું શોષણ કરવામાં જરાયે કંજૂસાઈ કરતાં નથી !

તેથી આજે ધર્મવિશેષ નહીં, પરંતુ ધર્મસામાન્ય (અર્થાત્ 'માનવધર્મ' જેવું કંઈક)ની જરૂર પેદા થઈ છે. પણ એમ કંઈ રાતોરાત વિશેષ ધર્મો નષ્ટ થવાના નથી અને 'માનવધર્મ' અસ્તિત્વમાં આવવાનો નથી. કારણ કે અનેક શતાબ્દીઓથી ધર્મના નામે ખોટા સંસ્કાર આપણા લોહીમાં ભળી ગયેલા છે. ખોટા સંસ્કાર સાથે છૂટાછેડા લેવા એ બૌદ્ધિકનું મુખ્ય લક્ષણ છે. પણ બૌદ્ધિકો શોધવા જતાં આપણે નિરાશ થવું પડે એમ છે.

માનવધર્મની અડોઅડ આવે છે અધ્યાત્મ. કદાચ, અધ્યાત્મ એ ધર્મથી દશાંગુલ ઊંચે છે. ધર્મ (religion) નહીં, અધ્યાત્મ (spiritualism) એ નવીન યુગની માંગ છે.

બુદ્ધિજીવીઓના મનમાં કહેવાતા ધર્મ પ્રત્યે અરુચિ હોય છે, અને હોય જ; તે સ્વાભાવિક જ છે. પરંતુ ક્યારેક કેટલાક બુદ્ધિજીવીઓ ધર્મ અને અધ્યાત્મને પર્યાયવાચક સમજે છે. પરિણામે અધ્યાત્મ પ્રત્યે પણ તેમને નફરત થાય છે. ધર્મ અને અધ્યાત્મને એક સમજવાં, એ બહુ મોટો ભ્રમ છે. વાસ્તવમાં અધ્યાત્મ એ વિજ્ઞાન છે. ભૌતિક વિજ્ઞાનોનો જ્યાં અંત આવે છે, ત્યાં અધ્યાત્મ વિજ્ઞાનનો આરંભ થાય છે. ભૌતિક વિજ્ઞાનો અને અધ્યાત્મ વિજ્ઞાન સમાંતર પણ ચાલે છે.

### 'સ્વ'ને પામ્યા, તો સંસાર પામ્યા

પાયાની જરૂરિયાતો મળી રહે. પછી માણસે દુઃખી રહેવું જોઈએ નહીં. છતાં આપણે જોઈએ છીએ કે ઘણુંખરું આર્થિક રીતે વિપન્ન માણસો કરતાં, સંપન્ન માણસો વધારે દુઃખી છે. એમનાં દુઃખોનું કારણ મનની અવળચંડાઈ છે. આપણાં મોટા ભાગનાં દુઃખો મનની અવળચંડાઈમાંથી પેદા થાય છે. માણસનું મન ભારે જટિલ અને અતિ સંકુલ છે. જો મનને પામી શક્યા, તો પછી વિશેષ પામવાનું રહેતું નથી. માટે જ ''હું કોણ ?'' (Who am I ?) એ પ્રશ્નને આપણા ચિંતનમાં અગ્રસ્થાન મળ્યું છે.

તન-દુરસ્તી કરતાં મન-દુરસ્તી વધારે અગત્યની છે પણ મનને પામવાનું કામ અતિ દુષ્કર છે. નિરક્ષર માણસો વહેમો અને અંધશ્રદ્ધાઓથી પીડાય છે, તો ભણેલા પણ અહમ્-અહમિકાઓમાંથી મુક્ત નથી. તેમના વહેમો આગવા અને વધારે જટિલ હોય છે. અસાધારણ માણસના વહેમ અને અહમ્ પણ અસાધારણ ! સ્પર્ધા, સ્વાર્થ, સંકુચિતતા, કપટ, લોભ, ઈર્ષ્યા, અહંકાર વગેરે દુર્ગુણો આપણા ચીલાચાલુ શિક્ષણથી જરાયે ઓછા થતા નથી કદાચ વધે છે !

માટે શિક્ષણમાં એવા વિષયનો સમાવેશ કરવાની જરૂર છે, જે 'સ્વ'નો પરિચય કરાવે. મનની મર્કટવૃત્તિને, ચંચળતાને દૂર કરે. આત્માની અંદર મન સ્થિર થાય અને ભૌતિક સુખોની સાથેસાથે માણસ મન અને આત્માનું ચિરંતન સુખ પણ પામી શકે. અધ્યાત્મના શિક્ષણથી આ ધ્યેય સિદ્ધ થઈ શકે. જીવનસાફલ્યની ચાવી કેવળ અધ્યાત્મ પાસેથી મળી શકે.

નીતિ અને સદાચારનો પ્રત્યક્ષ ઉપદેશ નિષ્ફળ નીવડી શકે, પણ મન અને આત્માનાં ઊંડાણો, તેની શક્તિઓ, તની વિશેષતાઓ વગેરે વિગતે સમજાવવામાં આવે, તેનું વિશ્લેષણ કરવામાં આવે, 'મન એ જ સુખ અને દુઃખનું કારણ છે' આ સત્યની પ્રતીતિ મનના વિજ્ઞાન દ્વારા કરાવવામાં આવે તો સમાજમાં નીતિ અને સદાચારનો ફેલાવો અસરકારક રીતે થાય. પરિણામે મૂલ્યોનું રક્ષણ થાય.

### અપાર શક્યતાઓ

માનવ-મન એ શક્તિઓનો અખૂટ ખજાનો છે. પરંતુ સમાજ અને સંસારના સંઘર્ષોમાં તથા પરંપરાઓનાં બંધનોમાં આ શક્તિઓ કુંઠિત થઈ જાય છે. વડનું નાનકડું બીજ વિશાળ વૃક્ષ થવાની શક્યતાઓ ધરાવે છે. તેની માવજત અને ઉછેર યોગ્ય રીતે થવાં જોઈએ. મન પછી આવે છે, આત્મા. આત્મા તો અવર્ણનીય આનંદનો ભંડાર છે. પરંતુ આપણે આત્માના સ્વ-રૂપને પામી શક્યા નથી. દર્પણ ઉપર મેલ જામી ગયો હોય તો તેમાં બરાબર પ્રતિબિંબ પડે નહીં. આત્મા ઉપર મોહ, મમતા, છળકપટ, અને સ્વાર્થનો મેલ જામી ગયેલો છે. પરિણામે આપણે આપણા જ સ્વ-રૂપને ઓળખી શકતા નથી.

મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઈન કહેતા હતા કે મેં મારા મનની કુલ શક્તિઓના હજારમા ભાગનો પણ ઉપયોગ કર્યો નથી. જોકે એક મહાન વૈજ્ઞાનિકની આ સ્થિતિ હોય તો સામાન્ય માણસો વિશે તો શું કહેવું !

શરીરવિજ્ઞાન (Anatomy)ની મર્યાદાઓ છે.

શરીરની સંપૂર્ણ ચીરફાડ કરવામાં આવે તોપણ નાભિચક્ર, હૃદયચક્ર, મૂલધારચક્ર, સહસ્રદલકમળ, બ્રહ્મરંધ્ર, કુંડલિની વગેરે જોવા મળશે નહીં, તેમ છતાં, સાધકો કહે છે તે મુજબ શરીરની અંદર આ બધું છે તે સિદ્ધ હકીકત છે. સ્થૂળ પૂરું થાય ત્યાં પૂર્ણવિરામ આવતું નથી. પણ સૂક્ષ્મ શરૂ થાય છે. સૂક્ષ્મની અપાર શક્યતાઓનો વધુમાં વધુ તાગ કેમ ન મેળવવો ?

પશ્ચિમના આધુનિક મનોવૈજ્ઞાનિક ફ્રોઈડે મનનાં ત્રણ પડ બતાવ્યાં : ચેતન મન, અર્ધચેતન મન અને અચેતન મન. હજારો વર્ષ પહેલાં આપણા દેશના ઋષિમુનિઓએ મન અને આત્મા વિશે ઊંડું ચિંતન કર્યું હતું. પતંજલિ મુનિએ યોગશાસ્ત્ર વિશેના પોતાના ગ્રંથમાં મનનાં દશ સ્તર બતાવ્યાં છે. અધ્યાત્મ અને યોગવિદ્યા વિશે પ્રાચીનકાળમાં ગહન ગ્રંથો લખાયા છે. આપણે આ વિદ્યામાં રતિભાર પણ ઉમેરો તો કરી શક્યા નથી, ઊલટાનું ઘણું બધું ગુમાવ્યું છે. શિક્ષણના પ્રવર્તમાન માળખામાં અધ્યાત્મ અને યોગવિદ્યાના આપણા ભવ્ય વારસા માટે ખાસ કોઈ જોગવાઈ નથી, એ બાબત ખૂબ દુઃખદ છે.

## પૂ. વિમલાતાઈ શું કહે છે ?

શાળા-મહાશાળાઓના અભ્યાસક્રમમાં અધ્યાત્મવિજ્ઞાનનું એક પ્રશ્નપત્ર રાખી શકાય. જેમને વિશેષ રસ જાગે, તેમના માટે ઉચ્ચ શિક્ષણમાં અધ્યાત્મવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે ભણાવવાનો પ્રબંધ કરી શકાય. અધ્યાત્મવિજ્ઞાનના ક્ષેત્રે સંશોધનની અપાર શક્યતાઓ છે. આપણા દેશનાં વિશ્વવિદ્યાલયો સંશોધનનું આ બીડું ઝડપી શકે અને ચિત્તક્ષોભ અને સુખવાદથી દુઃખી વિશ્વને માર્ગદર્શન આપી શકે.

તનના આરોગ્ય માટે આસનો, મનના આરોગ્ય માટે પ્રાણાયામ અને આત્માના આનંદ માટે ધ્યાન, ધારણા, સમાધિ વગેરેના અભ્યાસની જોગવાઈ આપણા શિક્ષણમાં હોવી જોઈએ. અધ્યાત્મના ક્ષેત્રમાં વિમલાતાઈની સાધના જાણીતી છે. તેઓ 'અવધૂત પ્રસાદી' નામના પુસ્તકમાં લખે છે :

''હું તો ઇચ્છું છું કે પ્રાથમિક વિદ્યાલયોથી માંડીને બધાં વિદ્યાલયોમાં 'ધારણાશક્તિનો વિકાસ' એ એક વિષય હોવો જોઈએ. સૌ બાળકોને ચિત્તની એકાગ્રતા શીખવીને, એ એકાગ્રતાને કેમ ધારણ કરવી, કેમ વહન કરવી તે શીખવવું જોઈએ, જેથી એ બાળકોનાં ચિત્ત બળવાન બને.'' (પૃ. ૬૨)

અધ્યાત્મને જીવનમાં ઉતારવાથી જ માનવીય મૂલ્યો ટકી શકશે, આ બાબત સમજાવતાં તેઓ જણાવે છે :

''એટલા માટે એ કેન્દ્રમાંથી બહાર નીકળીને બીજા આયામ – another dimension of consciousness-માં પ્રવેશ કરવાનો આ જે માર્ગ છે તે સમાજ માટે ઉપકારક અને વ્યક્તિ માટે ઉદ્ધારક છે, તેવી મારી પોતાની તો શ્રદ્ધા છે. અધ્યાત્મને જીવનાભિમુખ બનાવવું અને સમાજસેવા કરનારાના જીવનમાં અધ્યાત્મનું અધિષ્ઠાન લાવવું – આ જ છે આપણું કામ ! જ્યાં સુધી અધ્યાત્મનું અધિષ્ઠાન નહીં સ્થપાય ત્યાં સુધી માનવીય મૂલ્ય ટકી નહીં શકે. જ્યાં સુધી '**अयमात्मा ब्रह्म**'ની પ્રતીતિ થઈ નથી ત્યાં સુધી સત્ય, ધર્મ અને ન્યાયની પ્રતિષ્ઠા મનુષ્યના ચિત્તમાં ટકી શકતી નથી.'' (પૃ. ૧૩૮)

ઉચ્ચ શિક્ષણની સર્વ વિદ્યાશાખાઓમાં – વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાનમાં – અધ્યાત્મવિજ્ઞાનનું એક પ્રશ્નપત્ર અનિવાર્ય રીતે ભણાવાય તો ઘણું સિદ્ધ થઈ શકે. જિજ્ઞાસુઓ માટે મુખ્ય વિષયનો પ્રબંધ પણ કરી શકાય.

## અધ્યાત્મનું આરોપણ ન થઈ શકે

સ્વિચ ઑન અને ઑફ કરવાથી જેમ વીજળીનો ગોળો ચાલુ-બંધ થાય, એ રીતે અધ્યાત્મના લાભો ન મળી શકે. અધ્યાત્મ એ વિવાદનો કે ભાષણ કરવાનો વિષય નથી, આચરણનો અને અનુભૂતિનો વિષય છે. આજનો વિદ્વાન (!) ''મૌનનું મહત્ત્વ'' એ વિશે એક-બે કલાકનું ભાષણ ઠપકારી દે ! પણ પોતે મૌન ન પાળે. અધ્યાત્મ સાથે આવો વ્યવહાર ન થઈ શકે. અધ્યાત્મનું આરોપણ ન થઈ શકે.

મધ્યકાળમાં ધર્મ અને સંસ્કૃતિનું જ્યારે પતન થયું, ત્યારે સંત, કવિઓ અને સાધકોએ તેનો જીર્ણોદ્ધાર કર્યો હતો. મોટા ભાગના સંત કવિઓ નિરક્ષર હતા તથા હલકી કહેવાતી જાતિમાં જન્મ્યા હતા ! તેમ છતાં, તેમની દૃષ્ટિ (vision) ખૂલી ગઈ હતી. શિક્ષણનાં ત્રણ સોપાન છે – માહિતી (information), જ્ઞાન (knowledge) અને દૃષ્ટિ (vision). આજનું શિક્ષણ કેવળ માહિતી આપે છે. જ્ઞાન ભાગ્યે જ આપે છે અને દૃષ્ટિ આપવાની વાત તો દૂર રહી, ક્યારેક દૃષ્ટિનો ભોગ લે છે !

અધ્યાત્મનું શિક્ષણ દૃષ્ટિ આપી શકે. મૂલ્યોના રક્ષણનો સવાલ, જો ઊકલી શકે તો, અધ્યાત્મશિક્ષણથી ઊકલી શકે.

**૧, ઉદયનગર સોસાયટી,**
**ધરમ સિનેમા રોડ, મહેસાણા-૨**
**મો. ૯૯૯૮૦૮૯૬૩૩**

# વર્તમાન સંદર્ભમાં વેદોનો રાષ્ટ્રવિચાર

પ્રો. ડૉ. અંબાલાલ પ્રજાપતિ

પરમાત્માના નિઃશ્વાસ સમાન વેદ જ્ઞાનનો ભંડાર અને ભારતીય સંસ્કૃતિનો અમર વારસો છે.

**'सर्वं वेदात प्रसिध्यति'** (મનુ. ૧૧-૯૭) એ મનુની પ્રખ્યાત ઉક્તિ પ્રમાણે બધી સત્યવિદ્યાઓનો ઉદ્ભવ વેદોમાંથી થયો છે. એ રીતે રાષ્ટ્રનો કે રાષ્ટ્રીય ભાવનાનો વિચાર પણ વેદોમાં સૂક્ષ્મ અને વ્યાપક એમ બંને દષ્ટિથી થયેલો જોવા મળે છે. રાષ્ટ્રને ધારણ કરનારાં તત્ત્વો જેવાં કે ભૂમિ, સમાજ, સંસ્કૃતિ, ભાષા આદિનો વેદમાં સંગોપાંગ વિચાર થયો છે. વેદમાં આવેલા ભિન્ન-ભિન્ન સૂક્તોના અનુશીલનથી પ્રસ્તુત બાબતની પ્રતીતિ થાય છે અને જણાય છે કે વેદ રાષ્ટ્રની આધ્યાત્મિક વિચારધારાને રજૂ કરી વર્તમાન ભૌતિક વિચારધારાને વિશ્વરાષ્ટ્રવાદ માટે અગ્રેસર થવાની સલાહ આપે છે.

### ૧. વેદોમાં રાષ્ટ્રવિભાવના

જ્યારે કોઈ પણ વિષયનો શાસ્ત્રીય દષ્ટિથી અભ્યાસ કરીએ ત્યારે તે વિષયની વિભાવનાનો વિચાર સૌપ્રથમ કરવો પડે. રાષ્ટ્ર એટલે શું ? રાષ્ટ્ર કોને કહેવાય ? રાષ્ટ્રની વ્યાખ્યા શી છે ? જિજ્ઞાસુ સંશોધકના મનમાં આ બધા પ્રશ્નો ઉદ્ભવે એ સહજ છે.

વેદોમાં 'રાષ્ટ્ર' શબ્દની કોઈ લિખિત વ્યાખ્યા નથી. વેદમાં 'રાષ્ટ્ર' શબ્દ કેવળ ભૂમિ કે તેમાં નિવાસ કરતી જનતાના અર્થમાં જ નથી પ્રયોજાયો. પરંતુ તેની વિશિષ્ટ વેદ સંમત પરિભાષા છે. **'राजते तद् राष्ट्रम्'** અર્થાત્ જે ભૂમિ પર નિવાસ કરનારો સ્થાયી સમુદાય પોતે પ્રાપ્ત કરેલ યશ તથા ગૌરવથી, રહેણીકરણીથી, ધન અને ઐશ્વર્યથી શીલ અને પરાક્રમથી પ્રકાશિત હોય છે, તથા રાષ્ટ્રના અન્ય દેશોને માટે અનુકરણીય અને આદર્શરૂપ હોય છે. થોડો વિસ્તાર કરીને, કહીએ તો વેદની દષ્ટિએ રાષ્ટ્ર એ છે કે જેમાં આદિત્ય (બ્રાહ્મણ), રુદ્ર (ક્ષત્રિય), વસુ (વૈશ્ય) અને વિશ્વદેવ (સેવક વર્ગ) પોતપોતાની મર્યાદામાં રહીને એકમતથી રાષ્ટ્રની ધારણા અને પોષણ કરે, પ્રદેશ ધનધાન્યથી સમૃદ્ધ હોય, તેના જીવનમાં દૈવી શક્તિ કે દિવ્યતાનો આવિષ્કાર હોય, પ્રજા પરાક્રમી અને શૂરવીર હોય, માતૃભાષા, માતૃસંસ્કૃતિ અને માતૃભૂમિ પ્રત્યે અવિસ્મરણીય પૂજ્ય ભાવ તથા સંપૂર્ણ સમર્પણ ભાવ હોય, દુષ્ટ લોકો અને શત્રુઓ માટે સદૈવ શસ્ત્રાસ્ત્ર ઉદ્યત હોય અને પ્રજામાં પરસ્પર પ્રેમ અને અતૂટ શ્રદ્ધા હોય તે રાષ્ટ્ર છે.

ઓક્સફર્ડ ડિકશનેરીમાં રાષ્ટ્રની વ્યાખ્યા નીચે પ્રમાણે મળે છે : 'Nation means community of peope Having mainly common decent, Histrory Language ete., formming state or inabitiating tearitory. ખાસ કરીને જેમનો વારસો, ઇતિહાસ અને ભાષા આદિ એક સમાન હોય એવો એક રાજ્યમાં નિવાસ કરતો સમાજ એટલે રાષ્ટ્ર. બંને વિભાવનાઓનો વિચાર કરતાં જણાશે કે વેદમાં રાષ્ટ્રની પ્રગતિશીલ વ્યાખ્યા છે. રાષ્ટ્ર તેજસ્વી અને આદર્શરૂપ બનવું જોઈએ. તેમાં વિશ્વરાષ્ટ્રનો સંકેત પણ છે.

### ૨. વૈદિક રાષ્ટ્રગીત (યજુ ૨૨ / ૨૨)

વેદમાં રાષ્ટ્રની ઉપર્યુક્ત વિભાવનાને પ્રતિભાષિત કરતું પ્રસિદ્ધ વૈદિક રાષ્ટ્રગાન કે રાષ્ટ્રગીત યજુર્વેદમાં મળે છે : **आ ब्रह्मन् ब्राह्मणो ब्रह्मवर्चसी जायतामा राष्ट्रे राजन्यः शूर इषव्योऽतिव्याधी महारथो जायतां दोग्ध्री धेनुर्वोढानड्वानाशुः सप्तिः पुरन्धिर्योषा जिष्णूः स्थेष्ट्राः सभेयो सुवास्य यजमानस्य वीरो जायतां निकामे निकामे नः पर्जन्यो वर्षतु फलवत्यो न ओषधयः पच्यन्तां योगक्षेमो नः कल्पताम् ।** (अजु. २२/२२)

હે પરમેશ્વર ! અમારા રાષ્ટ્રમાં બ્રહ્મતેજસ્વી, જિતેન્દ્રિય બ્રાહ્મણો પેદા થાય. શૂરવીર અસ્ત્રશસ્ત્રમાં પારંગત શત્રુઓનો નાશ કરનારા મહારથી ક્ષત્રિયો ઉત્પન્ન થાય. રાષ્ટ્રની શક્તિરૂપી ગાયમાતા અતિશય દૂધ આપનારી તેમ જ અતિશય ભાર વહન કરનારા સક્ષમ બળદો અને શીઘ્રગતિ ઘોડાઓ ઉત્પન્ન થાય. ગૃહધર્મમાં નિપુણ સ્ત્રીઓ હોય, અમારા યાજ્ઞિકોના પુત્રો યુવાન, સભાચતુર, રથી, વિજયી અને શૂરવીર થાય. સમયે સમયે વરસાદ પડતો રહે. અન્નાદિ વનસ્પતિ ફ્લવતી અને પરિપક્વ થાય. અંતમાં રાષ્ટ્રના યોગક્ષેમ માટે પ્રાર્થના કરી છે. યોગ એટલે પ્રાપ્યની રક્ષા અને ક્ષેમ એટલે અપ્રાપ્યની પ્રાપ્તિ. ઋષિએ કુશળતાથી સકલ રાષ્ટ્રની સમૃદ્ધિ અને તેની રક્ષાની પ્રાર્થના કરી લીધી છે.

વાસ્તવિક રીતે જોઈએ તો તેજસ્વી વિચારક વર્ગ સમૃદ્ધ અને સુદઢ રાષ્ટ્રનો આધાર છે. રાષ્ટ્રની રક્ષા માટે કુશળ

સૈનિકો, સ્વાસ્થ્યની રક્ષા માટે કૃષકો અને વૈશ્યો દ્વારા અન્ન આદિનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન, હેરાફેરી માટે ઘોડાઓ અને સક્ષમ બળદોની આવશ્યકતા, ગૃહકાર્યમાં કુશળ ગૃહિણીઓ, વિદ્યામાં પારંગત વીર યુવાનો, દાન આપનારા યજમાનો વરસાદ અને ફળફૂલથી લચી પડતી વનસ્પતિ આ બધું રાષ્ટ્રની સમૃદ્ધિ માટે અતિ આવશ્યક છે. આપણા દેશમાં રાષ્ટ્રીય ઉત્સવોના પ્રસંગોએ 'જન ગણમન' અને 'વંદે માતરમ્'ની સાથે પ્રસ્તુત વૈદિકરાષ્ટ્ર ગીત ગવાય તો કેવું સારું !

**૩. પૃથ્વી સૂક્ત (અથર્વ. ૧૨.૧)માં રાષ્ટ્રવિચાર**

બીજા બધા વેદો કરતાં અથર્વવેદમાં 'રાષ્ટ્ર' કે 'રાષ્ટ્રભાવના' વિશે વ્યાપક વિચાર થયો છે. અથર્વવેદમાં કુલ ૨૦ કાન્ડ, ૩૬ પ્રપાઠક, ૧૧૧ અનુવાક, ૩૧ સૂક્ત અને ૫૯૨૭ મંત્ર છે. મહર્ષિ પતંજલિએ અથર્વવેદની નવ શાખાઓનો સ્વીકાર કરેલો છે. ગોપથ બ્રાહ્મણ અનુસાર બ્રહ્માથી ૨૦ ઋષિઓ ઉત્પન્ન થયા. તેમણે અથર્વવેદના ૨૦ કાન્ડનો સાક્ષાત્કાર કર્યો. અથર્વા નામના બ્રહ્મા દ્વારા તે નિદર્ષિત થયા હોવાથી તે અથર્વવેદ કહેવાય છે. તેમાં ૧૨/ ૧, ૪/૩૦ અને ૩/૩૦ સૂક્તોમાં રાષ્ટ્રવિચાર કે રાષ્ટ્રભાવના સુંદર રીતે અભિવ્યક્ત થઈ છે.

પૃથ્વી સૂક્ત (૧૨/૧)માં કુલ ૬૩ મંત્રો છે. તેને માતૃભૂમિ સૂક્ત પણ કહેવામાં આવે છે. તેના પ્રથમ મંત્રમાં પૃથ્વીના ધારક તત્ત્વોનો વિચાર થયો છે અને સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરી છે.

**सत्यं बृहतमुग्रं दीक्षा तपो ब्रह्म यज्ञः पृथिवीं धारयन्ति ।**
**सा नो भूतस्य भव्यस्य पत्न्युरुं लोकं पृथिवी नः कृणोतु ।**
**(અથર્વ ૧૨/૧/૧)**

મહાન સત્યમાં નિષ્ઠા, યથાર્થજ્ઞાન, ક્ષાત્રતેજ, ધર્માનુષ્ઠાન, કાર્યકુશળતા અને યજ્ઞ, દાન કે ત્યાગ આ તત્ત્વો પૃથ્વીનું ધારણ અને પોષણ કરે છે. વિશ્વની તમામ સંસ્થાઓના ધારણ અને પોષણ માટે ઉપર્યુક્ત મંત્રને સામાન્ય સિદ્ધાંત તરીકે રજૂ કરી શકાય તેવી ક્ષમતા તેમાં છે.

કેટલાક મંત્રોમાં જલભંડારો, અન્નભંડારો તેમજ ખનીજ ભંડારો આદિનું વર્ણન છે, જેમ કે –

**यस्यां समुद्र उत सिन्धुरापो यस्थामन्नं कृष्टयः संबभूवुः ।**
**(૧૨-૧-૩)**

**विश्वंभरा वसुधानी प्रतिष्ठा हिरण्यवक्षा जगतो निवेशिनी ।**
**'माता भूमिः पुत्रो अहं पृथिव्याः ।'**
**(૧૨/૧/૧૨)**

પૃથ્વી સૂક્તનો સૌથી પ્રસિદ્ધ મંત્ર છે. આ માતૃભૂમિ અમારી માતા છે અને હું તેનો પુત્ર છું. અહીં પૃથ્વીને માતા બતાવી પોતાને તેનો પુત્ર બતાવાયો છે. પૃથ્વી પર માતૃભૂમિની ધારણાનો આ પ્રથમ ઉદ્‌ગાર છે. માતા જેમ સ્તનપાન કરાવી પુત્રનું પોષણ કરે છે. તેવી રીતે માતૃભૂમિ તેમાં ઉત્પન્ન થતાં અન્ન-જળ આદિથી તેનું પોષણ કરે છે. ભગવાન શ્રીરામ પણ રામાયણમાં પ્રસિદ્ધ શ્લોકમાં જનની અને જન્મભૂમિનું ગૌરવ કરતાં કહે છે :

**अपि स्वर्णमयी लंङ्का न मे लक्ष्मण रोचते ।**
**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥**

પૃથ્વી સૂક્તની એક અન્ય વિશેષતા એ છે કે તેમાં (૧૨/૧/૧૫)માં 'पञ्चजनाः'નો ઉલ્લેખ કર્યો છે. સમાજમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર ઉપરાંત શિલ્પી કે કારીગર વર્ગનો પણ ઉલ્લેખ છે. બીજા પણ અનેક મંત્રોમાં, ઋતુઓ, પશુઓ, પક્ષીઓનાં વર્ણન સાથે રાષ્ટ્ર રક્ષાનો પણ વિચાર થયો છે. આ રીતે રાષ્ટ્રભાવનાની તેમાં સુંદરતમ અભિવ્યક્તિ થઈ છે.

**૪. રાષ્ટ્રદેવી સૂક્ત (અથર્વ. ૪/૩૦)માં રાષ્ટ્રવિચાર**

રાષ્ટ્રદેવી સૂક્તમાં કુલ ૧૦ મંત્રો છે. સૂક્તની વિશેષતા એ છે કે રાષ્ટ્રદેવી પોતે જ આ બધા મંત્રો બોલે છે. રાષ્ટ્રના લોકોને રાષ્ટ્રદેવી પોતે જ સજીવન થઈને સંબોધન કરે ત્યારે સાશ્ચર્ય આનંદ ઉત્પન્ન થાય છે. રાષ્ટ્રદેવી કહે છે.

**अहं राष्ट्री संगमनी वसूनाम् । चिकितुषीप्रथमा यक्षियानाम् ।**
**तां मा देवा व्यदधुःपुरुत्राः । भूरिस्थात्रां भूयविशयन्तीम् ॥**
**(૪/૩૦/૩)**

હું રાષ્ટ્રદેવી છું, રાષ્ટ્રને માટે ધન એકઠું કરું છું, જે લોકો ઉદાર છે યજ્ઞ કરે છે, સૌપ્રથમ તેમનામાં હું પ્રવેશ કરું છું. રાષ્ટ્રના દરેક જડ અને ચેતન પદાર્થમાં હું વિદ્યમાન છું. દેવોએ મારો સ્વીકાર કર્યો છે.

આગળના મંત્રમાં રાષ્ટ્રદેવી સમાજના લોકો પર કરેલા ઉપકારની વાત કરે છે અને જણાવે છે કે રાષ્ટ્રભાવનાનો સ્વીકાર નહિ કરનારનો વિનાશ થાય છે.

**मया सो अन्नमत्ति यो विपश्यति । यः प्राणिति य इं श्रुणोत्युक्तम् ॥**
**अमन्तवो मां ते उप क्षियन्ति । श्रुधि श्रुत श्रद्धेयं ते वदामि ॥**
**(૪ / ૩૦ / ૪)**

રાષ્ટ્રદેવી જેના પર રીઝે છે કે પ્રસન્ન થાય છે, તેને બ્રહ્મા, ઋષિ કે વિદ્વાનની પદવી આપે છે, અને રાષ્ટ્રના વિકાસમાં તેમને સહભાગી બનાવે છે.

**अहमेव स्वयमिदं वदामि । जुष्टं देवेभिरुत मानुषेभिः ॥**
**यं कामये तं तमुग्रं कृणोमि । तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ॥**
**(૪/૩૦/૧)**

રાષ્ટ્રના રક્ષણ માટે રાષ્ટ્રદેવી સ્વયં ધનુષ્ય ધારણ કરી શત્રુઓનો પરાજય કરે છે. તે આકાશ ને પૃથ્વીને વ્યાપે છે.

**अहं रुद्राय धनुरातनोमि । ब्रह्मद्विषे शरवे हन्तवैउ ॥**
**अहं जनाय समयं कृणोमि । अहं द्यावाद्रचिरीा आ विवेश ॥**
**(૪/૩૦/૬)**

છેલ્લા મંત્રમાં બ્રહ્મભાવ કે વિશ્વભાવથી પ્રેરાયેલી રાષ્ટ્રદેવી પોતાની વિશ્વભાવનાના વ્યાપકરૂપનું વર્ણન કરે છે.

**अहमैव वात इव प्रवामि। आरभमाणा भुवनानि विश्वा।**
**परो दिवा पर एना पृथिव्याः। एतावती महिमा संबभूव।**

**(૪/૩૦/૧૦)**

રાષ્ટ્રદેવી પોતે જ પોતાના સ્વરૂપ અને શક્તિઓનું વર્ણન કરી રાષ્ટ્રભાવનાનો સ્વીકાર કરી સૌના કલ્યાણ માટે પ્રેરણા આપે એવું વર્ણન અન્યત્ર દુર્લભ છે.

**૫. સંજ્ઞાન સૂક્ત (ઋગ્વેદ ૧૦/૧૯૧)માં રાષ્ટ્રવિચાર**

ઋગ્વેદના સંજ્ઞાન સૂક્તમાં માત્ર ચાર જ મંત્રો છે પણ તે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા માટે અતિમૂલ્યવાન છે. એકતા, સમાનતા કે સંગઠન રાષ્ટ્રોન્નતિનું પ્રથમ સોપાન છે. સંગઠનથી જ શક્તિ ઉત્પન્ન થાય છે. ઋગ્વેદના આ અંતિમ સૂક્તમાં સમાજની એકતાનું દિવ્ય વર્ણન છે.

ચાલવામાં એકતા, બોલવામાં એકતા, વિચારમાં એકતા ભોગ ભોગવવામાં પણ એકતા.

**सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम्।**
**देवा भागं यथा पूर्वे संजानाना उपासते॥**

**(ઋ. ૧૦/૧૯૧/૨)**

પ્રસ્તુત મંત્ર સર્વ પ્રકારના ભેદભાવ મિટાવી ભિન્નતામાં પણ એકતાને જાળવી રાખવા આવાહન કરે છે. તમારા મંત્ર, સમિતિ, મન અને ચિત્ત એક હોય, હે મનુષ્યો એક સમાન ઉદ્દેશવાળા થાઓ. તમને એક સમાન અન્નાદિ સામગ્રી આપું છું.

**समानो मन्त्रः समितिः समानी**
**समानं मनः सहचितमेषाम्।**
**समानं मन्त्रमभिमन्त्रये वः**
**समानेन वो हविषा जुहोमि॥**

**(૧૦/૧૯૧/૨)**

આગળ ઋષિ જણાવે છે કે તમારો સંકલ્પ, તમારાં હૃદય એક હશે તો તમે એકસાથે રહી શકશો. સમાજ કે રાષ્ટ્રની એકતા કે સહઅસ્તિત્વ માટે આ પાયાની બાબતો છે. જુઓ :

**समानी व आकूतिः समाना हृदयानि वः।**
**समानमस्तु वो मनो यथा वः सुसहासति॥**

**(ઋ. ૧૦/૧૯૧/૪)**

**૬. સાંમનસ્ય સૂક્ત (અથર્વ 3/30)માં રાષ્ટ્રવિચાર**

અથર્વવેદમાં સૌમનસ્ય સૂક્તમાં ગૃહસ્થ જીવનની એકતા અને સમરસતાના સંબંધમાં જે ઉદાત્ત ભાવ પ્રકટ કરવામાં આવ્યો છે, તે પણ વૈદિક ધારાનો એક અમૂલ્ય નિધિ છે.

सुहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः।
अन्यो अन्यमभि हर्यतः वत्सं जातमिवाघ्न्या॥

**(અથર્વ. ૩/૩૦/૧)**

હે મનુષ્યો ! અમે આપને માટે હૃદયને પ્રેમપૂર્ણ બનાવનારા તથા સૌમનસ્ય વધારનારા કર્મ કરીએ છીએ. આપ સૌપણ તેવો જ વ્યવહાર કરો. જે રીતે ઉત્પન્ન થયેલા તાજા વાછરડાને ગાય સ્નેહ કરે. ગાય અને વાદરડાનું ઉદાહરણ આપીને પરિવારમાં પરસ્પરના પ્રેમને વધારે પ્રગાઢ બનાવવાનું સૂચવે છે.

પરિવારમાં પિતા, પુત્ર, પતિ અને પત્નીના મધુર સંબંધોને વાચા આપતો નીચેનો મંત્ર અવિસ્મરણીય છે.

**अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु संमना।**
**जाया पत्ये मधुमतीं वाचं वदतु शान्तिवाम्॥**

**(ઋ. ૩/૩૦/૨)**

વળી, પરિવારમાં ભાઈઓ અને બહેનો વચ્ચેના સ્નેહને વધારે પ્રગાઢ બનાવવાનો ઉદ્દેશ મનમાં રાખી ઋષિ કહે છે.

**मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमुत स्वसा।**
**सम्यञ्च सव्रता भूत्वा वाचं वहत भद्रया॥**

**( ૩/૩૦/૩)**

ભાઈ પોતાના ભાઈઓનો દ્વેષ ન કરે. બહેન પોતાની બહેનનો દ્વેષ ન કરે. તેઓ બધા એક વિચાર તથા એક કર્મવાળાં થઈ પરસ્પર કલ્યાણની વાતો કરે.

આગળના મંત્રમાં પરિવાર તૂટે નહિ એક અને અખંડ રહે તેવી ભાવના વ્યક્ત કરતાં ઋષિ કહે છે.

**जयाय स्वन्तश्चितिनो मा वि यौष्ट संराधयन्तः लघुराश्चरन्तः।**

**( ૩/૩૦/૫)**

પરિવારમાં આપ નાના-મોટાનું ધ્યાન રાખીને વ્યવહાર કરતાં સરખા વિચાર રાખીને તથા સમાન કાર્ય કરતાં જઈને એકબીજાથી અલગ ન થાઓ. પરિવારના હિતમાં ઉપદેશ આપતાં ઋષિ જણાવે છે કે જેમ ચક્રના આરા નાભિને આધારે રહે છે તેમ બધા સાથે મળીને રહો.

**समानी प्रपा सह वोऽन्नभागः समाने योवक्त्रे सह वो युर्नज्मि।**
**सम्यञ्चोऽग्निं सपर्यतारा नाभिमिवाभिमतः॥ (३/३०/६)**

એકતા અને સમાનતાની કામના કરનારા હે મનુષ્યો આપનું પાણી પીવાનું સ્થાન એક જ હોય, તથા અન્નનો ભાગ સાથે હોય. અમે આપને એક જ પ્રેમપાશમાં બાંધીએ છીએ. જેવી રીતે ચક્રના આરા નાભિને આધારે રહે છે, તેવી રીતે આપ બધાં પણ એક જ ફળની આશા રાખીને અગ્નિદેવની ઉપાસના કરો. આ પ્રમાણે સંજ્ઞાન સૂક્તમાં સામાજિક એકતા અને સમરસતાની તો સાંમનસ્યમાં પારિવારિક એકતા અને સમરસતાનો આદર્શ મૂર્તિમંત થયો છે. પરિવાર અને

સમાજની એકતા રાષ્ટ્રીય એકતા માટે અત્યંત મૂલ્યવાન છે.

**૭. વેદોમાં શાસન વ્યવસ્થા અને સુરક્ષા :**

(અ) ઋગ્વેદના ઐતરેય બ્રાહ્મણમાં અનેક પ્રકારની શાસન પદ્ધતિઓનો વિચાર થયેલો છે, જેમાં આઠ પ્રકારની શાસન પદ્ધતિનો નિર્દેશ છે.

**स्वति । साम्राज्यं भौज्यं स्वाराज्यं वैराज्यं पारमेष्ठयं राज्यं महाराज्यं आधिपत्यमयम्**

આ આઠ પ્રકારની શાસન પદ્ધતિમાં સામ્રાજ્ય ભોજ્ય, સ્વારાજ્ય, વૈરાજ્ય, પારમેષ્ઠયં, રાજ્ય, મહારાજ્ય અને આધિપત્યમય. આ ઉપરાંત બીજા વેદોમાં સમન્તપર્યાયી, જનરાજ્ય, સમર્ચરાજ્ય અને અધિરાજ્ય જેવા શાસન પ્રકારોનું વર્ણન છે.

આ પ્રમાણે વેદોમાં વિવિધ પ્રકારના રાજ્યશાસનનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ બધા જ પ્રકારની શાસન-વ્યવસ્થાથી ઋષિઓ સુપરિચિત હતા. તેમાં કયું શાસન પ્રજાનું કલ્યાણ કરવાવાળું છે અને કયું પ્રજાને પીડા પહોંચાડનારું છે, તે બાબતનું જ્ઞાન ઋષિઓને હતું. ઋષિઓ બધા પ્રકારના રાજ્યશાસનોની કસોટી જનહિતની દૃષ્ટિએ કરતા હતા. તેમાં ઋષિઓએ 'જનરાજ્ય' અથવા 'સ્વરાજ્ય' નામક શાસનની વ્યવસ્થાને ઉત્તમ શાસન વ્યવસ્થા તરીકે સ્વીકારી હતી.

સ્વરાજ્ય શાસન વ્યવસ્થા : આ પ્રકારની શાસન વ્યવસ્થામાં જનપદના અનેક નેતાઓ અથવા પ્રતિનિધિઓની અનુમતિથી રાજ્યશાસન ચલાવવામાં આવતું હતું. તે 'સ્વરાજ્ય' તરીકે ઓળખાતું. આ રાજ્યનું શાસન પ્રજા સ્વયં કરે છે અને તે પ્રમાણે શાસન ચાલે છે. બહુમતીથી શાસન ચાલતું. વર્તમાન લોકશાહી પદ્ધતિવાળું શાસન આ પ્રકારનું કહી શકાય.

જનરાજ્ય શાસન વ્યવસ્થા : 'જનરાજ્ય' એટલે લોકોનું રાજ્ય, પ્રજાજનોનું રાજ્ય. જે રાજ્ય પ્રજાજનોની સંમતિથી પ્રજાજનોની ભલાઈ માટે, પ્રજાજનોએ પસંદ કરેલા પ્રતિનિધિઓ દ્વારા ચલાવવામાં આવે છે. એનો બધો જ શાસનનો અધિકાર પ્રજાજનોને અધીન રહે છે. આમ 'સ્વરાજ્ય' અને 'જનરાજ્ય' બંને એક સિક્કાની બે બાજુઓ જેવા વર્તમાન લોકશાહી પદ્ધતિને અનુસરનારા હતા. પ્રજા પોતે જ પોતાનું શાસન કરે એટલે પ્રજાના અકલ્યાણનો કોઈ પ્રશ્ન જ રહે નહિ. પહેલાં જેવો રાજા તેવી પ્રજા એમ કહેવાતું. આજે જેવી પ્રજા તેવું તેનું શાસન.

(બ) અનેક નરવીરોના બુદ્ધિ અને બાહુબળથી પ્રાપ્ત થયેલ સ્વરાજ્યનું રક્ષણ, સંવર્ધન અને પોષણ કરવું, તે પ્રત્યેક નાગરિકની ફરજ છે.

ઋગ્વેદના સ્વરાજ્ય - સૂક્ત (૧/૮૦)માં કુલ ૧૬ મંત્રો છે. પ્રત્યેક મંત્રના અંતમાં 'स्वराज्यम्' શબ્દ મળે છે. રાષ્ટ્રને ચિરસ્થાયી બનાવવાનો વિચાર પ્રસ્તુત સૂક્તમાં રજૂ થયો છે. અહીં જણાવ્યું છે કે પોતાના રાજ્યની શક્તિ અને પ્રતિષ્ઠાને સ્થિર રાખો, દેશની અંદર રહેલા કુટિલ શત્રુઓથી સાવધ રહો અને તેમને સખત શિક્ષા કરો. રાષ્ટ્રની સૈન્યશક્તિ પ્રબળ રહે. પ્રજા પર તાપ અને પ્રેમ સમાન રીતે રહે. આક્રમક શત્રુનું દમન, મિત્ર રાજ્યો સાથે મિત્રતાધર્મનો નિભાવ. સ્વયં ઐશ્વર્યવાન હોવા છતાં ઉદારતા રાખે, પ્રજાનું સન્માન કરે, અમાત્ય અને અન્ય અધિકારીવર્ગ રાજ્યની દેખભાળ રાખે. રાજ્યની શક્તિ પ્રબળ હોય કે જેથી શત્રુ સદા કાંપતો રહે. પ્રસ્તુત સૂક્તમાં ઇન્દ્રને આપવામાં આવેલી ઋષિની સલાહ આજે પણ એટલી જ પ્રસ્તુત છે.

રાષ્ટ્રની સુરક્ષાની બાબતમાં એક વાત બરાબર ધ્યાનમાં રાખવા જેવી છે કે સંગઠનમાં શક્તિનો સંચાર હોય છે. આખું રાષ્ટ્ર સંગઠિત હોય તો શત્રુ તેને પરાજિત કરી શકતો નથી. સંગઠનથી મનુષ્યોનાં હૃદયો એક બને છે અને રાષ્ટ્રની સુરક્ષા સહેલાઈથી થાય છે. એકતા ન હોય, અંદરોઅંદર ફાટફૂટ હોય તો શત્રુઓ ફાવી જાય છે. આપણા દેશનો એક હજાર વર્ષનો ઇતિહાસ તેની સાક્ષી છે. પ્રજા અને રાષ્ટ્રમાં સમષ્ટિ-વ્યષ્ટિનો ભાવ નિહિત છે. વ્યષ્ટિરૂપમાં રાષ્ટ્રની આધારશીલા નાગરિક હોય છે, અને નાગરિકના સમષ્ટિભાવને રાષ્ટ્ર કહેવાય છે. રાજા અને પ્રજામાં શાસ્ય-શાસકભાવ સંબંધ હોય છે. જ્યારે દેશમાં અનુશાસનનો ભાવ રહેતો નથી ત્યારે શાસનમાં ચારુતા આવી શકતી નથી.

**૮. ઉપસંહાર :**

વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે. આપણા ધર્મ સંપ્રદાયો, આપણી જાતિ-પ્રજાતિઓ ભાષા-પ્રભાષાઓ, ખાનપાન રહેણી-કરણી ભિન્ન હોવા છતાં આપણી સંસ્કૃતિ એક છે. હજારો વર્ષોથી વૈદિક પરંપરાથી ચાલ્યો આવતો આપણો સમાજ એક છે. તેને હિન્દુ રાષ્ટ્ર, ભારતીય રાષ્ટ્ર કે બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર એવું કોઈ પણ નામ આપો તેથી કોઈ ફરક પડતો નથી. વૈદિક પરંપરાથી ચાલી આવતી આ સંસ્કૃતિ, સમાજ અને રાષ્ટ્ર અખંડ અને એક છે. અહીં એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે વ્યક્તિ રાષ્ટ્રને માટે છે, રાષ્ટ્ર વ્યક્તિને માટે નથી. તેથી પ્રત્યેક વ્યક્તિનું પરમ કર્તવ્ય છે કે તે રાષ્ટ્રની એકતા અને અખંડતા જાળવી રાખવામાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન પ્રદાન કરે.

આપણી સંસ્કૃતિ સહિષ્ણુ અને ઉદાર છે. તેથી જ આપણે પારસી અને યહૂદી જેવી વિદેશી સંસ્કૃતિના શરણાર્થીઓને આશ્રયસ્થાન આપ્યું. વિદેશી આક્રમણ કરનારાઓએ આ દેશની સંસ્કૃતિ પર ઘણા પ્રહારો કર્યા તેને નેસ્ત-નાબૂત કરવા આકાશ-પાતળ એક કર્યાં. પણ ભારતીય સાંસ્કૃતિક એકતાને વિક્ષિપ્ત કરી શક્યા નહિ, દેશની

સાંસ્કૃતિક એકતાનું બળ તેની સહિષ્ણુતા અને ઉદારતામાં રહેલું છે.

દેશમાં અનેક ધર્મ અને સંપ્રદાયો છે. પણ તેમનામાં આંતરિક એકતા છે. આત્માનું અમરત્વ, પરબ્રહ્મની એકતા, કર્મ-પુનર્જન્મ, મોક્ષ, નિર્વાણ, ઈશ્વરભક્તિ આદિ તત્ત્વ બધા ભારતીય સંપ્રદાયોમાં એક સરખા છે. ગૌ, ગંગા ગાયત્રી અને બ્રાહ્મણ સૌને માટે પૂજનીય છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગણેશ, કૃષ્ણ, રામ બધા દેશમાં શ્રદ્ધાસ્પદ છે. વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, ગીતા આદિ ગ્રંથો પ્રત્યે સહુને આદરનો ભાવ છે.

ભારતના ભિન્ન-ભિન્ન પ્રાન્તોમાં જુદીજુદી ભાષાઓ વ્યવહારમાં હોવા છતાં સર્વ ભાષાઓની જનની સંસ્કૃતથી ભાષાઓની એકતા સિદ્ધ છે. સંસ્કૃત ભાષામાં રચાયેલા ધર્મગ્રંથોએ રાષ્ટ્રની એકતામાં સૌથી વધારે યોગદાન આપ્યું છે. ગંગાજળ પવિત્ર માનવામાં આવે છે. માત્ર ઉત્તરના જ નહિ દક્ષિણના લોકો પણ ગંગાજળ લાવીને રામેશ્વરમાં અભિષેક કરે છે. નગરીઓમાં અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી અવન્તિકા, પુરી અને દ્વારિકાને દર્શનીય અને પવિત્ર માનવામાં આવી છે. તેમ નદીઓમાં ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિન્ધુ અને કાવેરીને પવિત્ર અને તીર્થરૂપ માની છે. આ રીતે આપણાં તીર્થસ્થાનો નગરો અને નદીઓ રાષ્ટ્રીય એકતાના અદ્વિતીય નિદર્શક છે.

આ રીતે વેદ માનવમાત્રના વ્યક્તિત્વના વિકાસ માટે, સામાજિક વ્યવસ્થા માટે, શોષણ તેમ જ આતંકથી રક્ષણ માટે સુનિયોજિત માનવવાદી શાસનતંત્ર પ્રસ્તુત કરે છે. તેનો મૂળ સિદ્ધાંત છે માનવસમુદાયને તથા તેમાં રહેનાર મનુષ્યોને પૃથક્ પૃથક અંગ ગણે બધાને સમાન નાગરિક અધિકાર તેમ જ શારીરિક, માનસિક તથા આત્મિક વિકાસ માટે સમાન સુવિધાઓ પ્રદાન કરે છે. આ રીતે વૈદિક શાસન પ્રણાલી પૂર્ણતઃ જનતંત્રીય પ્રણાલી છે. તેમાં મનુષ્યના સ્વાભાવિક અંતર તથા મનોવૈજ્ઞાનિક તથ્યોને ધ્યાનમાં લઈ પોતપોતાની યોગ્યતા, કાર્યશક્તિ આદિના આધાર પર જ અલગ-અલગ અધિકાર અને સ્થાન આપ્યાં છે. વેદમાં રશિયા અને ચીનનો ભૌતિકવાદી અંધ સામ્યવાદ નથી, પરંતુ માનવમાત્રને ઈશ્વરના સંતાન ગણી સૌના પ્રતિ દયા અને સહાનુભૂતિ રાખવાવાળો અને સૌમાં એક આત્માનું દર્શન કરાવવાવાળો આધ્યાત્મિક સમાજવાદ છે. તેથી વ્યક્તિ કે સમાજના શોષણનો પ્રશ્ન ઊભો થતો નથી. વ્યક્તિ અને સમાજ પરસ્પરના સહાયક બનીને રાષ્ટ્રનું કલ્યાણ કરે છે. અહીં વ્યક્તિ અને સમાજ એકબીજાના વિરોધી નહિ પણ પરસ્પર પૂરક બનીને આગળ વધે છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીના 'એકાત્મ માનવતા વાદ'ના પાયામાં વેદોનું એકાત્મ માનવદર્શન જ રહેલું છે.

લોકહિતમાં પોતાના જીવનની આહુતિ અર્પણ કરનારા યજ્ઞમય વ્યક્તિ જ આ પ્રકારના શાસનતંત્રની સરકારના સદસ્ય બનવાના અધિકારી છે. એના શાસનાધિકારીઓ માટે કઠોર અને નૈતિક બંધન છે. આ નૈતિક કર્તવ્યો અને માનવસેવાના વ્રતથી ભ્રષ્ટ થતાં જ સમ્રાટ પણ પોતાનો અધિકાર ખોઈ બેસે છે. એટલે ભ્રષ્ટ અધિકારીઓને તેમાં સ્થાન નથી. ત્યાગ અને તપસ્યાનું પ્રતીક બ્રાહ્મણ બળ તેનું નિયંત્રણ રાખે છે તથા તેનું ઉચિત માર્ગદર્શન કરે છે. એટલે જ યજુર્વેદમાં કહ્યું, **'वयं राष्ट्रे जागृयांम् पुरोहिताः ।'** અહીં 'પુરોહિત' શબ્દને આધુનિક સંદર્ભમાં રાષ્ટ્રનું હિત વિચારનારા પ્રત્યેક વિચારકના વિશેષ કરીને સરકારના સલાહકાર વર્ગના અર્થમાં સમજવાનો છે.

આમ આપણા ઋષિઓએ અનેક વેદોક્ત મંત્રોના માધ્યમથી જનમાનસમાં રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રાનુરાગનું બીજારોપણ કરવાનો પ્રયાસ કર્યો છે. રાષ્ટ્રપ્રેમની ભાવનાથી ઓતપ્રોત વ્યક્તિ જ જનકલ્યાણના માર્ગમાં પ્રવૃત્ત થાય છે. રાષ્ટ્રોત્થાનમાં જ વ્યક્તિનું હિત સુરક્ષિત છે. વાસ્તવિક રૂપમાં માનવ પોતાની સત્તાનો આભાસ કરાવવા ઇચ્છતો હોય તો તેણે રાષ્ટ્રોત્થાન પ્રતિ દૃઢ સંકલ્પની ભાવનાથી પોતાનું સમર્પણ કરવું પડશે. કારણ રાષ્ટ્રના અભિન્ન અંગના રૂપમાં તેની પણ વ્યાપ્તિ છે. એમ કહી શકાય કે રાષ્ટ્રના સંવર્ધન અને સંરક્ષણમાં જ વ્યક્તિનું હિત સુરક્ષિત અને સંવર્ધિત છે.

આજે જ્યારે દેશમાં સર્વત્ર ભાવાત્મક એકતા તેમ જ રાષ્ટ્રીયતાનો સદંતર અભાવ જોવા મળે છે અને દેશમાં અને દેશ બહારની રાષ્ટ્રવિરોધી શક્તિઓ માથું ઊંચકે છે અને રાષ્ટ્રને અસ્થિર કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે દેશના લોકો અસુરક્ષાના ભાવનો અનુભવ કરે અને લોકશાહી કે બંધારણ ખતરામાં હોય તેવું લાગે તે સ્વાભાવિક છે. રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સામે ઊભા થયેલા પડકારને સમજી સવેળા તેને જાકારો આપવામાં જ દેશનું હિત રહેલું છે.

વૈદિકધર્મ પ્રાચીન હોવા છતાં આજે પણ એટલો જ મૂલ્યવાન અને પ્રસ્તુત છે. તે હજારો વર્ષોથી માનવમાત્રનું માર્ગદર્શન કરતો આવ્યો છે. સ્વાર્થ, દ્વેષ, વૈમનસ્ય અને હિંસાથી પીડિત માનવતાની રક્ષા માટે વેદોક્ત રાષ્ટ્રીય ભાવના કે એકત્વની ભાવના જ ઉપકારક સિદ્ધ થઈ શકશે. **॥ शिवमस्तु ॥**

**પ્રો. અંબાલાલ પ્રજાપતિ**

૨૫, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર,

મો. ૯૮૨૫૯૨૧૩૯૭

**(હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા તા. ૧૬-૧૮ જૂન, ૨૦૧૮ દરમિયાન આયોજિત પ્રિ. ડૉ. મણિભાઈ આઈ. પ્રજાપતિ સંસ્કૃત વ્યાખ્યાનમાળામાં પ્રસ્તુત)**

# કેરાલાની ગણિત અને ખગોળશાસ્ત્રની શાળા

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

ગણિતશાસ્ત્રના ઇતિહાસકારો એવું માનતા કે ભાસ્કર (1114-1185) પછી કોઈ ભારતીય ખગોળશાસ્ત્રી કે ગણિતશાસ્ત્રી થયું નથી. 1832માં ચાર્લ્સ એમ. વિશે (Charles M. Whish) માધવ અને તેમના વિદ્યાર્થીઓએ શ્રેણી (Series) ઉપર કરેલા કામ વિષેનો લેખ Transactions of the Royal Asiatic Society of Great Britian and Ireland માટે લખ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે ભાસ્કર પછી અંત આવ્યો નથી. વિશ બ્રિટિશ સિવિલ અધિકારી હતા અને ભારત વિષેનું સારું જ્ઞાન ધરાવતા હતા. સો વર્ષ સુધી આની કોઈએ નોંધ લીધી નથી. 1940માં ફરીથી ઊંડાણપૂર્વક આ બધાનો અભ્યાસ પ્રો. સી. ટી. રાજગોપાલ, તેમના સહાધ્યાયીઓ અને તેમના વિદ્યાર્થીઓએ શરૂ કર્યો. સાથે સાથે કે. વી. સર્માનું (K. V. Sarma) પુસ્તક, ''A History of the Kerala School of Hindu Astronomy'' 1972માં પ્રસિદ્ધ થયું. ભારતીય ગણિત-શાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓના કામની યોગ્ય કદર થાય તે માટે એકલા હાથે લડનાર મૂળ કેરાલાના પ્રો. જ્યોર્જ ગેવેરગેસ જૉસેફ (George Gheverghese Joseph)નાં બે પુસ્તકો, 'The crest of the Peacock' અને 'Indian Mathematics' ખૂબ જ અગત્યનાં છે. ખરેખરભારતસરકારેતેમનાકામનીકદરકરીને 'પદ્મશ્રી'થી સન્માનવા જોઈએ.





આકૃતિ 1

આકૃતિ 1માં બતાવેલા કેરાલા રાજ્યની કોચીન શહેરથી થોડાક કિલોમીટરના અંતરે આવેલા સંગમગ્રામ (Sangamgram)ના બકુલ વિહારમાં માધવે (1340-1425) ગણિત અને ખગોળની શાળા સ્થાપેલી. માધવ વિષેની થોડીક માહિતી જાણીતી છે. તેઓ કર્ણાટકના દરિયા કિનારાના વિભાગમાંથી આવ્યા હતા અને એમ્પ્રાન્તિરિ

(Emprantiri) બ્રાહ્મણ હતા જે નામ્બુથિરિ (Nambuthiri) બ્રાહ્મણ કરતાં નીચા ગણાય. આખરે એમ્પ્રાન્તિરિ નામ્બુથિરિની પેટા જ્ઞાતિ બની અને તેમના લખેલા પુસ્તક 'વેનવરોહા' (Venvaroha)માં તેમની ગામની અને ઘરની માહિતી આપેલી છે. તેમનું સંગમગ્રામ હાલમાં ઇરિન્જાલકુડા (Irinjalkuda)ના નામથી ઓળખાય છે અને કોચીનની નજીક આવેલું છે. તેમના ઘરનું નામ 'બકુલાધિસ્થિત્ વિહારમ્' સંસ્કૃતમાં અને 'ઇલેઇનિન્નાપલ્લિ' (Ilaininnapalli) મલાઈ ભાષામાં હતું. ઈલ્લામ (Illam) એ તામિલ શબ્દ છે, જેનો અર્થ મોટા આંગણા સાથેનું મકાન. તે સમયના ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ ઇલ્લામમાં જ રહેતા અને વિદ્યાર્થીઓને ત્યાં જ ભણાવતા. વિદ્યાર્થીઓ ઈલ્લામમાં જ રહેતા. માધવનું ગામ સાતમી અને આઠમી સદીના બ્રાહ્મણો માટેનાં વસવાટનાં 32 ગામોમાંનું એક ગામ હતું. માધવનું મોટા ભાગનું ગણિતનું કામ અદશ્ય થઈ ગયું છે જ્યારે ખગોળશાસ્ત્રનું કામ બચી ગયું છે.

આકૃતિમાં 2માં આ શાળાના અગત્યના વિદ્યાર્થીઓ આપ્યા છે, જેમણે તે સમયે અગત્યનાં પુસ્તકો લખેલાં.




**આકૃતિ 2**

દામોદર પરમેશ્વરના પુત્ર હતા. દામોદરના બે પ્રસિદ્ધ વિદ્યાર્થીઓ નિલકંઠ અને જ્યેષ્ટદેવ હતા. નિલકંઠના લખવા પ્રમાણે પરમેશ્વર માધવ પાસેથી ઘણું બધુ શીખેલા. નિલકંઠ સો વર્ષથી વધારે જીવેલા અને આખી જીંદગી ઘણા વિદ્યાર્થીઓને શીખવેલું. જેમાંના ઘણા તે સમયના નામાંકિત વિદ્વાનો બનેલા. નિલકંઠ અને દામોદરનો વિદ્યાર્થી જ્યેષ્ઠદેવ જેણે કેરાલા સ્કુલનું અગત્યનું પુસ્તક 'યુક્તિભાસ (Yuktibhasa)' લખેલું. કેરાલાના તે સમયના ખગોળશાસ્ત્રીઓ જે બધાં પ્રમેયો અને સૂત્રો વાપરતા તે 'યુક્તિભાસ'માં છે. આ બધાં પ્રમેયો અને સૂત્રોની વ્યુત્પત્તિઓ (Derivations) 'યુક્તિભાસ'માં છે.

માધવ પછીના ગણિતશાસ્ત્રીઓ અને ખગોળશાસ્ત્રીઓ પરમેશ્વર, નિલકંઠ અને જ્યેષ્ઠદેવના પુસ્તકો ઉપરથી એવું જણાય કે માધવે $sin\ x$, $cos\ x$ $\pi$ અને $tan^{-1}\ x$ની ઘાત શ્રેણીઓ મેળવેલી જે ન્યૂટન અને લાઇબ્નિઝના 200 વર્ષ પહેલાં મેળવેલી.

'યુક્તિભાસ'ના બે ભાગ છે. પહેલો ભાગ ગણિતનો છે. તેમાં માધવની મેળવેલી ઘાત શ્રેણીઓ પણ છે. બીજો ભાગ ખગોળશાસ્ત્રનો છે.

યુક્તિભાસ 1530ની આસપાસ નિલકંઠના 'તંત્ર સંગ્રહ'ને લંબાણપુર્વક સારી રીતે સમજાવવા લખાયેલું. 'યુક્તિભાસ'નું અંગ્રેજીમાં ભાષાંતર કે. વી. સર્માનું 2008માં પ્રસિદ્ધ થયું છે, પણ ખૂબ જ મોંઘું છે. એમેઝોન.કોમ ઉપર મળે છે. યુક્તિભાસ લગભગ ચારસો વર્ષ લોકપ્રિય પુસ્તક હતું. 'યુક્તિભાસ'ની મલયાલમ ભાષામાં લખાયેલાંની પ્રતો કેરાલામાં ઘણી લાયબ્રેરીઓમાં સરસ રીતે સાચવી રાખવામાં આવેલી છે. આ પ્રતો ઉપરથી સંસ્કૃતમાં થયેલું ભાષાંતર Indian Institute of Advanced Study એ પ્રસિદ્ધ કર્યું છે. યુક્તિભાસની શરૂઆતમાં કોઈ જગ્યાએ લેખકનું નામ નથી; પણ બીજી ઘણી જગ્યાએથી મળતા પુરાવા પરથી કહી શકાય કે જ્યેષ્ઠદેવે આ પુસ્તક લખેલું. જ્યેષ્ઠદેવનું કૌટુમ્બિક ઘર હજુયે અલટુર અને ટ્રક્કાન્ટિયુર (Alattur and Trakkantiyar)ની નજીકમાં છે.

**sine and cosineની ઘાત શ્રેણીઓ (Power Series) :**

'યુક્તિભાસ'માં માધવની સાઇન શ્રેણીની વ્યુત્પત્તિ (derivations) આપેલી છે. 'તંત્ર-સંગ્રહ'માં લેખક નીચેના શ્લોકથી શરૂઆત કરે છે.

निहत्य चापवर्गेण चापं ततत् फलानि च।
हरेत् समूलयुगवर्गैस्त्रिज्याव गॉहतैः क्रमात्।
चॉप फलानि चाधोऽधौ न्यस्योपर्युपरि त्यजेत् जीवाप्त्यै...

**સાર :** ચાપ $a$ પહેલી રકમ છે. ચાપને ચાપના વર્ગથી ગુણીને જે મળે તેને પહેલી બેકી સંખ્યાના વર્ગને તે સંખ્યાથી વધારીને જે મળે તે સંખ્યાને $r^2$ વડે ગુણતાં જે મળે તેનાથી ભાગતાં

બીજી રકમ = $\dfrac{a \cdot a^2}{(2^2 \quad 2)r^2} = \dfrac{a^3}{3!\, r^2}$ મળે.

આ જ રીતે ત્રીજી રકમ મેળવો. એટલે કે બીજી રકમને ચાપના વર્ગથી ગુણતાં જે મળે તેને બીજી બેકી સંખ્યાના વર્ગને તે સંખ્યાથી વધારીને જે મળે તેને $r^2$ વડે ગુણતાં જે મળે તેનાથી ભાગતાં,

ત્રીજી રકમ = $\cdot$ = $\dfrac{a^5}{5!\, r^4}$ મળે.

આ જ રીતે શ્રેણીની બીજી રકમો મેળવો.

છેલ્લે બેકી રકમોનો સરવાળો એકી રકમોના સરવાળામાંથી બાદ કરતાં *sine* ના ચાપ *r* ની કિંમત મળે એટલે કે,

$sin$ જ્યા = જ્યા $\theta = a -$ + − +...

$a = r\theta$ હોઈને

$sin$ જ્યા = જ્યા $\theta = r\ sin\,\theta = r\theta -$ + − +...

$\therefore\quad sin\,\theta = \theta -$ + − +... છે.

આ જ પ્રમાણે $r\,(1 - cos\,\theta)$ ની શ્રેણી 'તંત્ર-સંગ્રહ'ના નીચેના શ્લોકમાં આપી છે :

निहत्य चापवर्गेण रुपं ततत् फलानि च।
हरेत् विमूलयुग्वर्गैस्त्रिज्यावर्गहतैः क्रमात्।
किन्तु व्यासदलेनैव द्विघ्नेनाद्यं विभज्यताम्।
फलान्यधोऽधःक्रमशो न्यस्योपर्युपरि त्यजेत्।
शराप्त्यै...

**પહેલી રકમ :** ચાપના વર્ગને $2r$ વડે ભાગો એટલે કે પહેલી રકમ = .

**બીજી રકમ :** પહેલી રકમને ચાપના વર્ગથી ગુણીને જે મળે તેને બે કરતાં વધારે પહેલી બેકી સંખ્યાના $a^2$ $4)\,r^2$ વર્ગને તે સંખ્યાથી ઘટાડીને જે મળે તેને $r^2$ વડે ગુણીને ભાગતાં

બીજી રકમ : . $= \dfrac{a^4}{4!\,r^3}$

ત્રીજી રકમ : . $= \dfrac{a^6}{6!\,r^5}$

બેકી રકમનોનો સરવાળો એકી રકમોના સરવાળામાંથી બાદ કરતાં

ઉત્તક્રમજ્ય $\theta = r\,(1 - cos\,\theta) =$ − + − +...

$a = r\theta$ મૂકતાં,


$r\,(1 - cos\,\theta) =$ − + − +...

$\therefore\quad cos\,\theta = 1 -$ − + +...

આ *sine* અને *cosine* ની ઘાત શ્રેણીઓ છે તે માધવે મેળવેલી. આ ન્યૂટન અને લાઇબ્નિઝે માધવના મેળવ્યા પછી બસો વર્ષે મેળવેલી.

આ શ્રેણીઓ મેળવવા માટે નીચેનાં પરિણામોની જરૂર પડતી હોઈને તે પરિણામો મેળવીશું. આ પરિણામો 'યુક્તિભાષા'ના 165 અને 173માં પાનાઓમાં છે તેમજ નિલકંઠ સોમયાજીના 'આર્યભાટિયા-ભાષ્ય'ના ગણિતપાડા વિભાગમાં પાન 48-50 માં છે.

(1) $d(r\ sina) = r\ cosa$ (2) $d\ (r\ cosa) = r\ sina$




**આકૃતિ 4**

AB વર્તુળની ચતુર્ભુજ ચાપ છે અને વર્તુળનું કેન્દ્ર C અને ત્રિજ્યા R છે. ચાપ $AP_0 = a$ માં થોડોક વધારો ચાપ $P_0P_1 = da$ છે. આકૃતિ 4માં સ્પષ્ટ દેખાય તે માટે $P_0P_1$ મોટી બતાવાઈ છે. P ચાપ $P_0P_1$ નું મધ્યબિંદુ છે. $P_0Q_0$, PQ, $P_1Q_1$, $P_0$, P અને $P_1$ માંથી CA ઉપર દોરેલો લંબો છે. એ જ રીતે $P_0R_0$, $P_1R_1$, $P_0$ અને $P_1$ માંથી CB ઉપર દોરેલા લંબો છે. CP, $P_1Q_1$ ને M બિંદુએ અને $P_0P_1$ ને N બિંદુએ છેદે છે. $P_1Q_1$ અને $P_0R_0$ S બિંદુએ છેદે છે.

$\Delta^S$ $P_1NM$ અને $CMQ_1$ માં

$\angle P_1MP = \angle CMQ_1$ (સામસામેના ખૂણાઓ)

$\angle P_1NM = \angle MQ_1C = 90^o$

$\therefore$ $\Delta^S$ $P_1NM$ અને $CMQ_1$ સમરૂપ (similar) છે.

$\therefore$ $\angle Q_1CM = \angle MP_1N$

હવે $\Delta^S$ $P_0SP_1$ અને CPQ માં

$\angle PCQ = \angle SP_1P_0$

$\angle PQC = \angle P_1SP_0 = 90^o$

$\therefore$ $\Delta^S$ $P_0SP_1$ અને CPQ સમરૂપ છે.

$$\therefore \quad \frac{P_1S}{CQ} = \qquad =$$

આથી, $P_1S =$ અને $P_0S = \frac{PQ \cdot P_0P_1}{CP}$

આકૃતિ 4 માં બતાવેલી ચાપ $P_0P_1$ બતાવ્યા કરતાં ખૂબ જ નાની હોઈને, ચાપ $P_0P_1$ બરાબર જીવા $P_0P_1$ લઈ શકીએ અને P એ સાઇન જીવા અને *cosine* જીવા બરાબર $P_0$ એની *sine* જીવા અને *cosine* જીવા થાય. આથી,

$$P_1S = sine \text{ નો તફાવત } = \frac{P_0 \text{ એ } cosine \text{ ચાપ } x \text{ ચાપમાં વધારો}}{\text{ત્રિજ્યા } r}$$

હાલના સંકેતો (Notation) વાપરતાં,

$$d\,(r \;\; sin a) = (r \;\; cos a)\frac{da}{r}$$

આ જ રીતે,

$$P_0S = cosine \text{ નો તફાવત } = \frac{P_0 \text{ એ } sine \text{ ચાપ } x \text{ ચાપમાં વધારો}}{\text{ત્રિજ્યા } r}$$

$$= r \;\; sin a$$

$\frac{P_0P_1}{CP}$ $\frac{da}{r}$ હાલના સંકેતો વાપરતાં,

$$d\,(r \;\; cos a) = r \;\; sin a$$

આ બંને પરિણામો વારંવાર વપરાય છે.

(2) *sine* ના તફાવતના તફાવત $= r \;\; cos a$ અને

*cosine* ના તફાવતના તફાવત $= r \;\; sin a$ આપણે સાબિત કરીશું.

આ પરિણામ યુક્તિભાસના પાન 173 અને નિલકંઠ સોમયાજીના આર્યભટિઆ ભાષ્યમાં પાન 51-53માં પણ આપેલું છે.

બીજો *sine* નો તફાવત = બે *sine* ના તફાવતો વચ્ચેનો તફાવત

= બીજો *sine* નો તફાવત − પહેલો *sine* નો તફાવત

$= d\,(r \;\; sin a)$ બીજો $-$ $d\,(r \;\; sin a)$ પહેલો

= *cosine* chord of the second × −

*cosine* chord of the first ×

= (*cosine* chord of the second −

*cosine* chord of the first) ×

= *cosine* નો તફાવત ×

= $r\ sina$ ×

= $r\ sina$

આ જ રીતે,

બીજો *cosine* નો તફાવત = બે *cosine* ના તફાવતો વચ્ચેનો તફાવત

= બીજો *cosine* નો તફાવત − પહેલો *cosine* નો તફાવત

= $d\,(r\ cosa)$ બીજો − $d\,(r\ cosa)$ પહેલો


= બીજો *sine* chord × − પહેલો *sine* chord ×

= (બીજો *sine* chord − પહેલો *sine* chord) ×

= *sine* નો તફાવત ×

= $r\ cosa$

હવે આપણે ચાપ અને સાઇન (જ્યા) વચ્ચેના તફાવતનું સૂત્ર મેળવીશું :




**આકૃતિ 5**

ચાપ $AP_0$ ને $n$ સરખા ભાગમાં આકૃતિ 5 માં બતાવ્યા પ્રમાણે ભાગો. ચાપ $AP_0$ ની લંબાઈ $a$ છે અને $n$ સરખા ભાગની લંબાઈ = $\Delta a$ છે. આ બિંદુઓએ $S_1$, $S_2$,..., $S_n$ *sin* (જ્યા)ની કિંમતો છે અને આ બિંદુઓએ $\Delta S_1$, $\Delta S_2$,... સાઇનની કિંમતોનો તફાવત છે.

$$\Delta S_1 = S_1 - 0 = S_1$$

$$\Delta S_1 - \Delta S_2 = S_1$$

$$\therefore \quad \Delta S_2 = S_1 - S_1 \frac{da}{r}^{2}$$

$$\Delta S_2 - \Delta S_3 = S_2 \frac{da}{r}^{2}$$

$$\therefore \quad \Delta S_3 = \Delta S_2 - S_2 \frac{da}{r}^{2} = S_1 - S_1 \frac{da}{r}^{2} - S_2 \frac{da}{r}^{2}$$

આ જ રીતે,

$$\Delta S_n = S_1 - S_1 \frac{da}{r}^{2} \ldots - S_{n-1} \frac{da}{r}^{2}$$

આ બધાનો સરવાળો,

$$\sum_{k \; 1}^{n} \Delta S_k = \Delta S_1 + \Delta S_2 + \ldots + \Delta S_n$$

$$= S_1 + \qquad\qquad + \ldots + S_1 - S_1 \qquad \ldots - S_{n-1} \frac{da}{r}^{2}$$

$\frac{da}{r}^{2}$ $S_1$ $\frac{da}{r}^{2}$

$$= nS_1 - \{(n-1) S_1 + (n-2) S_2 + \ldots + 2S_{n-2} + S_{n-1}\} \frac{da}{r}^{2}$$

$$= \{S_1 + (S_2 - S_1) + (S_3 - S_2) + \ldots + (S_n - S_{n-2})\} = S_n$$

$$\therefore \qquad S_n = nS_1 - \{(n-1) S_1 + (n-2) S_2 + \ldots + S_{n-1}\} \frac{da}{r}^{2}$$

જો $n$ ખૂબ જ મોટો હોય, તો સૌથી પહેલો સાઇન (જ્યા) $S_1$ અને સૌથી પહેલો ચાપ સરખા થશે. આથી $nS_1$ = ચાપ $AP_0 = a$ થશે. આથી આખી ચાપ $AP_0 - S_0$

(3) $= \{(n-1) S_1 + (n-2) S_2 + \ldots + 2S_{n-2} + S_{n-1}\} \frac{da}{r}^{2}$ છે.

હવે આપણે ચાપ $a$ ની ઊંચાઈ મેળવીએ.

*cosine* ના તફાવતના સરવાળા $= S_1 \frac{da}{r} + S_2 \qquad + \ldots + S_n$

$$= \qquad \{S_1 + S_2 + \ldots + S_n\}$$

જો આપણે અજાણી જ્યા $S_i$ બરાબર ચાપ $i\delta a$ લઈએ અને $da = 1$ લઈએ અને $S_n = S_a$ હોઈને,

*cosine* ના તફાવતના સરવાળા = {1 + 2 + 3 + ... + $a$}

=

(4) આથી ચાપ $a$ ની ઊંચાઈ = = H

'યુક્તિભાસ'માં $\Delta S_1$ ને મેળવવાની બીજી રીત આપી છે.

$\Delta S_1 = C_{m_1}$ જ્યાં, $C_{m_1}$ *cos* (જ્યા) પહેલી ચાપના મધ્યબિંદુએ છે એ એની આશરે કિંમત $C_{m_1}$ $(r - h_1)$ જ્યાં, $h_1$ પહેલી ચાપના મધ્યબિંદુની ઊંચાઈ દર્શાવે છે. આથી,

$\Delta S_1$ $|r - h_1|$ છે. આ જ રીતે $\Delta S_2$ $|r - h_2|$ ...,

$\Delta S_n = |r - h_n|$ થાય.

∴ $\Delta S_1 - \Delta S_n = |r - h_1 - r + h_n| = |h_n - h_1|$ .

જો $n$ ઘણો મોટો હોય, તો યુક્તિભાસમાં જણાવ્યા મુજબ $h_1$ ની આશરે કિંમત 0 છે અને $h_1$ = H છે. આથી,

$\Delta S_1 - \Delta S_n$ = H = = $da$ થાય.

જો $da = 1$ હોય, તો $\Delta S_1 - \Delta S_n$ = , આ જ રીતે,

$\Delta S_1 - \Delta S_{n-1}$ = , $\Delta S_1 - \Delta S_{n-2} = \frac{(a \quad 2)^2}{2r^2}$

ચાપ – સાઇન (જ્યા) = $\overset{n}{\underset{i \quad 1}{}} (\Delta S_1 - \Delta S_i)$

= $\{a^2 + (a - 1)^2 + ... + (a - i)^2 + 1\}$

= $dx \; (x^2)$ =

=

(5) ચાપ $a$ ની ઊંચાઈ મેળવવા માટે આપણે (3)માં ઊંચાઈ = {1 + 2 + 3 +...+ $a$} મેળવેલી. (4)માં દર્શાવ્યા પ્રમાણે ચાપ – સાઇન (જ્યા)નો તફાવત હોઈને, તે આપણે (3)માંથી બાદ કરવો પડે. આથી, ચાપની ઊંચાઈ માટે,

$= \quad \{a + (a - 1) + (a - 2) + \ldots + 1\} -$

આથી ચાપની ઊંચાઈના નિવેદનમાં સુધારાની રકમ

$- \quad \{a^3 + (a - 1)^3 + (a - 2)^3 + \ldots + 1^3\} = - \quad x^3\, dx$

$= - \quad a^4$ છે.

આપણે (4) માં ચાપ-સાઇન (જ્યા) = $\{a^2 + (a - 1)^2 + \ldots + 1\}$ મેળવેલું.

આપણે ઊંચાઈના નિવેદનમાં – $a^4$ મેળવ્યું. આથી,

ચાપ-સાઇન (જ્યા) =

$= \frac{1}{2r^2}\{a^2 + (a - 1)^2 + \ldots + 1^2\} - \quad \{a^4 + (a - 1)^4 + \ldots + 1^4\}$

[illegible] $a^4 (a \ldots 1) \; (a\ (a)^2\ 1)^3 \; \frac{1}{2r^2\ 3!\, r^2 \quad 4!\, r^4} \ldots (a \quad 1)^4$

$= \quad \{a^2 + (a - 1)^2 \ldots\} - \quad x^4\, dx$

$= \quad x^2\, dx - \quad x^4\, dx$

$= \quad . \quad -$

આ સુધારો જ્યારે કરીએ ત્યારે,

ચાપ $a - sin$ (જ્યા) = $\quad -$

આ સુધારો જ્યારે કરે જઈએ, ત્યારે

ચાપ $a - sin$ (જ્યા) = $\quad - \quad +$

$sin$ (જ્યા) $= a - \quad + \quad - \quad + \ldots$

$r\ sin\,\theta\ =\ r\theta\ -\ \quad +\ \quad -\ \quad +...$

$\therefore\ \ sin\,\theta\ =\ \theta\ -\ \quad +\ \quad -\ \quad +...$

*cos* (જ્યા) $=\ r\ -$ ચાપની ઊંચાઈ

$=\ r\ -$


$r\ cos\,\theta\ =\ r\ -\ \quad +\ \quad -\ \quad ...$

$=\ r\ -\ \quad +\ \quad -\ \quad ...$

$\therefore\ \ cos\,\theta = 1\ -\ \quad +\ \quad -\ \quad ...$

**$tan^{-1}\,\theta$ ની ઘાત શ્રેણી :**

કલનગણિતની રીતે ઘાત શ્રેણી સરળતાથી મેળવી શકાય.
A*pq* વર્તુળની ચાપ છે અને OA ત્રિજ્યા બરાબર 1 છે.



આકૃતિ 6

$\delta\theta\ =$ ચાપ $pq\ =\ pm\ =$

$t\ =\ tan\,\theta$ લઈએ.

$\therefore\ \ \theta\ =\ \frac{dt}{1\ \ t^2}$

$=$


$=\ t\ -\ \quad +\ \quad -\ \quad +\ ...$

$\therefore\ \ \theta\ =\ tan^{-1}\,t\ =\ t\ -\ \quad +\ \quad -\ \quad +\ ...$ જો $|\,tan\,\theta\,|\ \le\ 1$


જો $\theta\ =$ હોય, તો $t\ =\ tan\ \quad =\ 1$ હોઈને,

$=\ 1\ -\ \quad +\ \quad -\ \quad ...$ છે. (**)


(**) કઈ રીતે કેરાલાની શાળાએ અથવા માધવે મેળવેલું તે જોઈએ.




આકૃતિ 7(a)




આકૃતિ 7(b)




આકૃતિ 7(c)

આકૃતિ 7(a) માં ત્રિજ્યા OA = 1 અને ∠AOB =     વાળુ વર્તુળ છે. સ્પર્શક AB, A બિંદુએ છે. ચાપ AD =     =     છે. આકૃતિ 7(b) માં ચાપ AD ના પાંચ સરખા ભાગ કર્યા છે. આપણે સરળતા માટે પાંચ ભાગ કર્યા છે. G માંથી GJ, OH ઉપર લંબ દોરીએ. F બિંદુએ વર્તુળને સ્પર્શક FI દોરીએ જે OG ને I બિંદુ છેદે છે. આપણે ચાપ EF જે બે સુરેખાઓ OG અને OH વચ્ચે આવેલી છે તેની કિંમત મેળવીએ.

$\Delta^S$ GHJ અને OAH માં

∠JHG = ∠OHA

∠OAH = ∠HJG = 90°

હોઈને બંને સમરૂપ (similar) છે.

∴     =     OA = 1 અને HG =     હોઈને

GJ =     થાય.

$\Delta^S$ OFI અને OJG માં

∠HOG = ∠FOE

∠GJO = ∠IFO = 90°

હોઈને બંને સમરૂપ છે.

∴     =     ∴ FI =

$n$ = 5 ના બદલે $n$ ની જ્યારે મોટી કિંમત હોય, ત્યારે OH     OJ લઈએ.

∴ FI =     .

;     $OH^2 = OA^2 + (AH)^2$

$= 1 +$

∴ arc EF     FI =

આથી, ચાપ AD ની લંબાઈ = $\frac{\frac{1}{5}}{1 \;\; \frac{1}{5}^2} + \frac{\frac{1}{5}}{1 \;\; \frac{2}{5}^2} + \frac{\frac{1}{5}}{1 \;\; \frac{3}{5}^2} + \frac{\frac{1}{5}}{1 \;\; \frac{4}{5}^2} + \frac{\frac{1}{5}}{1 \;\; \frac{5}{5}^2}$

જો $n = 5$ ના બદલે $n$ જ રાખીએ, તો

ચાપ AD ની લંબાઈ = + +...+ +

=

આપણે જાણીએ છીએ,

$= 1 + r + r^2...+...$ $|r| < 1$. આમાં $r = -s$ મૂકતાં

$=$ $= 1 - s + s^2 - s^3 +...$ મળે.

$= 1 -$ $+$ $-$ $+...$ વગેરે.

આથી,

ચાપ AD ની લંબાઈ =

$+ 1 - \frac{2}{n}^{2} +$ $-$ $...$

$+$

$=$ $\{(n - 1)\} -$ $\{1^2 + 2^2 + 3^2 + ... + (n - 1)^2\}$

$+$ $\{1^4 + 2^4 + ... + (n - 1)^4\} -$ $\{1^6 + 2^6 + ... + (n - 1)^6\}$

આપણે જાણીએ છીએ,

as $n \to \infty$. આથી,

$=$ , , વગેરે.

આથી, AD ની લંબાઈ $= 1 -$ $+$ $-$ $+ ... =$

$\therefore$ $= 1 -$ $+$ $-$ $+...$


આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખ્યો છે :


(1) Joseph G. G. : Indian Mathematics : enganging with the world from ancient to modern times, World Scientific Publishing Europe LTD., 2016

(2) Joseph G. G. : A passage to infinity : medieval Indian mathematics from Kerala and its impact, Sage Publication LTD., 2009
(3) Puttaswamy T.K. : Mathematical Achievements of Pre-modern Indian Mathematicians, Elsevier, 2012

## પરિશિષ્ટ (Appendix)

### હિન્દુ ત્રિકોણમિતિ (Hindu Trigonometry)




આપણે સાઇનનો (*sine*) અર્થ શું તે જોઈએ.

PMQ વર્તુળની ચાપ (arc) છે અને વર્તુળનું કેન્દ્ર O છે. M ચાપ PQ નું મધ્યબિંદુ છે. PMQ નો આકાર ચાપ અથવા ધનુષ્ય જેવો છે. Chord PQ, P અને Q ને જોડતી સુરેખા છે. તેને સંસ્કૃતમાં જ્યા કહેવામાં આવે છે. સમય જતાં PB ને જ લોકો જ્યા કહેતા થઈ ગયા. આ PB જ્યા તે જ હિન્દુ સાઇન (H*sine*). જો $\angle POM = \angle\theta$ હોય, તો

જ્યા $(\theta) = PB = R\sin\theta = H\sin\theta$ જ્યાં, R વર્તુળની ત્રિજ્યા છે. આનો અર્થ એ કે Hindu $\sin\theta$ બરાબર હાલનો *sine* ગુણ્યા R છે. સામાન્ય રીતે R ની કોઈ ચોક્કસ કિંમત લેવાય છે.

આરબોએ જ્યારે ભાષાંતર કર્યું ત્યારે તેમના હાથમાં જ્યાનો બીજો ‘જીવા (Jiva)’ ‘જીવા (Jiba)’ બન્યો અને એરેબીકમાં ‘Jiab’ બન્યો. જીઆબના જેવો જ એરેબીક ભાષામાં શબ્દ છે, જેનો અર્થ હૃદય છે. રોમનોના હાથમાં આ બન્ને શબ્દો અદલબદલ થઈ ગયા અને જ્યા બન્યો Sinus (હૃદય). આ રીતે ‘જ્યા’ બન્યો ‘*sine*’.

જ્યા $\theta = R\sin\theta = PB$

કોટિજ્યા $\theta = R\cos\theta = OB$

હવે, $MB = OM - OB = R - R\cos\theta = R(1 - \cos\theta) =$ ઉત્તક્રમજ્ય $\theta$

Utkramajya $\theta = MB = R(1 - \cos\theta)$

જો P ના યામ $(x, y)$ હોય, તો

$PB = R\sin\theta = y$

$OB = R\cos\theta = x$

$\sin \underset{(Jya)}{PB} = s = R\theta = R\sin\theta$

Indian *sine* is not a ratio but a linear measure.

$MB = OM - OB = R - R\cos\theta = R(1 - \cos\theta)$

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

‘સ્વરાજ’, નરસિંહજી મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ.પો. શેરથા, તા.જી. ગાંધીનગર મો. ૯૪૨૮૦ ૧૯૦૪૨

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**Wordsworth As A Poetic Mystic : A Critical Study / Amrita Paresh Patel.** Gandhinagar : Kadi Sarva Vishwavidyalaya, 2019. XIV, 82p. (Kadi Sarva Vishwavidyalaya Publication Series; no. 2) Rs. 75

અંગ્રેજી સાહિત્યના રોમૅન્ટિક યુગનો પ્રકૃતિપ્રેમી મહાકવિ વર્ડ્ઝવર્થ (૧૭૭૦-૧૮૫૦) તેનાં લિરિકલ બેલડ્સ, ઓડ્સ અને સોનેટ કાવ્યો માટે વિશ્વ વિખ્યાત છે. આમ છતાં તેનાં mystic poems – આધ્યાત્મિક કાવ્યો અધ્યેતાઓનાં અધ્યયન અને સંશોધન માટે ધ્યાનાકર્ષક રહ્યાં છે. વર્ડ્ઝવર્થની કવિતાઓ વાંચતા પ્રથમ દૃષ્ટિએ લાગે કે તેને પ્રકૃતિની સામાન્ય દેખાતી ચીજો કે ઘટનાઓમાંથી આનંદ પ્રાપ્ત થાય છે ને તે આનંદ તેના વાચકો સુધી તે કવિતાના માધ્યમથી પહોંચાડે છે. પરંતુ તેની કવિતાઓનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરતાં એ બાબત સ્પષ્ટ તરી આવે છે કે પ્રકૃતિમાં રહેલ વૃક્ષો, પંખીઓ, પર્વતો, નદીઓ, સરોવરો, મેઘધનુષ્ય વગેરે અને પ્રકૃતિની વચ્ચે રહેતા માનવીઓના જીવનમાં ઘટતી સામાન્ય ઘટનાઓનું તે જે વર્ણન કરે છે તેની પાછળનો હેતુ માનવ પર પડતી પ્રકૃતિની સૂક્ષ્મ અસરોને દર્શાવવાનો છે. પ્રકૃતિની આવી સૂક્ષ્મ અસરોથી વ્યક્તિ વૈશ્વિક આત્મા અથવા જેનું કોઈ એક નામ આપી શકાતું નથી તેવા પ્રભુના ગાઢ સંપર્ક સુધી પહોંચી શકે. તેની ઘણી બધી કવિતાઓમાં તેણે તેના આ આંતરદર્શનના એવા અનુભવો વર્ણવ્યા છે જે સામાન્ય માનવીના રોજ-બરોજના અનુભવોની મર્યાદામાં ન આવી શકે. તેની કેટલીક ઉત્તમ કવિતાઓ અને તેમના અંશો વાંચતી વખતે લાગે છે કે તે પોતાની સહજ સ્ફુરણા (intuitive power)ની મદદથી તે સામાન્ય ઇન્દ્રિયાનુભૂત જગત અને અસામાન્ય ઇન્દ્રિયાતીત જગત વચ્ચે સેતુ રચી શકે છે. પરિણામસ્વરૂપે વર્ડ્ઝવર્થની કવિતાના ઘણા વિદ્વાનોએ અનુભવ્યું છે કે તેની કવિતાઓમાં નોંધપાત્ર આધ્યાત્મિક આંતર પ્રવાહ વહે છે. પ્રસ્તુત ગ્રંથમાં કવિના કાવ્યસંગ્રહોમાં ગ્રંથસ્થ દીર્ઘ અને ટૂંકાં કાવ્યો પૈકી *Tintern Abbey, The Prelude, The Excursion* અને *The Recluse* જેવાં કવિના આધ્યાત્મિક અનુભવોને વાચા આપતાં પસંદગીનાં કાવ્યોનો પૃથક્કરણાત્મક અને વિવેચનાત્મક અભ્યાસ કરીને કવિની આધ્યાત્મિક લાક્ષણિકતાઓ સોદાહરણ તારવી આપવાની સાથે તેનું રસદર્શન પણ કરાવવામાં આવ્યું છે.

અહીં વર્ડ્ઝવર્થનાં આધ્યાત્મિક કાવ્યોને ત્રણ વર્ગોમાં : ૧. *Pure Mystical experiences* – વિશુદ્ધ આધ્યાત્મિક અનુભવોનાં કાવ્યો, ૨. *Semi mystical experiences* – અર્ધ આધ્યાત્મિક અનુભવોનાં કાવ્યો, અને ૩. *mystical glimpses* – આધ્યાત્મિક ઝાંખી પ્રસ્તુત કરતાં કાવ્યોમાં વર્ગીકૃત કરીને પ્રસ્તુત ગ્રંથના થીમને કેન્દ્રમાં રાખીને સમગ્ર ગ્રંથને ૫ પ્રકરણોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. પ્રથમ પ્રકરણ Introductionમાં વર્ડ્ઝવર્થનું એક સમર્થ કવિ તરીકે તેમ જ પોતાના પુરોગામીઓ અને સમકાલીનોથી તે કઈ રીતે અલગ ઊપસી આવે છે તે સંક્ષેપમાં છતાં પ્રભાવક રીતે દર્શાવ્યા બાદ તેની *mystic* કવિતા સમજવા હેતુ કેટલાક ખ્યાત ચિંતકો જેમ કે Goethe, Ferguson, Caroline Spurgeon, Helen Gardner, Evelyn Underhill વગેરેનાં mysticism વિશેના ખ્યાલોનું તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વિહંગાવલોકન કરીને mysticismની વિભાવના સમજાવીને તેની ૬ લાક્ષણિકતાઓ તારવી – સારવી આપવામાં આવી છે. આ સાથે જ ગ્રીક ભાષામાં *mystic* શબ્દના મૂળની તપાસ પણ કરી છે. અને છેલ્લે આ ગ્રંથના હેતુઓ / મર્યાદાઓ દર્શાવવામાં આવી છે : *'The chief interest here lies in looking at mysticism as a form of experiences and as a type of consciousness and not in any kind of theory given by any particular thinker... This study of mystical experiences in Wordsworth's poetry is, of necessity, highly selective. I have tried to select, analyze and study well-known passages from Wordsworth's poems.'*

'Pure Mystical Experiences' પ્રકરણમાં કવિની દીર્ઘ કવિતાઓમાંથી અહીં ઉદાહરણસ્વરૂપ ફક્ત ૬ કાવ્યોની કાવ્યકંડિકાઓ કે જેમાં વિશુદ્ધ આધ્યાત્મિક અનુભવો *'presence'*, *'no thought embodied'*, *'all that took place within me'*, *'bliss*

*ineffable', 'a sense sublime'* વગેરે શબ્દો પ્રયોજીને અભિવ્યક્ત કર્યાં છે તે, તેમજ કવિ દ્વારા 'Wanderer' અને 'Solitary' જેવાં પાત્રોના માધ્યમથી પોતાની મનઃ સ્થિતિ રજૂ કરી છે તેનો આસ્વાદ કરાવવામાં આવ્યો છે. આ સાથે વર્ડ્ઝવર્થની કવિતાના કેટલાક અગ્રણી અભ્યાસીઓ જેમ કે Jonathan Wordsworth, Helen Derbishire, Nigel Foxell વગેરેના મતોને પણ ધ્યાને લેવામાં આવ્યા છે. Semi mystical કાવ્યો વિશે પ્રકરણ-૩માં વિસ્તારથી સટીક ચર્ચા કરવામાં આવી છે. લેખિકાએ આ પ્રકારનાં કાવ્યોનું અવલોકન કરતાં નોંધ્યું છે કે આ પ્રકારનાં કાવ્યોમાં આધ્યાત્મિક અનુભવોની કેટલીક જ લાક્ષણિકતાઓ જોવા મળે છે. વર્ડ્ઝવર્થ ઘણી મોટી સંખ્યાનાં કાવ્યોમાં ઉત્કટ લાગણીઓ સાથે વ્યક્તિગત આધ્યાત્મિક અનુભવો વિશે વાત કરે છે કે જેને *borderland experience* તરીકે ઓળખવામાં આવે છે, જેના પરિણામે Bradley અને Jonathan Wordsworth જેવા આલોચકો વર્ડ્ઝવર્થની *border mystic poet* તરીકે ગણના કરે છે. આજ રીતે પ્રકરણ-૪માં *Mystical Glimpses* માટે ફાળવેલ છે. આ પ્રકારનાં કાવ્યોની બહુલતા સૌથી અધિક માત્રામાં જોવા મળી છે. અંતિમ પ્રકરણમાં પોતાના અધિતનું સારગ્રાહી અવલોકન રજૂ કરતાં લેખિકાએ વર્ડ્ઝવર્થની કવિતાના પ્રખર અભ્યાસીઓનાં મંતવ્યોને પણ ધ્યાને લીધાં છે. વધુમાં લેખિકાએ પોતાના ગહન અભ્યાસના આધારે ઉજાગર કરી આપ્યું છે કે વર્ડ્ઝવર્થના દાર્શનિક અને આધ્યાત્મિક અનુભવો વર્ણવતાં કાવ્યો વાંચતાં લાગે કે તેમાં તેની અજોડ કલ્પનાશક્તિને કારણે તે દેખીતી રીતે સામાન્ય લાગતાં અનુભવોમાં તે અસામાન્ય સત્યનું દર્શન કરી શકે છે. તેની ચૈતન્યસભર અને રચનાત્મક કલ્પનાશક્તિએ તેના માટે આધ્યાત્મિક દૃષ્ટિનાં દ્વાર ખોલી આપ્યાં છે. જેના લીધે તે જગતના સર્વોચ્ચ સત્ય, જેને આપણે સામાન્ય રીતે ઈશ્વર કહીએ છીએ તેના વિશેના અનુભવો પ્રકૃતિના ખોળે રહીને કરી શકે છે. સમગ્રતયા, અહીં લેખિકાએ ઉપયોગમાં લીધેલ વર્ડ્ઝવર્થનાં કાવ્યોનાં મૂળ અને સંવર્ધિત વિવિધ સંપાદનો / સંસ્કરણો ઉપરાંત વર્ડ્ઝવર્થની કવિતાના પ્રમુખ અભ્યાસીઓના ગ્રંથોનું કરેલ વિશદ અધ્યયન-ચિંતન લેખિકાનાં પ્રતિભા અને ધ્યેયનિષ્ઠાનાં પ્રતીતિકારક બની રહે છે. વર્ડ્ઝવર્થના આધ્યાત્મિક કવિત્વને ઉજાગર કરતો આ ગ્રંથ આ ક્ષેત્રમાં રસ ધરાવતા વિદ્યા-અર્થીઓ માટે મૂલ્યવાન બની રહેશે. અને છેલ્લે, છતાં બે મહત્ત્વપૂર્ણ બાબત એ કે સંશોધનની શાસ્ત્રીયતાની જાળવણી હેતુ સંદર્ભોની નોંધ, સંદર્ભસૂચિ અને વાઙ્મયસૂચિ માટે 'MLA Style Manual'નો કરેલ ઉપયોગ ઉપરાંત કવિના પરિવાર, જન્મ, શિક્ષણ, કારકિર્દી, કૃતિત્વ, સમસામયિક સાહિત્યિક પર્યાવરણ અને પ્રભાવ વગેરે બાબતોને સ્પર્શ્યા સિવાય ગ્રંથના મુખ્ય થીમને વળગી રહીને કરેલ વિવેચન ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથને આવકારતાં ગુજરાતી સાહિત્યના જાણીતા સર્જક અને શિક્ષણવિદ શ્રી મોહનલાલ પટેલે લેખિકાના પ્રદાનનું વિશદ મૂલ્યાંકન કરી સરાહના કરતાં Introductionમાં નોંધેલ શબ્દો : *'With all her scholarship in English literature Amrita Paresh Patel is known as an eminent educationist. She has bent towards philosophy and spirituality. In preparing this book she has rendered great service to the fields of literature, philosophy and mysticism. This book contributes to motivate the young research scholars for in depth study in these areas of scholarship. While reading this valuable script with gratitude, I was becoming sure of the fact that 'Leader is not Lost' in the vast realm of English literature.* દ્રષ્ટવ્ય છે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથની વિદુષી લેખિકા ડૉ. અમૃતા પટેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી – ગાંધીનગર સંચાલિત ઉમા આર્ટ્સ ઍન્ડ કોમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં પ્રાયઃ બે દસકથી પ્રિન્સિપાલ તરીકે સેવાઓ આપી રહ્યાં છે. તેમના દૃષ્ટિવંત નેતૃત્વ હેઠળ આ કૉલેજે NAAC દ્વારા સતત બે વખત 'A' ગ્રેડ મેળવતાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, નવી દિલ્હી દ્વારા **'College With Potenital For Excellence'**નું સ્ટેટસ બે વખત પ્રદાન કરવામાં આવ્યું છે, તેમજ ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પણ **'College for Excellence'** (2018)ના અવૉર્ડથી અલંકૃત કરવામાં આવી છે. એક સફળ પ્રશાસિકા ઉપરાંત ડૉ. અમૃતા પટેલના રસ અને રુચિના વિષયો અંગ્રેજી સાહિત્ય ઉપરાંત તત્ત્વજ્ઞાન – સવિશેષતઃ મહાયોગી અરવિંદનું દર્શન અને ભારતીય સંસ્કૃતિ રહ્યા છે. તેમનાં ૪ પુસ્તકો પ્રકાશિત છે. આ પૈકી તેમણે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં પ્રો. જગદીશ દવેના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ડિગ્રી હેતુ રજૂ કરેલ શોધપ્રબંધ *'A Lover of Light Among Luminaries : Dilip Kumar Roy'* (Pub. 2002) તેમનાં મૌલિક ચિંતન, સ્વાધ્યાયનિષ્ઠા અને સંશોધકીય આદર્શનો પરિચાયક છે. આ ગ્રંથમાં તેમણે દિલીપકુમાર રૉયની આત્મકથા, જીવનચરિત્ર, રેખાચિત્રો, કવિતા, નાટક, નવલકથા વગેરે વિષયક કૃતિઓની અંગ્રેજી સાહિત્યના જે-

તે સ્વરૂપના વિકાસ તેમ જ ઈન્ડો-ઇંગ્લિશ લિટરેચરના પરિપ્રેક્ષ્યમાં સંશોધકીય નિષ્ઠા સાથે તુલનાત્મક અભિગમથી તટસ્થતાપૂર્વક વિવેચના કરી છે. સવિશેષતઃ રૉયની જીવનચરિત્ર વિષયક કૃતિઓના મૂલ્યાંકનમાં પાશ્ચાત્ય અને ભારતીય જીવનચરિત્ર લેખન અભિગમનું તુલનાત્મક દૃષ્ટિએ વિશ્લેષણ કરીને રજૂ કરેલ સુચિંતનીય મંતવ્ય લેખિકાની મૌલિક પ્રતિભાનું દ્યોતક બની રહે છે. તેમનો આ ગ્રંથ વિદ્યાજગતમાં વિશેષ આવકાર પામ્યો છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

**Corporate Monk : A Journey From Wealth to Wisdom / by Anju Sharma.** Mumbai : The Write Place, A Publishing Initiative by Crossword Bookstore Ltd. 2018. xvii, 205 p. ISBN : 978-9-38728-280-3 Rs. 299

પ્રસ્તુત ગ્રંથનું શીર્ષક Corporate Monk પ્રથમ દૃષ્ટિએ તેનો વર્ણ્ય વિષય કોર્પોરેટ કલ્ચર હશે તેમ માનવા / વિચારવા બાધ્ય કરે, પરંતુ તેનું સાદ્યંત વાચન કરતાં સ્પષ્ટ થાય છે કે વ્યવહારજીવન કે વ્યવસાયિક કારકિર્દીમાં સાધુત્વ કઈ રીતે કેળવવું અર્થાત્ પોતાના જીવન અને કાર્યક્ષેત્રમાં અધ્યાત્મનો વિનિયોગ કઈ રીતે કેળવીને ઉચ્ચતમ સિદ્ધિ પ્રાપ્ત કરવી એ તેનો મુખ્ય થીમ રહ્યો છે. જોકે લેખિકાએ પોતાની વાત રજૂ કરવા માટે પ્રખ્યાત બિઝનેસ સ્કૂલનો એક પ્રતિભાસંપન્ન વિદ્યાર્થી – એક નીવડેલ મૅનેજર કે જે પોતાની વ્યવસાયિક કારકિર્દી દરમિયાન સંપત્તિ અને સત્તા પ્રાપ્તિની દોટમાં પોતાના કુટુંબ, સમાજ, સાથી કર્મચારીઓ / અધિકારીઓ પ્રત્યેની પોતાની ફરજોને નજરઅંદાજ કરતાં તેનું એક વિક્ષુબ્ધ મૅનેજર (burnt-out manager)માં પરિણમવું અને આ માનસિક ત્રાસદીમાંથી બહાર નીકળવા માટે તેણે તેના કોચ દ્વારા નિર્દેશિત ૭ સેતુઓ – પુલોની વૈતરણી કઈ રીતે પસાર કરી તેના માધ્યમનો આધાર લીધો છે. આ હેતુ પુરઃસર અર્થસભર અને જ્ઞાનગંભીર પ્રબોધન માટે લેખિકાએ બોધગમ્ય વાર્તાકથન શૈલીનું માધ્યમ પસંદ કર્યું છે, પરિણામસ્વરૂપે આ ગ્રંથનું વાચન અને પાચન 'સદ્યઃપરનિવૃત્તયે' સમ બની રહે છે.

આ સાત સેતુઓમાં *awarness* (જાગરૂકતા), *objectivity* (વસ્તુનિષ્ઠતા), *equanimity* (સ્વસ્થતા, સમચિત્તતા), *compassion* (દયા, કરુણા), joy (પ્રસન્નતા), *transcendence* (ઇંદ્રિયતાતીતતા) અને *purpose* (ઉદ્દેશ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સાથે હંગામી સત્ય અને શાશ્વત સત્ય, હકારાત્મક અભિગમ, આધ્યાત્મિક ડહાપણ, વિપશ્યના, આત્મજાગૃતિ વગેરે બાબતોને વણી લેવામાં આવી છે. આ સેતુઓની સૈદ્ધાંતિક વિભાવના, આધ્યાત્મિકતા અને તેનો વ્યવહારમાં કઈ રીતે વિનિયોગ કરવો તેનું સીધું જ પ્રબોધન કરવાનો માર્ગ લેખિકાએ અપનાવ્યો નથી. પરંતુ વાસ્તવના ધરાતલ ઉપર રહીને ગ્રંથના કથયિતવ્ય સાથે સુસંગત એવાં થોડાંક પાત્રો કે જેમાં વિક્ષુબ્ધ મૅનેજર અમન, ઉચ્ચ એક્ઝિક્યુટિવોને પ્રશિક્ષણ પૂરું પાડવાના કાર્યમાં નિપુણ સયાની કે જે અમનની પૂર્વ – સહપાઠી અને મિત્ર, અમનને પ્રશિક્ષણ આપતો કોચ રાહુલ કે જેને સયાનીએ પ્રશિક્ષિત કર્યો હતો તે અર્થાત્ સયાનીનો શિષ્ય, આનુસંગિક ગૌણ પાત્રો અને આ બધાંના જીવનની સત્યાનુભૂતિ કરાવતી હૃદયને સ્પર્શી જાય તેવી અને તે પણ વાચકની કુતૂહલવૃત્તિને સતત ઉત્તેજિત રાખતી રૉમૅન્ટિક નવલકથા સમ સુસંગત ઘટનાઓ અને તેની સાથે આપણા આર્ષગ્રંથો જેમ કે શ્રીમદ્ભગવદ્ગીતા, ઉપનિષદો વગેરે ઉપરાંત તાઓ-ત્સે વગેરેનાં આર્ષવિધાનોની આવશ્યકતાનુસાર ગૂંથણી કરીને પોતાની વાત તર્કસંગત રીતે રજૂ કરી છે. અને તે પણ સરળ અને પ્રવાહી ભાષા તેમજ જિવાતા જીવનમાં આકાર લેતી સંવાદ-શૈલીના માધ્યમના કારણે આ વાત માખણ – મિસ્રીવત હૃદય સોંસરવી ઊતરી જાય તેટલી સંતર્પક બની રહેતી હોવાથી લેખિકાનો પ્રસ્તુત ગ્રંથસર્જનનો ઉદ્દેશ પરિપૂર્ણ થાય છે.

આ ઉપરાંત આ ગ્રંથની કેટલીક વિશેષતાઓ, જેમ કે આ એક અભ્યાસ-ગ્રંથ હોવાથી લેખિકાએ પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવનામાં ગ્રંથના વિષયવસ્તુ સંદર્ભે થયેલાં સંશોધનોનું અર્થસભર વિશ્લેષણ અને ચર્ચા કરવાની સાથેસાથે ગ્રંથમાં પણ પ્રસંગોપાત્ત અન્ય વિદ્વાનોના મતો ઉદ્ધૃત કર્યા છે, તેમ જ End Notesમાં પણ તેની સ્વાધ્યાયશીલ વિવેચના કરી છે. બીજી વિશેષતા એ કે પ્રત્યેક પ્રકરણના અંતમાં 'Exercises' આપવામાં આવી છે, જે તેનો વાચક કેટલું ગ્રહણ કરી શક્યો છે તેની કસોટી માટે ઉપકારક બની રહે છે. ત્રીજી બાબત એ કે આ non-fictional કૃતિમાં પ્રયોજેલ જીવંત ભાષા-શૈલી અને રસસમૃદ્ધ ઉર્વર કલ્પનાને ધ્યાને લેતાં લેખિકાની એક સફળ નવલકથાકાર તરીકેની ક્ષમતા સ્વયં તાદૃશ થાય છે અને છેલ્લે આ ગ્રંથની આડપેદાશ એ કે અહીં પુરુષપ્રધાન સમાજ, કહેવાતા ભદ્ર સમાજમાં પુરુષોની પુરુષવૃત્તિ અને સ્ત્રીઓની અવદશા તરફ લેખિકાએ આંગળી ચીંધીને પ્રવર્તમાન સમાજની વાસ્તવિકતાનો પર્દાફાશ કર્યો છે, જેમાં લેખિકા Faminismનાં પક્ષધર તરીકે ઊભરી આવેલાં જોવા

મળે છે.

આ ગ્રંથની એક આગવી અને ધ્યાનાકર્ષક મૂડી તે લેખિકાની પ્રતિભાનાં દ્યોતક એવાં સૂક્તિરત્નો ઠેર ઠેર પથરાયેલાં દશ્યમાન થાય છે. આ પૈકીનાં કેટલાંક વિધાનો લેખિકાએ સ્વયં કાળા ઘાટા અક્ષરોમાં ઉપસાવીને આપ્યાં છે. કેટલાંકનો આસ્વાદ માણીએ :

'True fulfillment comes only when service is done as a realization of your true nature, as a matter of awareness that the other is a part of you.'

'A spiritually intelligent person is aware of limitations and constraints of acquiring knowledge and does not react often.'

'Equanimity does not draw you away from something but allows you to be open to the circumstances and respond to them without losing your calm.'

'Only by feeding compassion in the environment around and not expecting anything from others, you can receive the goodness and grace from above.'

'Feel Blessed Stay Happy. Feel Happy Stay Blessed.'

'You have to accept a person's faith as a part of him.'

'Your achievements may bring inner peace only when you have convinced purpose.'

'There are four possible routes to happiness : through pleasure, through engagement, through meaning and through victory.'

'We should not allow our ego to intervene in the process of accessing a master. The master-student relationship allows you to move one step ahead every time till you merge with the cosmic consciousness and become as light and bright as the Source itself.'

આ ગ્રંથને આવકારતાં આ ક્ષેત્રના કેટલાક અગ્રણીઓ જેમ કે ડૉ. ડી. એમ. પેસ્ટનજી, જે. પી. ગુપ્તા, કુમાર મંગલમ્ બિરલા વગેરેએ ગ્રંથ પ્રયોજનના હાર્દને ઉજાગર કરતાં મંતવ્યો ઉપરાંત ઇન્દિરા પરીખે Forewordમાં સારગ્રાહી અધ્યયન રજૂ કરતાં નોંધેલ શબ્દો : 'The message of the book is to go beyond the social, cultural and familial codes and role models and discover the personal codes and values. If you cross the seven bridges there is a destination of happiness and togetherness which is possible to create. Defeating one's own emotional baggage, letting go of the past and living in the present and creating a happy future in the life space, social space and the corporate space is the aim of this book' ગ્રંથના મહિમાને સમજવા માટે પર્યાપ્ત બની રહે છે.

સમગ્રતયા 'Corporate Monk'ની લેખિકા અંજુ શર્માએ પોતાના અધ્યયન અને રસના વિષયો ઉપરાંત વ્યવસાયિક કારકિર્દી થકી પ્રાપ્ત અનુભવોનો સુભગ સમન્વય સાધીને માર્ગ ભૂલેલ વિક્ષુબ્ધ વ્યક્તિઓને સુયોગ્ય પથ પર પ્રસ્થાપિત કરવા તથા જેઓ ખુલ્લા મને આત્મખોજ કરીને પોતાનો આગવો પથ કંડારવા માટે કૃતનિશ્ચયી છે તે સૌ માટે આધ્યાત્મિકતાના વળથી સિંચિત અણમોલ ગુરુચાવીઓ હાથવગી કરી આપી છે, પરિણામસ્વરૂપે આ ગ્રંથ Self Teacher બની રહે છે. આ ગ્રંથનું વાચન વિવિધ સ્તર અને ક્ષેત્રોના કર્મચારીઓ / અધિકારીઓ માટે અને તેની સાથેસાથે સંબંધિત સંસ્થાઓ માટે પણ દીવાદાંડી સમાન બની રહેશે. અને તેથી જ સાર્વજનિક અને શૈક્ષણિક ગ્રંથાલયો ઉપરાંત ઉદ્યોગગૃહોનાં ગ્રંથાલયોમાં પણ આ ગ્રંથની ઉપસ્થિતિ બહુવિધ રીતે ઉપયોગી અને મૂલ્યવાન એવા એક આભરણ તરીકેની બની રહેશે.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત પુસ્તકનાં લેખિકા શ્રી અંજુ શર્મા (I.A.S.) ગુજરાત સરકારના ઉચ્ચશિક્ષણ વિભાગમાં અગ્ર સચિવ તરીકે સેવાઓ આપી રહ્યાં છે. તેમની તેજસ્વી પ્રતિભા અને પ્રત્યુત્પન્નમતિનું દ્યોતક ઉદાહરણ એ કે તેમણે ફક્ત ૨૨ વર્ષની વયે I.A.S.ની પરીક્ષા પાસ કરી હતી. તેમનાં અધ્યયન, સંશોધન અને વિશેષ રસ-રુચિના વિષયો સંચાલન (management) અને તત્ત્વજ્ઞાન (philosophy) રહ્યા છે. પ્રસ્તુત પુસ્તક પૂર્વે તેમનું *I of the storm : Discover Your True Self* (2016) શીર્ષક હેઠળ પુસ્તક પ્રકાશિત છે, જેમાં વ્યક્તિને પડકારોનો સામનો કરીને તેને તકમાં પરિવર્તિત કરવાની અને ઉન્નત જીવન ઘડતર કરવાની ગુરુચાવીઓ દર્શાવવામાં આવી છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

### પીએચ.ડી.

ૐસર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત ભવકુંજ સીબીએસઈ સ્કૂલ, કડીના ગ્રંથપાલ શ્રી મેહુલ વિનોદરાય ગોરડીયાએ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. ડિગ્રી હેતુ રજૂ કરેલ શોધપ્રબંધ 'ગુજરાતની MCA કૉલેજોનાં ગ્રંથાલયોનું નેટવર્કિંગ : એક અભ્યાસ'ને હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા માન્ય રાખીને પીએચ.ડી. ની ડિગ્રી એનાયત કરવામાં આવી. તેમણે આ શોધપ્રબંધ સદર યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગનાં કો-ઓર્ડિનેટર તથા કાર્યકારી યુનિવર્સિટી લાઇબ્રેરિયન ડૉ. કનકબાળા જાનીના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

### મમતા સ્પોર્ટસ સેન્ટર

ૐઆર. એન. લલિતકલા એકેડેમીના મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૬-૫-૨૦૧૯ના રોજ કરવામાં આવતાં આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના કે.જી.થી ધોરણ - ૧૦ સુધીના ૨૬૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલના પ્રિ. અર્પિત ક્રિશ્ચચન વરદ્હસ્તે તમામ રોલર સ્કેટરોને મેડલ, સર્ટિફિકેટ તથા કીટસ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સ્પર્ધાનું નિદર્શન અને કોચિંગ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તા. ૨૮-૦૪-૧૯ના રોજ ઇન્ટરનેશનલ બુક ઑફ રેકોર્ડસ - સ્કેટીંગ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવતાં સંસ્થાના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દરેક સ્કેટરોને મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. વધુમાં, તા. ૬થી ૧૫ મે દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા આયોજિત ખેલો ગુજરાત સ્કેટીંગ સમર કેમ્પ - ૨૦૧૯ માં કુલ ૬૦ સ્કેટરોએ ભાગ લીધો હતો. તમામ સ્કેટર્સને પ્રોત્સાહન આપવા સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા રોકડ પુરસ્કાર, સર્ટિફિકેટ, ટી-શર્ટ, તથા કેપ આપવામાં આવ્યાં હતાં. આ કેમ્પમાં કોચ વસીમ મનસુરી તથા એકેડેમીનાં પ્રિ. દિનાબહેન ડોડિયા હાજર રહ્યાં હતાં.

### વૈદિક ગણિત

ૐસાંપ્રત સમયમાં વૈદિક ગણિતના મહત્ત્વને ધ્યાને લઈ શિક્ષકોને તેના જ્ઞાન સંવર્ધનના હેતુથી તા. ૧૦થી ૧૩ એપ્રિલ, ૨૦૧૯ દરમિયાન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓના શિક્ષકોને વૈદિક ગણિતના નિષ્ણાત શ્રી રાજેશકુમાર ઠાકુર દ્વારા તાલીમ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૧ શિક્ષકોએ ભાગ લીધો હતો.

### શિક્ષણ માટે તાલીમ

ૐ સર્વ વિદ્યાલય સંકુલ, કડીમાં વિષયવસ્તુને પ્રવૃત્તિ દ્વારા કઈ રીતે રજૂ કરી શકાય તે વિષય પર એસ. જી. એસ. વી. શિવહરી પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમનું આયોજન તા. ૩થી ૬ જૂન, ૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યું હતું. માર્ગદર્શક તરીકે શ્રી અર્જુનભાઈ, શ્રી વિશાલભાઈ અને શ્રી અનુપમ દાસગુપ્તાએ સેવાઓ આપી હતી. આ અન્વયે શિક્ષકોને અલગ અલગ પ્રવૃત્તિઓ દ્વારા પાઠને કઈ રીતે રજૂ કરી શકાય તે વિશે શીખવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતિમદિને દરેક શિક્ષકે પ્રવૃત્તિ દ્વારા નિદર્શન પાઠ આપ્યો હતો.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૯, અંક : ૩, મે-જૂન, ૨૦૧૯, સળંગ અંક : ૫૧**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

# સંસ્થાગીત

સંસ્થા બને મહાન, સર્વ વિદ્યાલય બને મહાન
સબકી મંજીલ એક હૈ....

આ... હા... હા... એક હૈ
ઓ... હો... હો... એક હૈ
સંસ્થા બને મહાન...

કર ભલા હોગા ભલા
યે સૂત્ર હમારા નારા હૈ
છગનભા દાસકાકા કી
કર્મનિષ્ઠ માણેકલાલ કી
તપોભૂમિ કી શાન કો
રોશન કરની હૈ....
સંસ્થા બને મહાન...

શિક્ષા હી હમારી પૂંજી હૈ
તકનિકી હમારી રાહ હૈ
પૂર્વછાત્ર કી સહાય સે
માતૃરૂપ ઈસ સંસ્થા કો
આગે બઢાની હૈ...
સંસ્થા બને મહાન...

ઉન્નતિ હમારા ધ્યેય હૈ
જ્ઞાન હી હમારી પૂજા હૈ
શિસ્ત સે ચલતે હુએ
કર્મ કી ઈસ ગંગા કો
આગે બહાની હૈ...
સંસ્થા બને મહાન...

– ડૉ. સોમભાઈ સી. પટેલ

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 9, Issue No. 3 May-June 2019**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**




આર. એન. લલિતકલા એકેડેમીના મમતા સ્પોર્ટસ સેન્ટર અને ક્રિષ્ના એકેડેમી દ્વારા
તા. ૨૬-૫-૨૦૧૯ના રોજ આયોજિત નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું એક દ્રશ્ય.

